ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 15 • પ્રકરણ : 12 • સળંગ અંક : 180 • 26 માર્ચ 2010

‘યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી’

• વિપુલ કલ્યાણી

નવ કરશો કોઈ શોક - રસિકડાં, નવ કરશો કોઈ શોક. - ટેક.
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી. - રસિકડાં.
પ્રેમી અંશને રુદન આવશે, શઠ હરખાશે મનથી. - રસિકડાં.
મર્મ ન સમજે બકે શંખ શઠ, વાંકું ભણે બહુ પણથી. - રસિકડાં
એક પીડમાં બીજી ચ્હીડથી, જળશે જીવ અગનથી. - રસિકડાં.
હતો દુખિયો થયો સુખિયો, સમજો છૂટ્યો રણથી. - રસિકડાં.
મુઓ હું તમે પણ વળી મરશો, મુક્ત થશો જગતમથી. - રસિકડાં.
હરિકૃપાથી મમ લેખ ચિત્રથી, જીવતો છઉં હું દમથી. - રસિકડાં.
વીર સત્યને રસિક ટેકીપાણું, અરિ પણ ગાશે દિલથી. - રસિકડાં
જુદાઈ દુ:ખ તે નથી જ જવાનું, જાયે માત્ર મરણથી. - રસિકડાં
મરણ પ્રેમીને ખચિત મોડું છે, દુ:ખ વધે જ રુદનથી. - રસિકડાં
જગતનીમ છે જનન મરણનો, દૃઢ રહેજો હિંમતથી. - રસિકડાં
મને વિસારી રામ સમરજો, સુખી થશો તે લતથી. - રસિકડાં

– નર્મદાશંકર લાલશંકર દવે

•

એ રળિયામણી ઘડી હતી. તેને ય હવે પંદર વરસનાં વહાણાં વાયાં છે. આરંભ કર્યો ત્યારે સમાજસુધારક ને મહિલાઉત્કર્ષનાં પુરસ્કર્તા પંડિતા રમાબાઈની જન્મતિથિ પડતી હતી; અને આ સમેટીએ છીએ ત્યારે, વિશ્વવિખ્યાત અમેરિકી કવિ રૉબર્ટ ફ્રોસ્ટને સંભારવાનો યોગ છે. આ તારીખ તેમના જન્મની પડે છે, તેથીસ્તો. … કવિ આપણને સંભારી જ આપે છે :

હિમઝરમરરવ કશો બિછાવે !
વન આ ઊંડાં, સુંદર, શ્યામ :
પણ મારે કરવાનાં કામ.
જોજનનાં કૈં જોજન દૂર
નીંદર પહેલાં જવું જરૂર …
નીંદર પહેલાં જવું જરૂર !

‘કાવ્યપરિચય’માં, મૂળ અંગ્રેજી કાવ્યનો, સુરેશ દલાલ આવો સોજ્જો પદ્યાનુવાદ આપે છે.

હમણાં હમણાં, હિન્દીના એક મહાન કવિ હરિવંશ રાય ‘બચ્ચન’નું ઠીક ઠીક સ્મરણ થયા કર્યું છે. એ સતતપણે કહેતા : **मीट्टी का तन, मस्ती का मन, क्षणभर जीवन – मेरा परिचय ।**

‘બ્રિટિશ બ્રૉડકાસ્ટીંગ કૉર્પોરેશન’ના અભિલેખ સંગ્રહમાંથી, સન ૧૯૪૦માં લેવાયેલો આ ફોટો અહીં સાભાર પ્રસ્તુત છે.

વારુ, આ સંકેલા ટાંકણે, નર્મદ, ફ્રોસ્ટ, ‘બચ્ચન’ તો સાંભરે જ છે, પણ આટઆટલાં વરસ પછી, પાનખરે, મારા સરીખા લહિયાની હાલત પણ, ભલા, આ હાડપિંજર શી બનતી રહેવાની છે ! … ખરું કે નહીં ? … યોગાનુયોગ તો જુઓ, મારા સાહેબ, મારી વય જોડાજોડ તેને ય સંબંધ છે; તેનું શું કરવું ?!

આજ સુધીના ઢગલેઢગલા કાગળોએ “ઓપિનિયન” પ્રગટ થતું જ રહે તેની અજબગજબની દલીલો કરી છે. તે દરેકની લાગણીઓ માટે આદર છે; સૌ પ્રતિ માંહ્યલીકોર ઓશિંગણભાવ જ વહેતો અનુભવું છું. કંડારેલા કોઈક પ્રકારના ‘અમરધામ અભિમુખે’ મન, મસ્ત મગન, સભરસભર છે.

ગયા અંકમાં તેમ આ માર્ચ અંકમાં પણ, “નિરીક્ષક” તંત્રી પ્રકાશ ન. શાહના સાથમાં, એક પ્રકાશિત નિવેદન “ઓપિનિયન”ના પાનાં પર તમે જોયું જ હોય. અને કોઈ પણ કારણે તે ન જોવાયું હોય, તો જોઈવાંચી જવા સહૃદય અનુગ્રહ છે. એ ‘સવિનય’માંથી, આ બે ફકરાઓ અહીં ટાંકવાની રજા લઈએ :

‘આ સંજોગોમાં, એક અલાયદા પત્ર તરીકે “ઓપિનિયન”નો સંકેલો યથાવત્ રાખતે છતે એની મારફતે શરૂ થયેલી ડાયસ્પોરી યુગમથામણ કોઈક નવા રૂપે અને એની અદકેરી સંભાવનાઓ સાથે જારી રહે તે દૃષ્ટિએ “નિરીક્ષક”ના દરેક અંકમાં સહેજે એકતૃતીયાંશ સામગ્રી લંડનથી વિપુલ કલ્યાણી દ્વારા સંપાદિત થઈને મળતી રહે, તેવું ગોઠવવા ધાર્યું છે. આ અલબત્ત એક ચાલચલાઉ પહેલ અને તાત્પૂરતી ગોઠવણ છે.

‘આગળ ચાલતાં, “ઓપિનિયન” અને “નિરીક્ષક”નું આ જોડાણ કેવળ અંકગણિતનું (પાનાં ફાળવણીનું) ન રહેતાં સહજ ક્રમે આપણા ગ્રહ આખા પરના ગુજરાતીઓ વચ્ચે સતત, સક્રિય, સઘન આપલે થકી રાસાયણિક રૂપાંતર બની રહે એવી એક લાંબા ગાળાની ઉમેદ પણ છે. કદાચ, ઉમાશંકર જેમ પોતાને ગુજરાતીમાં લખતા ભારતીય કવિ તરીકે ઓળખાવતા તેમ આ વ્યાયામ લાંબે ગાળે, ગુજરાતીમાં વિશ્વનાગરિક તરેહની મથામણનો આંતરખંડીય આયામ પ્રગટાવી રહે એવી હોંશ (અને કોશિશ) નવી સહસ્રાબ્દીના પહેલા દસકાને છેડે વિપળવાર વહેલી પણ નથી.’

આમ, એક પા, વણઝારાની રઝળપાટના આ પંદરપંદર ચોમાસાં પછી, ઉઘાડ વર્તાય છે; તો બીજી પા, એક સ્થિતિમાંથી બીજીમાં પરિવર્તિત બનવાની કોઈક ઘડી જાણે કે ઉછળતી ન હોય, તેવું ઉપલક નજરે સહજ વર્તાય છે. માણસ સ્થિતિસ્થાપકતાથી ટેવાયેલો હોઈ, તેને બદલાવ રુચતો આવતો હોય, તેમ દેખાયું નથી. આથી સ્થિત્યંતરે ઉત્ક્રાંતિવાળો આ ઉઘાડ પણ તેને સહજ અજાણ્યો ય લાગે. વળી, આમાંથી કોઈક સમૃદ્ધિનો ઉછાળો સતત રહ્યા કરશે તેવી ય કોઈ આસ્થા બાંધી જાણી નથી. મસ્સમોટી આશાઓ જગવતાં જગવતાં અરમાનોના ડેરાતંબુ તાણવાની મુરાદ નથી. તેમ છતાં, મુખ્ય પ્રવાહ તરફનો આ ધોરી માર્ગ સાબિત થઈ શકે તેમ છે, તેમ અબીહાલ સમજાય છે. ઉપરાંત, આપણા વડીલ વિચારક મહેન્દ્ર મેઘાણીએ સાચ્ચેસાચ કહ્યા કર્યું છે તેમ, પોતાના વગવિચારના વ્યાપ તેમ જ વજન વધારવા, વિચારપત્રોએ સમવાયી

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઈન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૯મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

•

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]
Tel. : [+44] 020 - 8902 0993
e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ વીજળિક અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

તંત્રવ્યવસ્થામાં સામેલ થયા વગર પણ કોઈ ચારો નથી. આપણા પરિસરમાં, "નવનીત - સમર્પણ" આનો ઉમદા દાખલો છે. "નવનીત" અને "સમર્પણ" એ બે ગુજરાતી સામયિકોનું જોડાણ ઘણીબધી રીતે આપણા માટે અમર્યાદ ફાયદામંદ પૂરવાર થયું છે. તે ભણી "ઓપિનિયન"નું, સ્વાભાવિક, આ ફક્ત અર્ધ્યપાદ્ય આચમન જ છે. ઝવેરચંદ મેઘાણીનું એક કાવ્ય, આથીસ્તો, સાંભરે છે :

ઘટમાં ઘોડાં થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ :

અને પછી, 'તરુણોનું મનોરાજ્ય' નામે આ કવિતામાં, કવિ મેઘાણીભાઈ, છેવટે, કહી પાડે છે, તેમ, –

અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ,
સતની સીમો લોપવા, જોબન માંડે જાગ :
લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ – તળિયે જવું,
ઘૂમવાં દિગ્દિગંતો, શૂળી પર સૂવું :
આજ યૌવન ચહે એહ વિધ જીવવું.

વારુ, આ ઉપરાંત, "ઓપિનિયન"ના ઈન્ટરનેટી સામયિક - યાને કે 'ડિજિટલ અવતાર'નું વચન પણ પાર પાડવાનું છે. આ ઓરતાને ય સાકાર કરવા રહે છે ને ? અમારે માટે પણ આ એક નવો અનુભવ હશે; નવી જ જવાબદારી હશે.

"નિરીક્ષક"ના પ્રથમ (૧૫.૦૮.૧૯૬૮) અંકમાં, ઉમાશંકર જોશીએ લખેલો અગ્રલેખ, 'ચાલો આપણે સાથે વિચારીએ' આ અંકમાં અન્યત્ર સમાવિષ્ટ છે. તે લેખના આ બે ફકરાઓ વિચારપત્રોને માટે નીતિબોધ સમાન છે :

'વિચારપત્રનો અર્થ એ નથી કે વિચાર કરવાનું બધું કામ એ વર્તમાનપત્રે કરી દેવાનું રહે. ના, ના, વિચારપત્ર સાચું વિચારપત્ર તો ત્યારે જ બને જયારે એ વાચકોને પોતાને વિચાર કરવાની ટેવ પાડે. વિચાર કરવાની ટેવ કેળવવા માટે પહેલાં તો નિરીક્ષણ કરવાની જરૂર છે. આપણી આંખ આગળ નાક તળે ઘણુંએ બનતું હોય છે, પણ એ બધું આપણે જોઈએ છીએ ખરા? ઘણું બધું વણજોયું રહી જાય છે. પૂર્વગ્રહની પણ એક અંધતા છે. આજે વર્તમાનપત્રો નરી હકીકતો આપતાં નથી. આજના પત્રકારને હકીકત પાછળ કિસ્સા (સ્ટોરી) જેવું કંઈક જણાય ત્યારે જ એની નોંધ કરવા પ્રેરાય છે. જરીક રંગીને કિસ્સા રૂપે એ હકીકતોને રજૂ કરે છે. કિસ્સાઓની પાછળ હકીકતો સંતાકૂકડી રમતી હોય છે. એક કરતાં વધુ છાપાં વાંચીએ ત્યારે હકીકતોનો સગડ હાથમાં આવે.

'આપણા સમયમાં બનતા બનાવો અંગેની હકીકતો પ્રત્યે આદર રાખીને કોઈ ક્ષાતીત (ખ્યાતિપ્રાપ્ત ?- વિ.ક.) વ્યકિતઓ તેમને વિશે વાત કરે એ અત્યંત જરૂરી છે. કેળવાયેલી નજરે જોતાં પોતાને જે હકીકતો લાગી હોય તે અંગેના પ્રતિભાવો કોઈ બોલ્યે જતું હોય અને આપણે એ સાંભળી જતા હોઈએ એવું બને તો ઉત્તમ. પછી આપણે આપણા ખ્યાલોનો એ ખ્યાલો સાથે તાળો મેળવીએ. એ ખ્યાલો સાથે સહમત હોવું બિલકુલ જરૂરી નથી, આપણને એક શુદ્ધ વિશિષ્ટ અભિપ્રાય જાણવા મળ્યો એ લાભ છે. આપણે આપણો પોતાનો અભિપ્રાય વ્યવસ્થિત કરવામાં એટલી મદદ પામ્યા એ બસ છે.'

વારુ, આ સંકેલો જરૂર છે, પરંતુ તે લગીર અંત નથી; બીજો આરંભ છે. કદાચ, સ્થિત્યંતર છે. કેમ કે, રૉબર્ટ ફ્રૉસ્ટની પેલી કાવ્યપંક્તિઓની જેમ, 'નીંદર પહેલાં જોજનનાં કૈં જોજન દૂર, જવાનું જરૂર છે … પણ મારે કરવાનાં કામ' અનેક બાકી છે. આને તો, દોસ્ત મારા, વણઝારાની રઝળપાટનો, સ્વાભાવિક, એક વધુ પડાવ જાણવો.

'સવિનય' નામે પેલા નિવેદનની, આ પહેલાં, આપણે સુપેરે વાત કરતા જ હતા. બન્ને તંત્રીઓએ તેમાં 'ગુજરાતીમાં વિશ્વનાગરિક તરેહની મથામણનો આંતરખંડીય આયામ' પ્રગટાવવાની વાત છેડી છે. અને આ સીધી, સરળ, સપાટ કેડી છે જ નહીં. નેજવું માંડીને જોઈએ છીએ તો સામે કાંટાળો જ માર્ગ દેખા દે છે. ગુલાલ ઉડાડી શકાય તેવી તેવી કમાલ, કદાચ, એક માત્ર, આ ક્ષેત્રે જ કરવાની છે. આ સાંપ્રત વિશ્વમાં, લોકશાહીને નામે એકમેકની સરસાઈ કરતાં આડેધડ મુલકોમાં, બેધડક, શાસનનો અંકુશ મજબૂત બનતો રહ્યો છે, નાગરિકોને નામે, ખુદ આમ આદમીને જ વિશેષ જકડાવાનું, સંતાપવાનું, ભીંસાવાનું બનતું ચાલ્યું છે. મુલકી અધિકારો, માનવીય અધિકારો પરનો અંકુશ વળી, નાગચૂડ શો મજબૂત બનતો જાય છે. આ આખી વરવી પરિસ્થિતિ લોકશાહીના પાયામાં પલીતો ચાંપે છે. અને, આ બધું, લોકશાહીને નામે, આ મુલકમાં તેમ ગુજરાતના પરિસરમાં પણ, દિવસે દિવસે સ્પષ્ટ ઉપસતું ચિત્ર છે. લેખકમિત્ર મોઈનુદ્દીન મણિયારે, હાલમાં, લોકશાહીને નામે સંસદગૃહોમાં ચાલતા હોંશાતોંશીભર્યા રાજકીય નાટકોના, સિલિસલાબંધ, ફોટાઓ મોકલી આપ્યા છે. સંસદગૃહોમાં સાંસદો જે રીતે વર્તતાં તેમાં જોવાં મળે છે, તેથી લોકશાહીનાં ભવિષ્યની કોઈ મજબૂત આશા પેદા થતી લાગતી નથી. મૂળે આપણી વરવી લોકશાહી અને હુંપદી સભ્યતાની ચાડી ખાતી એ તસ્વીરો છે. લોકશાહીનો તાસીરો અને કહેવાતી સભ્યતાનું વરવું પ્રદર્શન જ, અહીં, જોવા મળ્યું છે. સૌજન્યની, વિવેકની ખામી જ ખામી જોઈ લો. લોકોનાં, લોકો માટે તેમ જ લોકો દ્વારા ચૂંટાયેલાં પ્રતિનિધિઓ જો આમ વર્તતાં હોય, તો સંસદીય લોકશાહી વાટે દેશનુ કેવું ભલું, ભલા, તે લોકો કરવાના ? લેખકમિત્ર રોહિત બારોટ ઠીક જ કહે છે : અહીં ચિત્રો વાટે તો સત્તા અને અંકુશ માટેની તીવ્રતા ઘટ્ટ બનતી જોવાની થાય છે.

ત્યારે વિચારપત્રોની જવાબદારી વિશેષપણે વધી જ જાય છે. શાસકો, કોરપોરેટ સેક્ટરના પૂંજીપતિઓ, સાધુ-સંતો-મુલ્લા-પાદરીઓની જમાત અને તેમનાં ધર્મસ્થાનકો, ગુનાખોરો, આતંકવાદીઓ વચ્ચે કોઈક અભેદ્ય સાંઠગાંઠ હોય તેમ અનુભવે સમજાય છે. આમ, દેખીતું નાગરિકની જ સૌ પ્રથમ

રંજાડ થાય છે. સાંપ્રત ગુજરાતમાં પણ, અબીહાલ, આવું જ સમીકરણ હોય તેમ સમજાય છે. ત્યારે વિચારપત્ર શાંત રહી જ ન શકે. કાન્તિભાઈ શાહે માર્ગારેટ મીડને ટાંકતાં ઠીક જ લખ્યું છે, તેમ, 'વિચારવાન ને સમર્પિત માણસોની એક નાનકડી બિરાદરી દુનિયાને પલટી નાખી શકશે, એ વિશે કદીયે શંકા સેવશો નહીં. ખરેખર તો, દુનિયાને જો કોઈ પલટી નાખી શકશે, તો એક માત્ર તેઓ જ તેમ કરી શકશે.'

આ તો બહુ જ મોટું કર્મ-ક્ષેત્ર છે. તે કુરુક્ષેત્ર ય બની શકે છે ! તદુપરાંત, ગુજરાતી ડાયસ્પોરાના ય અલગ અને ભાતીગળ કેટકેટલાં પાસાંઓ છે – વસાહતના, વારસાના, ઇતિહાસના, ભાષાના, સાહિત્યના, વેપારવણજના, સંગઠનના. પ્રાપ્તિના, ઇત્યાદિ, ઇત્યાદિ. આજ લગી, એ ક્ષેત્રે સૂઝ અનુસાર મહાસાગર ખૂંદ્યો જ છે. "ઓપિનયન", 'ગુજરાતી સાહિત્ય અકાદમી' તેમ જ એક આદમીએ હરણફાળ ભરી ભરી જ છે અને સુપેરે અદ્વિતીય કામો કર્યાં છે. પેલા 'સવિનય'માં, બન્ને તંત્રીઓ કહે જ છે : 'એની મારફતે શરૂ થયેલી ડાયસ્પોરી યુગમથામણ કોઈક નવા રૂપે અને એની અદકેરી સંભાવનાઓ સાથે જારી રહે તે દૃષ્ટિએ "નિરીક્ષક"ના દરેક અંકમાં સહેજે એકતૃતીયાંશ સામગ્રી લંડનથી વિપુલ કલ્યાણી દ્વારા સંપાદિત થઈને મળતી રહે, તેવું ગોઠવવા ધાર્યું છે.' અને આથીસ્તો, ભક્ત ધ્રુવની જેમ અમે ય વદીએ છીએ : योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां संखीवयति। – (અંતઃકરણમાં પ્રવેશીને મારી સૂતેલી વાણીને જે જાગ્રત કરે છે, તે પરમ પુરુષને હું પ્રણામ કરું છું.) અમે ય આવી નરવી વાકશક્તિનું વરદાન ફરી ફરી વાંચ્છીએ છીએ.

ગયા અંકમાં, મિત્ર ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રીએ શ્રેણીબંધ સવાલો ખલીતે જોગવી આપ્યા છે. વડીલ મિત્ર પ્રત્યે સહૃદય ઓશિંગણભાવ જ વ્યક્ત કરીએ. કેટલાક સવાલો કોયડારૂપ છે, કેટલાકના, વળી, અહીં જવાબ સાંપડે તેમ છે, જ્યારે આ પંદર પંદર વરસોના પટમાં થયેલા વિવિધ પ્રકારના અનુભવોની વાત કરવી ગમે, પણ અહીં આજે ફેર દોહરાવાનું નામુનાસિબ માની ટાળવાનો સહજ મનસૂબો ય છે. તેમાંના ઘણા સવાલોના જવાબો, જો કે આ દોઢ દાયકાના પ્રવાસમાં, કોઈ કોઈ અંકમાં જોવાના મળી જ આવે છે. ક્ષમસ્વ:. તંત્રી માટે

સવિનય

૧૬ જૂન ૨૦૦૯ પછી "નિરીક્ષક" છાપીને રવાના કરવાનું બન્યું નહીં; અને રજિસ્ટ્રેશનનો પ્રશ્ન ઊકલતાં ૧ જાન્યુઆરી ૨૦૧૦થી પૂર્વવત્ મુદ્રણ તેમ જ રવાનગી શક્ય બન્યાં તે સાથે વિશાળ વાચક વર્ગ તરફથી વિધાયક પ્રતિસાદ મળતો રહ્યો છે. જો કે સહેજે છ મહિના જેટલા આ વિરામ વચ્ચે "નિરીક્ષક"-તંત્રીના મનમાં સામયિકની કામગીરી અને ભૂમિકાને લઈને સ્વાભાવિક જ વિચારસત્ર ચાલતું રહ્યું છે.

પૉસ્ટિંગનો પ્રશ્ન ઊભો થયો ત્યારે "નિરીક્ષક"-તંત્રી, "ઓપિનિયન"-તંત્રી સાથે દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા તેમ જ યુનાઇટેડ કિંગ્ડમના પ્રવાસે હતા. જોગાનુજોગ, "ઓપિનિયન"-તંત્રી પણ ત્યારે કંઈક આ જ પ્રકારના વિચારચક્રમાંથી પસાર થઈ રહ્યા હતા; કેમ કે "ઓપિનિયન" નિયમિત પ્રકાશિત અને રવાના તો થઈ રહ્યું હતું, પણ આ સામયિકને સંકેલવાની પૂર્વનિર્ધારિત તારીખ એક એક અંક સાથે નજીક આવી રહી હતી. હકીકતે, બાકી કે નવાં લવાજમ શેષ અંકજુમલાને ધોરણે જ સ્વીકારવાનો સિલસિલો ચાલુ થઈ ગયો હતો. અને હવે માર્ચ ઊતરતે ફિન્ચલી (લંડન) ખાતે વિધિવત્ સંકેલો ઉજવાઈ પણ ગયો હશે.

પણ વાત આપણે "ઓપિનિયન"-તંત્રી જે વિચારચક્રમાંથી પસાર થઈ રહયા હતા એની કરતા હતા. વાચકોના લિખિત અને મૌખિક પ્રતિભાવો "ઓપિનિયન" ચાલુ રાખવાની આગ્રહી હિમાયતના આવી રહ્યા હતા, અને બીજી પાસ સંકેલો શરૂ થઈ ચૂક્યો હતો. બંને તંત્રીઓ માટે, આ ભૌગોલિક એટલા જ વૈચારિક સહપ્રવાસ દરમ્યાન વાચકો તરફથી તેમ જ નાનાંમોટાં સભા-આયોજનો કે અનૌપચારિક ગોષ્ઠીબેઠકોમાં એક આહ્લાદક અને આશ્ચર્યજનક અનુભવ એ હતો કે ખાસ કોઈ મોટા ફેલાવા વગરનાં આ બંને પત્રોથી વંચિત રહેવાના ખયાલે ઠીક ઠીક લોકોએ કશુંક ઊણુંઅલૂણું લાગવાનો પ્રતિભાવ આપ્યો હતો. બને કે કાલીઘેલી પણ નિસબતથી ચાલતી કામગીરી –(જેની કચાશ ને કમજોરી તો તંત્રીથી વધુ બીજું કોણ જાણતું હોય) – વિશે વાચક પરિવારમાં રહેલ લગાવ અને કદરબૂજ આ રીતે વ્યક્ત થવા કરતાં હોય.

આ સંજોગોમાં, એક અલાયદા પત્ર તરીકે "ઓપિનિયન"નો સંકેલો યથાવત્ રાખતે છતે એની મારફતે શરૂ થયેલી ડાયસ્પોરી યુગમથામણ કોઈક નવા રૂપે અને એની અદકેરી સંભાવનાઓ સાથે જારી રહે તે દૃષ્ટિએ "નિરીક્ષક"ના દરેક અંકમાં સહેજે એકતૃતીયાંશ સામગ્રી લંડનથી વિપુલ કલ્યાણી દ્વારા સંપાદિત થઈને મળતી રહે, તેવું ગોઠવવા ધાર્યું છે. આ અલબત્ત એક ચાલચલાઉ પહેલ અને તાત્પૂરતી ગોઠવણ છે.

આગળ ચાલતાં, "ઓપિનિયન" અને "નિરીક્ષક"નું આ જોડાણ કેવળ અંકગણિતનું (પાનાં ફાળવણીનું) ન રહેતાં સહજ ક્રમે આપણા ગ્રહ આખા પરના ગુજરાતીઓ વચ્ચે સતત, સક્રિય, સઘન આપલે થકી રાસાયણિક રૂપાંતર બની રહે એવી એક લાંબા ગાળાની ઉમેદ પણ છે. કદાચ, ઉમાશંકર જેમ પોતાને ગુજરાતીમાં લખતા ભારતીય કવિ તરીકે ઓળખાવતા તેમ આ વ્યાયામ લાંબે ગાળે, ગુજરાતીમાં વિશ્વનાગરિક તરેહની મથામણનો આંતરખંડીય આયામ પ્રગટાવી રહે એવી હોંશ (અને કોશિશ) નવી સહસ્રાબ્દીના પહેલા દસકાને છેડે વિપળવાર વહેલી પણ નથી.

"ઓપિનિયન"નો છેલ્લો મુદ્રિત અંક માર્ચ ૨૦૧૦નો થશે; અને આ નવી વ્યવસ્થા, નવું "નિરીક્ષક" ૧૬ એપ્રિલ ૨૦૧૦થી અમલમાં આવશે.

પ્રકાશ ન. શાહ, વિપુલ કલ્યાણી

•

"નિરીક્ષક"નો નવો લવાજમ દર :-

વહીવટી ખર્ચ, મુદ્દણ ખર્ચ, ટપાલ ખર્ચ જે રીતે બેહદ વધતા ચાલ્યા છે, તે જોતાં વિદેશના ગ્રાહકો માટે "નિરીક્ષક"ના વાર્ષિક તથા આજીવન લવાજમનો દર નવેસરથી વિચારવાનો આવ્યો છે, તેમ જણાવાયું છે. હવેથી નીચે મુજબનો તે રહેશે :

યુનાઈટેડ કિંગ્ડમ માટે વાર્ષિક લવાજમ - £40 : આજીવન લવાજમ - £500.

યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકા માટે વાર્ષિક લવાજમ - $60 : આજીવન લવાજમ - $750.

લવાજમ માટેના ચેક, ડ્રાફ્ટ, વગેરે Nirikshak Foundation ('નિરીક્ષક ફાઉન્ડેશન')ના નામે લખવો. પત્રવ્યવહાર આ સરનામે જ કરવો :

સુમનબહેન નીતિનભાઈ શાહ

Shardul Printing Press, Basement, Rambha Complex, opp. Gujarat Vidyapeeth, Asharm Road, Income Tax, AHMEDABAD - 380 014, India.
Tel. : 00 - 91 - 79 - 3000 1306 • e.mail : shardul_press@rediffmail.com

ચાલો આપણે સાથે વિચારીએ

• ઉમાશંકર જોશી

દેશની સ્વાતંત્ર્ય લડત ચાલતી હતી ત્યારે શબ્દનો પણ એમાં કેવડો મોટો ફાળો હતો ! તેજસ્વી પત્રકારોની એક આખી હરોળ ઊભી થઈ હતી. પત્રકારનો શબ્દ એ વખતે જાગ્રત, તોળેલો, પ્રાણવંત અને લક્ષ્યવેધી હતો.

સ્વાતંત્ર્ય મળ્યા પછી ? મહાન પત્રકાર રામાનંદ ચેટરજીનું "મૉડર્ન રિવ્યૂ" - જેની દર મહિનાની પહેલીએ વાઈસરોય તેમ જ મહાત્મા ગાંધી ઈંતેજારી કરતા - એના જેવાં સામયિક આપણી એકે એક મહાન દેશભાષામાં નીકળવાં જોઈતાં હતાં. રામાનંદ બાબુ દર મહિને અનેક વિષયો પર નોંધો આપતા, કેટલાંક સાપ્તાહિકો પણ ચાલુ બનાવોની સમાલોચના કરતાં. કહેવાય છે કે આપણા મુંબઈના "ગુજરાતી" સાપ્તાહિકમાં મુંબઈના સર ફિરોઝશાહ મહેતા કોઈ કોઈ વાર અંગ્રેજીમાં નોંધો લખતા. પ્રજાને બની રહેલી ઘટનાઓને સમજવામાં મદદ મળતી. આજે દેશ આખા વિશે વિચાર કરતી હોય એવી કેટલી વ્યકિતઓ પ્રજા સાથે આ રીતે વાત કરતી જોવા મળે છે?



આજના યંત્રોદ્યોગી જમાનામાં પત્રકારત્વ એક વેપાર-ઉદ્યોગની રીતે ઘણું ખરું ચલાવવું રહે છે. એવે વખતે તે તપાસવું જોઈએ કે મુખ્યત્વે વાચકોના ટેકાથી ચાલી શકે એવું વિચારપત્ર પ્રગટ કરી શકાય કે કેમ. વિચારપત્રોની જરૂર આજે છે એવી કદાચ કયારે ય નહીં હોય.

વિચારપત્રનો અર્થ એ નથી કે વિચાર કરવાનું બધું કામ એ વર્તમાનપત્રે કરી દેવાનું રહે. ના, ના, વિચારપત્ર સાચું વિચારપત્ર તો ત્યારે જ બને જયારે એ વાચકોને પોતાને વિચાર કરવાની ટેવ પાડે. વિચાર કરવાની ટેવ કેળવવા માટે પહેલાં તો નિરીક્ષણ કરવાની જરૂર છે. આપણી આંખ આગળ નાક તળે ઘણુંએ બનતું હોય છે, પણ એ બધું આપણે જોઈએ છીએ ખરા? ઘણું બધું વણજોયું રહી જાય છે. પૂર્વગ્રહની પણ એક અંધતા છે. આજે વર્તમાનપત્રો નરી હકીકતો આપતાં નથી. આજના પત્રકારને હકીકત પાછળ કિસ્સા (સ્ટોરી) જેવું કંઈક જણાય ત્યારે જ એની નોંધ કરવા પ્રેરાય છે. જરીક રંગીને કિસ્સા રૂપે એ હકીકતોને રજૂ કરે છે. કિસ્સાઓની પાછળ હકીકતો સંતાકૂકડી રમતી હોય છે. એક કરતાં વધુ છાપાં વાંચીએ ત્યારે હકીકતોનો સગડ હાથમાં આવે.

આપણા સમયમાં બનતા બનાવો અંગેની હકીકતો પ્રત્યે આદર રાખીને કોઈ ક્ષાતીત (ખ્યાતિપ્રાપ્ત ?) વ્યકિતઓ તેમને વિશે વાત કરે એ અત્યંત જરૂરી છે. કેળવાયેલી નજરે જોતાં પોતાને જે હકીકતો લાગી હોય તે અંગેના પ્રતિભાવો કોઈ બોલ્યે જતું હોય અને આપણે એ સાંભળી જતા હોઈએ એવું બને તો ઉત્તમ. પછી આપણે આપણા ખ્યાલોનો એ ખ્યાલો સાથે તાળો મેળવીએ. એ ખ્યાલો સાથે સહમત હોવું બિલકુલ જરૂરી નથી, આપણને એક શુદ્ધ વિશિષ્ટ અભિપ્રાય જાણવા મળ્યો એ લાભ છે. આપણે આપણો પોતાનો અભિપ્રાય વ્યવસ્થિત કરવામાં એટલી મદદ પામ્યા એ બસ છે.

આજે જગતની પ્રજાઓનાં લટિયાં એકમેકથી ગૂંથાયેલા છે. રશિયા પાકિસ્તાનને શસ્ત્રો આપે એટલે હિંદ તો ચિંતાતુર થાય જ, પણ અમેરિકાને અને ચીનને પણ વિચારમાં પડવાનું આવે. ચેકોસ્લોવાકિયામાં બીજું હંગેરી કરતાં રશિયાને કોણે રોકયું? અન્ય પ્રજાઓના અભિપ્રાયે? રશિયાની નવાં એંધાણ પારખનારી નેતાગીરીએ? આવા જાગતિક સવાલો પર આપણી નજર રહેવી જોઈશે જ, પણ ઘરઆંગણે હિંદની જે વિકટ સમસ્યાઓ છે તેની ઉપર આપણું ધ્યાન સવિશેષ કેન્દ્રિત થવું જોઈએ. ગુજરાતના નાના મોટા પ્રશ્નો નરવી રીતે સમજવા મથવું એ તો સૌથી મહત્ત્વનું છે. દુનિયાના પરિચય દ્વારા માણસે જાતપરિચય પામવાનો છે. દુનિયાની ઘટનાઓની ઓળખ દ્વારા ગુજરાતમાં બનતી ઘટનાઓની ઓળખ વધુ સ્વચ્છ, વધુ સુરેખ કરવાની છે, જયાં ઊભા છીએ ત્યાં કામે કરવાની શકિત વધુ ધારદાર બનાવવાની છે.

રાષ્ટ્રસંઘના પ્રથમ મંત્રી દાગ હેમરશુલ્ડે કહ્યું છે તેમ 'આપણા જમાનામાં પવિત્ર જીવનનો માર્ગ અવશ્યપણે કર્મની સૃષ્ટિમાંથી જ પસાર થાય છે.' ફરજનો બોજ ફગાવી દઈને નહીં પણ એ ઉમંગભેર ઉઠાવીને જ માણસ હળવોફૂલ ફરી શકે. આમ માનનારા સૌએ એકમેકને શોધતા-કહેતા રહેવું જોઈએ : ચાલો આપણે સાથે વિચારીએ - सहचिन्तनम् करवावहै।

("નિરીક્ષક"ના પ્રથમ અંક (૧૫-૮-૧૯૬૮)નો અગ્રલેખ)

(સદ્‌ભાવ : "નિરીક્ષક", ૧ જાન્યુઆરી ૨૦૧૦)

આપવીતીની, અથથી ઈતિ, વાતો કરવાનું આ સૂચન બહુ વિવેકભર્યું લાગતું નથી. એ ક્યાંક અહમ્‌લક્ષી ય બની જાય. માટે એ કામ કોઈ અભ્યાસી, કોઈ વિવેચક કે કોઈ ઈતિહાસકાર કરે તેમ રાખીએ.

દરમિયાન, મારી જપમાળામાં, મણકેમણકે, આ વીસવીસ સંગાથીઓ અંતરમનમાં ઓળઘોળ થઈ જવાય તેવાં હૂંફાળાં નામો છે – શશીબહેન અને રમણભાઈ ડી. પટેલ, હરિતભાઈ ત્રિવેદી, નાગેશભાઈ ઓડેદરા, મનુભાઈ માધવાણી, કપૂરચંદભાઈ ચંદરિયા, વલ્લભભાઈ નાંઢા, હીરાલક્ષ્મીબહેન અને ગિરધરભાઈ સુદ્રા, કંચનબહેન મજેવડિયા, મોહનભાઈ વાઢેર, જય કાન્ત, ઘનશ્યામભાઈ ન. પટેલ, વિજ્યાબહેન અને લાલજીભાઈ ભંડેરી, પ્રભાવતીબહેન ર. જીવણ, કાન્તિભાઈ એલ. વડગામા, પ્રવીણાબહેન અને રતિલાલભાઈ કાથરાણી, વાસંતીબહેન હ. જોશી, ચંદુભાઈ મટાણી, કુસુમબહેન અને વિનોદભાઈ શાહ, મોહનલાલ કે. વારંભિયા તેમ જ મહેશભાઈ સી. કવિ. આ જાતરામાં આ દરેક સતત મારી અડખેપડખે રહ્યાં. એથી તો પ્રવાસનો થાક લગીર વર્તાયો જ નથી.

આ ઉપક્રમ હેમખેમ પાર પડે તેને સારુ, વળી, રતિલાલભાઈ પી. ચંદરિયા, પ્રભુદાસભાઈ રૂ. માણેક, સુધીરભાઈ જટાણિયા, હસમુખભાઈ શાહ, નટુભાઈ ચતુરભાઈ પટેલ, શાન્તૂભાઈ રૂપારેલ, ઘનશ્યામભાઈ ન. પટેલ, ઊર્મિલાબહેન ને બાબુભાઈ આર. પટેલ, 'જિગર' નબીપુરી, વલ્લભભાઈ નાંઢા સરીખા વડીલોએ, લાજ ઢાંકવાને સારુ, દ્રૌપદીને ચીર પૂરવા સરખું નકશીદાર કામ કરેલું છે. અને તેથીસ્તો, આ રઝળપાટ હળવીફૂલ બની.

"ઓપિનિયન"નો મહિમા કરવા મધમીઠા ભેરુઓ જયન્ત પંડ્યા, પ્રકાશ ન. શાહ, મંગુભાઈ પટેલ, દીપક બારડોલીકર, બળવંત નાયક, હરનિશ જાની, ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી સરીખા લેખકોએ પાછું વળીને જોયું નથી. આજનો આ રસકસ એમના સભરસભર ટેકાને આભારી છે.

ઉમાશંકર જોશી પરંપરામાં, દરેક ગ્રાહકનું સ્મરણ કરી શકાય તે સમજી, પોતાના હસ્તાક્ષરોમાં, વરસો સુધી, નામસરનામાં લખતાં જીવનસખી કુંજ, જેનો સમય છીનવાયો છે તે દીકરી કુન્તલ, અને બાબાપુજી, ઉપરાંત સાળાવેલી ને સાળા, ભારતી-ભરત પારેખનાં તેમ જ દોસ્ત, રમણભાઈ પટેલનાં સાતત્યભર્યા હૂંફટેકા સુધ્ધાંને ય વિસારાય જ નહીં.

બીજી પાસ, આ યાત્રા વચ્ચે, શાન્તશીલા ગજ્જર, દિનેશ દવે, જશભાઈ ઈ. પટેલ, પંકજ કે. જોશી, પોપટલાલ જરીવાળા, પ્રાણલાલ શેઠ, વિનય કવિ, હીરજી ધરમશી શાહ શાં સાથીસહોદરો મોટી જાતરાનાં પ્રવાસી બની ગયાં; એ ખાલીપો જીરવવો દોહ્યલો બની બેઠો છે. ક્યારેક વસમું ય લાગે છે. … ખેર !

હા–શ ! … હવે હાઉં થયું ! … … આપણે તો, બસ, ટૂંકામાં, આગળ કહ્યું તેમ, હવે પછી પણ, જવાબદારીઓ નિભાવતાં નિભાવતાં ગમતાનો જ ગુલાલ કરવો છે. કવિ મનિષી મકરન્દ દવેએ ગાયું જ છે ને :

અમે તો જઈશું અહીંથી, પણ આ અમે ઉડાડ્યો ગુલાલ રહેશે.
ખબર નથી શું કરી ગયાં, પણ કરી ગયાં એ કમાલ રહેશે.

(વેમ્બલી, ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૦)

સુખની ચાદર નીચે સંતાયેલી ગરીબી

• સનત મહેતા

આપણે ત્યાં ગરીબીના એકથી વધુ માપદંડ રખાયા છે. આયોજન પંચના હિસાબે દેશમાં ૫.૯૧ કરોડ કુટુંબો ગરીબીની રેખા નીચે જીવે છે. કેન્દ્રીય ગ્રામવિકાસ મંત્રાલયનો અંદાજ ૧૧ કરોડ કુટુંબોનો છે. એક અંદાજ મુજબ દેશની ૫૪ કરોડ વસ્તી બીપીએલ કાર્ડ પર નભે છે. ગુજરાતમાં ૨૦૦૫માં ૨૩.૩૦ લાખ કુટુંબો ગરીબી રેખા નીચે હતા જે ૨૦૦૯માં ૨૯.૩૭ લાખ થયા : શું ચાર વર્ષમાં વધુ છ લાખ કુટુંબો ગરીબી રેખા નીચે ધકેલાયા?



બારમી ફેબ્રુઆરી ૨૦૧૦ - પૂ. રવિશંકર મહારાજના જન્મદિને ગુજરાતના સ્વર્ણિમ સંકલ્પ રથને લીલીઝંડી અપાઈ. એ પ્રસંગે જાહેર થયું કે સ્વર્ણિમ રથો ગુજરાતના પ્રત્યેક ગામે સંકલ્પ માટે ફરી વળશે. વિચાર સારો પણ આ સ્વર્ણિમ રથના વાહકો કે સંકલ્પ લેનારા શાના સંકલ્પ લેશે? ગુજરાતના બે આગેવાનો આ પ્રસંગે યાદ કરાયા છે - એક મહાગુજરાતની રચના માટે ગુજરાતની જનતાને જગાડનાર અને જોતરનાર ઇન્દુચાચા, બીજા પહેલી મે-૧૯૬૦ના દિવસે રાજ્યની રચનાની પળે પહેલો સંકલ્પ લેવડાવનાર રવિશંકર મહારાજ.

બંનેના પંથ અલગ હતા પણ બંને જીવનભર ગરીબી અને અન્યાય સામે લડતા રહ્યા. એટલે સ્વાભાવિક જ ગુજરાતમાં ગરીબીનો બને એટલો જલદી અંત આવે એ ઇચ્છા જન્મે. પછી એવો વિચાર જરૂર આવે કે ગુજરાત માનવ વિકાસમાં પાછળ રહી ગયું છે એ કેરળથી આગળ જાય. એટલે પહેલાં ગરીબીના લેખાંજોખાં લઈએ.

વૈશ્વીક મંદીએ સર્જેલી ઊથલપાથલ બાદ માનવીય વિકાસ વગરનો વિકાસ એ સાચો વિકાસ નથી એમ ઓબામાને વારંવાર કહેવું પડે છે. આર્થિક વૃદ્ધિ અને વિકાસ બે અલગ છે. ગુજરાત જેવા સમૃદ્ધ રાજ્યમાં હજુ આનો પૂરો સાક્ષાત્કાર થયો નથી. વ્યાપક અર્થમાં એ ભારતને પણ લાગુ પડે છે. ગરીબીના આપણે ત્યાં એકથી વધુ માપદંડ રખાયા છે. આયોજન પંચના હિસાબે ભારતમાં ૫.૯૧ એટલે લગભગ છ કરોડ કુટુંબો ગરીબીની રેખા નીચે જીવે છે.



સાંપ્રત ગુજરાતનો એક નરવો ટકોરાબંધ અવાજ ગુજરાતના પૂર્વ નાણા પ્રધાન સનત મહેતા

ભારતના ગ્રામવિકાસ મંત્રાલયે આ માટે ૨૦૦૯માં નીમેલી સકસેના સમિતિનો અંદાજ લગભગ અગિયાર કરોડ કુટુંબોનો છે. આ પહેલાં ૨૦૦૭માં અર્જુનસેન ગુપ્તાએ એવો અહેવાલ આપ્યો છે કે ભારતની ૭૭ ટકા વસ્તી રોજના માંડ વીસ રૂપિયાની આવક ધરાવે છે. દેશના બધાં રાજ્યોએ કુલ ૧૦.૮૬ કરોડ બીપીએલ કાર્ડ જારી કર્યા છે. સરેરાશ પાંચ વ્યકિતનું કુટુંબ ગણીએ તો ભારતની ચોપન કરોડ વસ્તી બીપીએલ કાર્ડ પર નભે છે.

ગુજરાતની વાત કરીએ તો માહિતીના અધિકાર નીચે બીપીએલની ૨૦૦૫માં મંગાયેલી માહિતીના જવાબમાં રાજ્ય સરકારે જે જિલ્લાવાર માહિતી આપેલી એ મુજબ ગુજરાતમાં ૨૩.૩૦ લાખ કુટુંબો ગરીબીની રેખા નીચે જણાવાયેલાં. રાજ્ય વિધાનસભામાં ૨૦૦૯માં અપાયેલી માહિતી પ્રમાણે કુલ ૨૯.૩૭ લાખ ગરીબીની રેખા નીચેનાં કુટુંબો છે. તો સવાલ એ ઊભો થાય છે કે શું ચાર વર્ષમાં ગુજરાતમાં વધુ છ લાખ કુટુંબો ગરીબીની રેખા નીચે ધકેલાયા? આમ હોય તો એ સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં આર્થિક વૃદ્ધિની ટકાવારી ઊંચી છે પણ એ વૃદ્ધિ માનવ વિકાસમાં પરિણમતી નથી.

ગુજરાતની આપણી સામાન્ય ભૂગોળ કરતાં ગરીબીની ભૂગોળ સાવ જુદી છે. ગરીબીના તાલુકા અને જિલ્લા પણ જુદા છે. દા. ત. વધુ ગરીબી ધરાવતા ગુજરાતના સાઠ તાલુકાના મોટા ભાગના તાલુકા આઠ જિલ્લામાં છે. આમાં દાહોદ, પંચમહાલ, બનાસકાંઠા, ભરૂચ અને નર્મદા છે. જયારે બીજા છે અમદાવાદ, સુરેન્દ્રનગર, વડોદરા અને ખેડા. ગુજરાતની પૂર્વપટ્ટી જયાં મોટા ભાગના આદિવાસીઓ વસે છે એને બાદ કરીએ- કારણ આ તો દેખીતા જ ગરીબ છે, પણ આ સવિાયના જિલ્લા જયાં બીપીએલ કુટુંબો મોટી સંખ્યામાં છે એની યાદીમાં ખેડા ૫૪.૫૪ ટકા સાથે મોખરે છે એ પછી બનાસકાંઠા ૪૫.૫૨ ટકા સાથે આવે છે.

ગરીબીની ભૂગોળ સમજનારા તજજ્ઞોને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર, રાજકોટ અને પોરબંદરની બીપીએલની આ બધાની સરખામણીમાં અડધી કે એથી નીચી ટકાવારી જે ૧૧ ટકાથી ૨૦ ટકા આસપાસ છે એ સમજવું મુશ્કેલ લાગ્યું છે. ગુજરાત બીપીએલ કુટુંબોની ટકાવારીની રેન્જમાં એક છેડે જૂનાગઢ (૧૧.૨૬) અને બીજે છેડે નર્મદા (૭૧.૪૭) ટકા છે. એટલે ગરીબી ગુજરાતમાં બિહાર કે ઓરિસ્સા પ્રકારની વ્યાપક નથી. આનો ઉપાય એક લાકડી કે સરખા માપદંડથી નહીં કરી શકાય.

ખેડા અને આણંદ સામાન્ય રીતે સુખી જિલ્લા મનાય છે પણ અહીં જ સુખની ચાદર નીચે



વ્યાપક ગરીબી છુપાયેલી છે. અહીં ગરીબીનું એક બીજું પરિમાણ ધ્યાનમાં લઈએ તો વાત વધુ સ્પષ્ટ થશે. ખેતમજૂરોની સૌથી મોટી સંખ્યા (૨.૭૨ લાખ) વડોદરા જિલ્લામાં છે જયારે ત્યાર પછી સુરત અઢી લાખ સાથે અને આણંદ (૧.૮૮ લાખ) અને ખેડા (૧.૬૮ લાખ) આવે છે. એથી ઊલટું વલસાડ, ડાંગ, ભરૂચ, દાહોદ, નર્મદા જિલ્લામાં ખેતમજૂરોની સંખ્યા લાખ પણ નથી. ઘણા માને છે ખેતમજૂરો આદિવાસી પટ્ટીમાં વધુ હોય છે.

તાજેતરમાં થોડા સમય પહેલાં માથાદીઠ કરાતા ખર્ચ અંગેનું વીસ રાજયોનું જિલ્લાસ્તરનું એક સર્વેક્ષણ થયું એ પ્રમાણે ભારતના અંદાજે છસો જિલ્લામાં સૌથી ઓછો માથાદીઠ ખર્ચ ગુજરાતના ડાંગ જિલ્લાનો રૂ.૩૪૯નો છે. ત્રણસો પચાસ રૂપિયામાં કુટુંબ કેવી રીતે ગુજારો કરતાં હશે? વળી સરકારના જણાવ્યા પ્રમાણે ડાંગમાં કુલ અંદાજે ચાળીસ હજાર કુટુંબોમાંથી પાંત્રીસ હજાર ગરીબીની રેખા નીચે જીવે છે. વાતની પરાકાષ્ઠા એ છે કે આ ડાંગના જંગલે ગુજરાત સરકારને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂ.વીસ કરોડની ચોખ્ખી આવક આપી છે. વર્ષે માણસદીઠ રૂ.પાંચ હજાર આપનાર ડાંગી, રોજના અગિયાર રૂપિયામાં કુટુંબ નભાવે છે. કમસે કમ ડાંગની ગરીબીનો અંત લાવવાનો સંકલ્પ કરાય તો કેવું ઉત્તમ કામ થાય? રથ ભલે બધે ગામ ફર્યા કરે !

(સદ્‌ભાવ : "દિવ્ય ભાસ્કર", ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૦)

મનુષ્યને મળેલું વાક્શક્તિનું વરદાન

• કાન્તિ શાહ

"વિચાર-પ્રધાન નિબંધ' – એ વિશે સાહિત્યિક ચર્ચા કરવાનો મારો અધિકાર નથી. એ રીતનો અભ્યાસ પણ નથી, હા, સતત લખતો આવ્યો છું. "ભૂમિપુત્ર" સાથે નાતો બંધાયો, તેને પાંચ દિવસ પછી પૂરાં પચાસ વરસ થશે. "ભૂમિપુત્ર" સિવાય બીજે ક્યાંય મેં લખ્યું નથી. "ભૂમિપુત્રે" જ મને ઘડયો છે, મારા વિચારોને ઘડયા છે. પ્રકાશભાઈ જેવા મિત્રો કયારેક "નિરીક્ષક" – "નયા માર્ગ"ની સાથે સાથે "ભૂમિપુત્ર"નીયે એક 'વિચારપત્ર' તરીકે ગણના કરે છે. એટલે "ભૂમિપુત્ર"માં જે બધું લખાતું આવ્યું છે તે આ 'વિચારપ્રધાન નિબંધ'નો જ એક પ્રકાર છે, એમ માનીને ચાલું છું. એ રીતે શબ્દની જે થોડી ઉપાસના થઈ છે, તે અંગે મારા થોડા અનુભવો, મારી કેફિયત થોડી રજૂ કરી શકું.

"ભૂમિપુત્ર"નું પહેલું પાન એક વિશેષ રીતે તૈયાર થાય છે. વિનોબાના વિચારો તેમાં અપાય છે. વિનોબા આ રીતે આવું સીધેસીધું બોલ્યા નથી. એમનાં ૧૫-૨૦-૨૫ પ્રવચનો, લખાણો, વક્તવ્યોનું સંકલન-સંયોજન કરીને આ પહેલું પાન તૈયાર થાય છે. ક્યારેક હળવાશમાં હું કહેતો હોઉં છું કે સંજીવકુમાર, અમજદખાન વગેરે ગમે તેટલા મહાન અભિનેતા હોય, પણ આ 'શતરંજ કે ખિલાડી' એ સત્યજીત રેની ફિલ્મ છે, તેમાં એમણે દિગ્દર્શક ઇચ્છે તે પ્રમાણે કામ કરવાનું છે. તેમ અહીં પણ જે કાંઈ છે તે બધું વિનોબાનું જ છે. ક્યાંક એકાદ-બે શબ્દ કે એકાદ-બે વાક્ય સંકલન પૂરતાં ઉમેરાયાં હશે. બાકી વિનોબાના શબ્દોમાં જ આખીયે રજૂઆત થઈ છે. પણ એ રજૂઆત છે, સંપાદકના ચિત્તમાં તૈયાર થયેલ નકશા મુજબની. અમુક બાબત વિનોબાના વિચારો કેવા છે, વિનોબાનું દર્શન કેવું છે, તેની જે સમજ સંપાદકના ચિત્તમાં કેળવાઈ છે, તે અનુસાર આ રજૂઆત થઈ છે.

આ છે, આની પાછળની પ્રેરણા. આનો આરંભ થયો, ગાંધી શતાબ્દીમાં – ૧૯૬૯માં. મને થયું, વિનોબાજીનું ગાંધી-દર્શન શતાબ્દી નિમિત્તે સમગ્રપણે રજૂ થવું જોઈએ. એ માટેની સામગ્રી ભેળી કરતાં વિનોબાનાં ગાંધી અંગેનાં આશરે ૩૦૦ જેટલાં વક્તવ્યો, લખાણો, પ્રવચનો વગેરે હાથમાં આવ્યાં. મને યાદ છે, એ બધું લઈને હું ગયો સ્વામી આનંદ પાસે. તેઓ ત્યારે કૌસાનીનો નિવાસ છોડી દહાણુ પાસે કોસબાડમાં વસેલા. તેને કોસબાડ હિલ કહેતા. અઠવાડિયું એમની સાથે રહ્યો, વાતો કરી, સલાહ-સૂચના માગી. ત્યાં રહીને જ પુસ્તકનું પહેલું પ્રકરણ તૈયાર કર્યું. સ્વામીદાદાને વાંચી સંભળાવ્યું. દાદા ખુશ-ખુશ. એ પુસ્તક – 'ગાંધી : જેવા જોયા-જાણ્યા વિનોબાએ' બહાર પડયું ત્યારે સ્વામીદાદાએ તેને હોંશભેર પોતાની આગવી શૈલીમાં આવકાર્યું –

'ભાઈ કાન્તિએ વિનોબાજીનું ગાંધીદર્શન વિનોબાજીના પોતાના જ શબ્દોમાં એમનાં અસંખ્ય વચન-પ્રવચનો તેમ જ લખાણોમાંથી વીણી ગૂંથી સળંગસૂત્ર કરીને રજૂ કર્યું છે. એ કામમાં ભાઈ કાન્તિ બેહદ સફળ થયા છે. પુસ્તક ઠેઠ છેડા સુધી વાંચી જતાં ન તો મને ક્યાંયે ઠેસ આવી, ન ખોડીબારાં. સરીઆમ ડામર સડક પર ધ્રોપટ દોડતો ફાટક લગણ પહોંચી ગયો. ગૂંથણકળા પણ એવી કે આ ડિઝાઈન નકશીદાર સળંગ વણાટનો ગાલીચો શેતરંજી છે કે કકડા જોડેલ સીવેલ ચંદરવો, એનું ઓસાણ સરખું વાચન દરમ્યાન કયાંયે ન ઊગ્યું. વિનોબાજીનું સળંગ ગાંધીદર્શન આ સંકલનમાં જે સંપૂર્ણતાએ વણાયું છે, તે જોઈને વિનોબાજીની વિચારધારાનો હરકોઈ ચાહક અભ્યાસી હેરત પામે એમ છે.'

સંપાદનની આ નવતર શૈલીને સ્વામીદાદાના આવા જે આશીર્વાદ મળ્યા, તેમાંથી જ મને આ સાહસ કરવાનું, શબ્દની આ સાધના કરવાનું બળ મળ્યું, પ્રેરણા મળી. લગભગ પરકાયા-પ્રવેશ જેવી જ આ સાધના છે. એક ઊર્ધ્વ ચિત્ત સાથે સત્સંગ કરવાનો છે, સંવાદ સાધવાનો છે, એના સંવિદને ઝીલવાનું છે, આત્મસાત્ કરવાનું છે, અને નવસેરથી રજૂ કરવાનું છે. છેવટે જે રજૂ થાય તે સમુચ્ચય કે મિશ્રણ જેવું નહીં પણ રાસાયણિક સંયોજન જેવું થવું જોઈએ – ઑક્સિજન ને હાઈડ્રોજન મળીને છેવટે પાણી બને છે તેવું. દાળ ને ચોખા ભેળા કર્યા છે એમ નહીં, પણ એ બંને સાથે રંધાઈને તેમાંથી એક રસ ખીચડી બનવી જોઈએ.

વિચારોનું આ અનુશીલન ચાર દાયકાથી ચાલે છે. તેના ફળસ્વરૂપે વિવિધ વિષયો વિશેનાં વિનોબાનાં ૧૫-૨૦ પુસ્તકો થયાં છે – વિજ્ઞાન-અધ્યાત્મ, શિક્ષણ, સાહિત્ય, ભારતીય સંસ્કૃતિ, સૃષ્ટિ સાથે માણસનો નાતો વગેરે. ઉપરાંત, જયપ્રકાશજીનાં મારી વિચારયાત્રા અને સંપૂર્ણ ક્રાંતિની ખોજમાં તથા દાદા ધર્માધિકારીનું મનીષીની સ્નેહગાથા. આ બધા જ માનવીની ને સમાજની ઉન્નતિના વિચારો પ્રસરાવનારાં પુસ્તકો છે.

અનુ-સર્જનનું આ કાર્ય કરતાં-કરતાં આ પ્રજ્ઞાશીલ પુરુષો સાથે મેં જે તાદાત્મ્ય અનુભવ્યું છે, તેનાથી મને ઘણો આનંદ મળ્યો છે, બોધ મળ્યો છે, અને ચૈતસિક દ ષ્ટિએ હું ઘણો સમૃદ્ધ બન્યો છું. ઊર્ધ્વ ચિત્તોના નિકટના સત્સંગથી મારા વિચારો ઘડાયા છે, મારા ચિત્તના ચિંતન-કોષ પોષાયા છે. આપણા ઉમાશંકર જેવા ઉમાશંકરને વિદ્યાસભામાંથી નિવૃત્ત થઈને પહેલી ઇચ્છા કાલિદાસ-ભવભૂતિને ચરણે બેસવાની થઈ – આત્મશિક્ષણ અર્થે. એમની પાસેથી શીખવાના એક ઉત્તમ પ્રકાર રૂપે એમણે 'શાકુંતલ' – 'ઉત્તરરામ ચરિત'નો અનુવાદ હાથ પર લીધેલો. ઊર્ધ્વ ચિત્તનો સત્સંગ ભારે શિક્ષણપ્રદ નીવડતો હોય છે.

"ભૂમિપુત્ર"નું પહેલું પાન વિચારપ્રધાન લખાણોમાં અમોલું પ્રદાન કરતું રહે છે. વાક્શક્તિની ઉપાસના વિનોબાની સતત એકધારી અસ્ખલિત ચાલતી રહી. વિનોબા-વાઙ્મયના ૨૦ ગ્રંથ હિંદીમાં અમે પ્રકાશિત કર્યા છે. ડેમી ૧૦ હજારથી વધારે પાનાંનું સાહિત્ય તેમાં સંઘરાયેલું છે. ૨૧મો ગ્રંથ સૌથી મોટો ૭૦૦ પાનાંનો આપ્યો છે. તેમાં વિચારસૂચિ છે. દરેક પાને બે કોલમમાં ઝીણા ટાઇપમાં આશરે ૪૦ હજાર સંદર્ભ છે. એક એક વિચાર કયા ગ્રંથમાં કેટલામે પાને આવ્યો છે, તેની આ સમગ્ર સૂચિ છે. મારા જેવા માટે તો આ એક અખૂટ ખજાનો છે. હું ખૂટી જઈશ, આ સામગ્રી નહીં ખૂટે.

"ભૂમિપુત્ર"માં વિચારના ક્ષેત્રે થતું રહેલું બીજું ખેડાણ છે, વિશ્વ-પ્રવાહોના આકલન-આચમનનું. સર્વોદય એક જાગતિક ફિલસૂફી છે, એક જાગતિક આંદોલન છે. દુનિયાભરમાં એક જાગતિક બિરાદરી પાંગરી રહી છે, જે કહી રહી છે કે 'અનધર વર્લ્ડ ઇઝ પોસિબલ'. સર્વોદયની ફિલસૂફીને પરિપુષ્ટ કરતાં નવાં નવાં વિજ્ઞાનો, વિચારો ને વલણો પણ દુનિયામાં પાંગરી રહ્યાં છે. એટલે વિશ્વના વિચાર-પ્રવાહોની જાણકારી-સમીક્ષા એ "ભૂમિપુત્ર"નું એક કાયમી અંગ રહ્યું છે. જગતભરની વિચારધારાઓમાં જે-જે અમૃતમય જણાય, તે-તે શોધી-સંઘરીને વાચકોના ચરણે ધરાવતા રહેવાનું કર્તવ્ય "ભૂમિપુત્ર" નિરંતર બજાવતું રહ્યું છે.

આ બધી ભારોભાર વિચારપ્રધાન સામગ્રી છે. આલ્ડસ હકસલી, એડવર્ડ ગોલ્ડસ્મિથ, વિલિયમ બ્રાયન વગેરેના વિચારો "ભૂમિપુત્ર"માં પીરસાયા છે. એરિક ફ્રોમનાં The Sane Society, The Revolution of Hope અને The Heart of Man ગુજરાતીમાં રૂપાંતરિત થયાં છે. એલ્વિન ટૉફલરનું The Third Wave અને Powershift ગુજરાતીમાં અપાયું છે. ફ્રિટજોફ કાપ્રાનું The Turning Point પણ ગુજરાતીમાં અપાયું છે. શુમાખરનું A Guide for the Perplexed "ભૂમિપુત્ર"માં લેખમાળા રૂપે આવ્યું અને ગ્રંથસ્થ પણ થયું. વુલ્ફગાંગ ઝેક્સનું વિકાસ અંગેનું મર્મગ્રાહી ચિંતન પણ 'વિકાસનાં ખંડિયેરો' નામે પ્રકાશિત થયું છે.

આ બધા મનીષીઓના વિચારોએ પણ મને ઘણો સમૃદ્ધ કર્યો છે, મારી વિચારસૃષ્ટિને ઘણી વ્યાપક ને ગહન કરી છે. મારાથી પણ જે થોડુંક વિચારપ્રધાન લેખન થયું છે, તેમાં આ બધાં અનુ-સર્જનનો પણ ઘણો ફાળો છે. સ્ત્રી-પુરુષ-સહજીવનનું 'આનંદચર્ય' લખ્યું મેં. 'વિજ્ઞાનયુગના પરિપ્રેક્ષ્યમાં સર્વોદય આંદોલન'નું વિહંગાવલોકન કર્યું. ૧૯૦૪માં ઉદ્ભવેલી સર્વોદયની ફિલસૂફીના શતાબ્દી ટાણે – ૨૦૦૪માં 'સર્વોદય આરોહણ'નું એક વ્યાપક આકલન-સમીક્ષા-મૂલ્યાંકન કરીને સમાજ સામે મૂક્યું. ૨૦૦૨માં 'દવ તો લાગ્યો ડુંગરિયે', ત્યારે દાવાનળ ઉપર શીતલ જળનો કંઈક છંટકાવ કરવા તેમ જ વિચારશુદ્ધિ યજ્ઞ રૂપે વિનોબાજીનાં બે પુસ્તકો – 'ગર્વથી કહું છું, હું હિંદુ છું – મુસલમાન છું – ખ્રિસ્તી છું ....' અને 'ભારતીય સંસ્કૃતિ' આપ્યાં તથા તીવ્ર મંથન-ચિંતન-અધ્યયનના ફળસ્વરૂપે ત્રણ પુસ્તકો આપ્યાં — 'પંચમ સૂર

મેં ગૂંગા બોલે', 'હિંદુત્વ - એક અધ્યયન' અને 'મિયાં ને મહાદેવનો મેળ પડશે જ પડશે.' હિંદ સ્વરાજ મારું અતિપ્રિય પુસ્તક. મારે મન ગાંધી એટલે હિંદ સ્વરાજ અને હું હિંદ સ્વરાજનો એક અદનો સૈનિક, અદનો સેવક. જે કાંઈ સામાજિક કામ કર્યું છે, તે ગાંધીના હિંદ સ્વરાજને ધરતી ઉપર ઉતારવાના મહાયજ્ઞમાં કિંચિત્ હવિર્ભાગ આપી જવાની કોશિશ રૂપે કર્યું છે. એટલે આ યુગપ્રવર્તક પુસ્તકની શતાબ્દી ટાણે તેનું ફરી અધ્યયન-મનન-ચિંતન કરી 'હિંદ સ્વરાજ - એક અધ્યયન' સમાજને ચરણે ધર્યું. ગાંધી-વિનોબા અને જગતભરના વિચારકો-ચિંતકોનું આજ સુધી જે આરાધન - સેવન થયું હતું, તેનું જ આ ફળ છે. રઘુવીરભાઈએ તેને 'વીસમી સદીના ચિંતકોનું વાદ્યવૃંદ' કહ્યું છે, તે ઉચિત જ છે.

મિત્રો ! કોઈ પણ સર્જનની માફક વિચારપ્રધાન લેખન માટે પણ ગર્ભાધાનથી લઈને જન્મ સુધીની માવજત-પ્રક્રિયામાંથી તેમ જ તીવ્ર પ્રસવ-વેદનામાંથી પસાર થવું જ પડે છે. જે કાંઈ નીપજે, તે પૂર્ણ વિકસિત સ્વરૂપમાં જ નીપજે. વિચારના નામે ને બહાને પોતાના અધકચરા તરંગો અને મનના ફતવાઓ વાચકોના માથે મારવાનો કોઈને હક નથી. વિચારને સેવવો પડે છે, પચાવવો પડે છે, આત્મસાત્ કરવો પડે છે. ત્યારે જ તે તેના પરિપક્વ સ્વરૂપમાં અભિવ્યક્ત થાય છે. અને ત્યારે તે બીજા કોઈ પણ સાહિત્ય-સ્વરૂપ જેટલો જ વાચક માટે સહજપણે હૃદયંગમ બને છે. અલબત્ત, આપણે આરોગીએ, તે બધું જ કાંઈ શિરાની જેમ ગળે ઊતરી જાય એવું ન હોય. ચાવવુંયે પડે, વાગોળવુંયે પડે, પચાવવુંયે પડે. તેમ વિચારપ્રધાન લેખનના વાચક પાસેથીયે અમુક સજ્જતાની ને મહેનતની અપેક્ષા અવશ્ય રહે. તેણે પોતાનું માથું કંઈક ખપાવવું પણ પડે. પરંતુ લેખક પોતે તો જે પીરસે તે તેણે પરિપક્વ સ્વરૂપમાં જ પીરસવું પડે; અધકચરું કે અધકાચું પીરસવાનો કોઈને હક નથી.

વિચારપ્રધાન લેખનને સરળ ને સુબોધ બનાવવાનોયે આ જ ઉપાય છે. અવાંતર ઉપાયો યોજવા એ વિચારદ્રોહ છે. ખાસ આયાસ કરીને સરળતાનાં વાઘાં પહેરાવવા મથવું અથવા ચટકિયા કે ચબરાકિયા રજૂઆતનો મોહ રાખવો વ્યર્થ છે. ખાંડ નાખીને ગળ્યું કરવામાં સાર નથી. પરિપક્વ ફળની મીઠાશ જ સર્વજન માટે સુચારુ ને સુસ્વાદુ બની રહેશે. જે વિચાર જીવનની સાધનાના ફળસ્વરૂપે નીપજ્યો હશે, તે સજગ સજ્જ વાચકો દ્વારા ઝિલાશે જ.

આનું ઉત્તમ ઉદાહરણ આપણને કિશોરલાલ મશરૂવાળાનાં લખાણોમાં મળે છે. વિચારપ્રધાન લખાણ માટે મારે મન એ એક આદર્શ નમૂનારૂપ છે. મારા માટે તેઓ માનસગુરુ સમાન છે. ઘડતર કાળમાં એમનાં 'જીવન શોધન', 'સમૂળી ક્રાંતિ' વગેરે પુસ્તકોએ જ મારા માનસનું ઘડતર કર્યું છે. 'કાગડાની નજરે'ને બાદ કરતાં એમનાં બધાં જ પુસ્તકો ભારોભાર વિચારપ્રધાન રહ્યાં છે. વિચાર પ્રત્યેની એમના જેવી અનન્ય નિષ્ઠા બહુ ઓછા લેખકોમાં જોવા મળે છે. એમનાં લખાણો વાંચવા માટે અમુક સજ્જતા ને શિસ્તની જરૂર અવશ્ય પડે છે, પણ એ દુર્બોધ નથી જ. એ જમાનામાં મારા જેવા તો અનેક યુવાનોના માનસનું ઘડતર કિશોરલાલભાઈનાં લખાણોએ કર્યું છે. આ અંગે પંડિત સુખલાલજીએ 'સંસાર અને ધર્મ'ના ઉપોદ્ઘાતમાં જે લખ્યું છે, તે સોએ સો ટકા સાચું છે —

'આવો ક્રાંતિકારી, સચોટ અને મૌલિક વિચાર કરનાર કદાચ આખા ભારતમાં વિરલ જ છે ..... એમનામાં કોઈક અંતઃપ્રજ્ઞાની અખંડ સેર વહ્યા કરે છે. ચિત્તશુદ્ધિની સાધનાની અમુક ભૂમિકામાં પ્રગટ થતો એ સત્યમુખી પ્રજ્ઞોદય છે. જ્યારે તેઓ તત્ત્વચિંતનના ઊંડા પ્રદેશમાં ઊતરી પોતાના વક્તવ્યને સ્ફુટ કરવા કોઈ ઉપમા વાપરે છે, ત્યારે તે પૂર્ણોપમાની કોટિની હોય છે, અને તે સ્થળનું લખાણ ગંભીર તત્ત્વચિંતનપ્રધાન હોવા છતાં સુંદર અને સરળ સાહિત્યિક નમૂનો પણ બની જાય છે.'

આ સરળતા ને સુંદરતા જીવનની સાધનામાંથી જન્મે છે. સાધનાથી તપઃપૂત થયેલો શબ્દ હૃદયંગમ જ હોય. જે વિચાર જીવનમાં ઘૂંટાયો છે, સાક્ષાત્ જિવાયો છે, તેની અભિવ્યક્તિ સહજ જ હશે.

આ સંદર્ભમાં મારી સામે બીજો આદર્શ નમૂનો જુગતરામ દવેનો છે. એમનું 'આત્મરચના અથવા આશ્રમી કેળવણી' પુસ્તક સાહિત્યિક ગુણવત્તાના સર્વોચ્ચ શિખરો સર કરતું એક ઉત્તમ વિચારપ્રધાન પુસ્તક છે. મારું એ પ્રિય પુસ્તક છે. 'વેડછીનો વડલો' ગ્રંથમાં પૂરાં આઠ પાન ભરીને મેં તેનું રસદર્શન કરાવ્યું છે. એ કોઈ લલિત સાહિત્યની કૃતિ નથી, સાંગોપાંગ એક વિચારપ્રધાન રચના છે. એક રીતે જોઈએ તો ગાંધીજીના એકાદશવ્રતનું એ વ્યાવહારિક ભાષ્ય છે, એક સર્વાંગી વિવરણ છે. ગાંધીજીએ ભાખેલી નવી માનવીય સંસ્કૃતિનાં મૂલ્યો, વિચારો, સિદ્ધાંતો, મૂળભૂત તત્ત્વો, નિષ્ઠાઓ વગેરેની તલસ્પર્શી છણાવટ તેમાં લેખકે કરી છે. કાકાસાહેબે સાચું જ કહ્યું છે કે 'રાષ્ટ્રની સર્વાંગીણ કેળવણીમાં આ ચોપડી પાઠ્યપુસ્તક તરીકે વપરાશે. જુગતરામભાઈની એક સાહિત્યકાર તરીકેની, એક શિક્ષક તરીકેની અને એક સેવક તરીકેની શક્તિનો પરિપાક આપણને આ ચોપડીમાં મળે છે.'

જુગતરામકાકા એક સિદ્ધહસ્ત સાહિત્યકાર છે. ગંભીરમાં ગંભીર વિચારોને સરળમાં સરળ કરીને રજૂ કરવાની કળા એમને હસ્તગત છે. ઉમાશંકરે એક વાર કહેલું કે 'આ તો અમારી જમાતમાંથી નાસી આવેલો કવિ છે.' આની પ્રતીતિ આપણને આ પુસ્તકના પાને પાને થાય છે. એમની ભાષામાં કાવ્યતત્ત્વ અકૃત્રિમપણે અનાયાસ આવી જાય છે.

આશ્રમના ઘંટને 'સૂર્યનું બોલતું બચ્ચું' કવિહૃદય જ કહી શકે. આશ્રમમાં થતી પ્રાર્થના શુષ્ક ક્રિયાકાંડ કે પોપટપાઠ ન બની જાય એમ કહેવા માટે એમણે લખ્યું છે : 'પ્રાર્થના સદા લીલી રાખો.' સફાઈની વાત કરતાં કહે છે : 'સફાઈ તો એવી રાખવી કે, આપણી દરેક વસ્તુ જાણે ખિલખિલ હસતી હોય.' અભિવ્યક્તિની આવી નજાકતતા ને સુકુમારતા કવિ-હૃદયમાંથી જ સ્ફુરે. જુગતરામકાકા લગીરે ભારેખમ થયા વિના બહુમૂલાં ભારેખમ તત્ત્વોનું આકલન કરવાની આપણી દૃષ્ટિ ખોલી આપે છે. અને વિચારપ્રધાન લખાણની આ જ ખરી કસોટી છે. જુગતરામકાકા વિચારપ્રધાન નિબંધને લલિત નિબંધની માધુરી આપી શક્યા છે.

એક વસ્તુ ખાસ સમજી લેવા જેવી છે. સરળતા એમનેમ નહીં સધાય. જેણે પ્રસ્તુત વિષયને આત્મસાત્ કર્યો હશે, જેના પોતાનામાં તે વિષયની નીતરી સમજ અંતરમાં ઊતરી હશે, એ જ ઘણી ગંભીર ને ઊંડી વાતો પણ અનાયાસ અત્યંત સરળ રીતે રજૂ કરી શકશે. એ તો વાલ્મીકિ રામાયણને ઘોળીને પી જઈ તુલસી રામાયણ રચવા જેવી વાત છે. જેના પોતાના અંતરમાં રામ ક્ષણે ક્ષણે ને શ્વાસે શ્વાસે રમમાણ હશે, એ જ હૈયે હૈયે રામ જગાડી શકશે, રામને ઘરેઘરે ગૂંજતો કરી શકશે.

જેલમાં ભારતન કુમારપ્પાને હિંદી શીખવું હતું. વિનોબાએ એમને તુલસી-રામાયણનાં વચનોને આધારે હિંદી શીખવ્યું. વિનોબાએ કહ્યું, 'તુલસીદાસ ઇઝ શેક્સપીયર ઍન્ડ બાઇબલ ટુ ગેધર' — તુલસીદાસ એટલે શેક્સપિયર ને બાઇબલ એક સાથે. આગળ જતાં ભારતન કુમારપ્પાને પણ વિનોબાની આ વાત બિલકુલ સાચી લાગેલી. આવો તુલસીદાસ હમેશાં આપણી નજર સામે રહે.

જો કે મને થાય છે કે અમુક લેખનમાં વિચારનું પ્રાધાન્ય છે એમ આપણે ભલે કહીએ, પરંતુ વાસ્તવમાં વિચાર તો એકે એક લેખનમાં અવશ્ય હશે જ. વિચાર વિનાની કોઈ કૃતિ ન સંભવે. જેમ આપણા ઘરમાં એક દિવાનખાનું હોય, એક શયનખંડ હોય, એક અભ્યાસખંડ હોય, એક રસોડું હોય, પણ હવાનો કોઈ અલાયદો ખંડ નહીં, હવા તો સર્વત્ર બધે જ હોવી જોઈએ; તેમ હાસ્યનિબંધ હોય કે લલિતનિબંધ હોય કે પ્રવાસનિબંધ હોય, દરેકે દરેકમાં વિચાર તો રહેવાનો જ.

હાસ્યસમ્રાટ જ્યોતીન્દ્ર દવેના લેખોમાં હળવાશથી પણ કેટકેટલી ગંભીર વાતો કહી જવાતી ! રણજિતરામ સુવર્ણચંદ્રક સ્વીકારતી વખતે એમણે પોતાનું નિવેદન બૃહદ્ કાવ્યરૂપે આપેલું. વરસો પહેલાં વાંચેલી તેમાંની બે-ચાર પંક્તિ આજેય યાદ રહી ગઈ છે —

દેહ દાતણના જેવો, મન મર્કટના સમું
પરંતુ આત્મા મારો, વડો બ્રહ્માંડ જેવડો

અને

રજ્જુમાં સર્પની ભ્રાંતિ, થાય જો તને સખે !
મહાજ્યોતિ પરબ્રહ્મ, દિશે જ્યોતીન્દ્ર હ. દવે

વિચાર તો કોઈ પણ કૃતિનો આત્મા છે. વિચાર તો માણસને તેમ જ સમાજને ઘડનારું એક અપ્રતીમ પરિબળ છે. બહેન માર્ગારેટ મીડે સાચું જ કહ્યું છે —

'Never doubt that a small group of thoughtful - committed citizens can change the world. Indeed, It is the only thing that ever does.' - વિચારવાન ને સમર્પિત માણસોની એક નાનકડી બિરાદરી દુનિયાને પલટી નાખી શકશે, એ વિશે કદીયે શંકા સેવશો નહીં.

હિરેન - નિધન

• વિરાફ કાપડિયા

હમણાં હું રાત્રીના અંધારામાં થોડો સમય બહાર ફરવા ગયો. ફરવા એટલો મોડો હું હવે ભાગ્યે જાઉં છું. સિવાય કે કશું ખાલી ખાલી કે બેચેન જેવું લાગતું હોય, અને ત્યારે ફરવાને બહાને હું રાતના એકાંતમાં નિર્જન નીરવ માર્ગ પર ખયાલોમા આંટા મારું છું.

એનો ચહેરો નજર સામે ઉપસતો રહ્યો. એના કાળા-કાળા સુપેરે ઓળેલા વાળ, એની મોટા કાચનાં ચશ્માંની અંદરથી ચમકતી આંખો, ભીના વાન પર એનાં સુવ્યવસ્થિત કપડાં, થોડું માપીને આગળ વળીને ચાલવાની એની ટેવ, એની ગુજરાતી શબ્દોને ગળાની અંદર ગોળાકાર ગબડાવીને બોલવાની ખાસિયત, એવું એવું યાદ આવ્યું. મને લાગ્યું કે રોજ સવારે દાતણ સાથે જ એ મોઢાની બધી કડવાશો ધોઈ નાખતો હશે જેથી કરીને દિવસભર એવું કશું ય ત્યાં પછી હાજર રહેતું નહીં.

મારી સ્મૃતિમાં તરી આવ્યું કે ગમતી ચીજોનાં વખાણ એ સહેલાઈથી કરતો અને એને ઘણી વસ્તુઓ ગમતી. સાહિત્ય, સંગીત, અને આર્કિટેક્ચર — વ્યાવસાયિક તેમ જ રસસંબંધિક — પ્રત્યે એને ખાસ ખેંચાણ હતું. એને ફોટોગ્રાફીનો શોખ હતો, ઘણો શોખ હતો. એણે ઑસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન કેટલાયે સુંદર ફોટા ઇ-મેલ પર મોકલાવ્યા હતા જે મેં સંગ્રહી રાખ્યા છે. [એ ફોટાઓના માધ્યમથી મેં પણ એની જોડે જોડે કાલ્પનિક સફર કરી હતી અને ઑસ્ટ્રેલિયાના અનુસંધાનમાં ત્રણેક અંગ્રેજી કાવ્યો (મને ભય છે કે એ સંજ્ઞા એમને આપી શકાય કે) રચ્યાં હતાં, પણ એણે બધાં ચટાકાભર ચાખીને સ્વીકૃત કરેલાં.] એના અંગત મિત્રોને — હસમુખ, રજની, રશ્મિ, મધુ, ભરત, રોહિત, રોહિત, રક્ષા, હરનિશ, રામ, કિશોર, અશોક અને બીજાં ઘણાંયને — એના આ વિવિધ શોખોનો અનુભવ સ્પર્શ્યો જ હશે.

વર્ષો પહેલાં એણે પોતાનો એક લેખ વાંચેલો, જેનું નામ કંઈક આવું હતું, 'ન્યૂ યોર્ક, દૂધની બાટલી અને હું', જેમાં પોતે અને બીજા અસંખ્ય માણસો રોજ સવાર દૂધની બાટલીની જેમ વાહનોમાંથી ઠલવાઈ, એલિવેટરોમાં ઊંચકાઈ પોતપોતાની ડેસ્ક પર કેવા ગોઠવાય છે તેનું કલ્પનદક્ષ ચિત્રણ હતું. મને એ લેખ ખાસ્સો ગમેલો. ઘણી વાર મને એવું લાગતું કે એને વસ્તુસ્થિતિના માંસલ મધ્યમાં પહોંચી જવાની ઉત્કંઠા હતી અને કદાચ આરંભિક ઔપચારિકતાઓમાંથી ઊગરી જવાની ઈચ્છા પણ, તેથી એણે કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, મેળાવડા-બેઠકોમાં મોડા આવવાની કળા પણ કેળવી હતી, જેની મને મીઠી અદેખાઈ થતી.

એના અપરિણીત રહેવા વિષે અમે મિત્રો કદી કદી વાતચીતો કરતા, અને એણે બીજી વાર ઑસ્ટ્રેલિયા જવાનો ઇરાદો જાહેર કરેલો ત્યારે અમને થયેલું કે આ વેળા એ પાછો આવશે ત્યારે કોથળામાંથી કોઈ ને કોઈ બિલાડી (કે લાડી) બહાર નીકળશે. પણ એણે કશું જણાવ્યું નહોતું ને એના હૃદયનો કોથળો આ બાબતસર મિત્રો આગળ બંધ જ રાખેલો.

રસ્તાને છોડી ને બધેબધ દોઢ અઠવાડિયા પહેલાં પડેલા બેશુમાર બરફના ઊંચા ઊંચા ઢગો હતા, જે તિમિરથી છાયેલા વાતાવરણમાં ઠંડી ઠંડી ચમક પ્રસારી રહ્યા હતા. વિચારોમાં ફરતો ફરતો હું સોડા-પાણીનાં વેન્ડિન્ગ મશીનોનો વ્યવસાય કરનાર જો-ના ઘર પાસેથી પસાર થયો. ઘરના બારણા આગળ એક બિલ્લી એકધારું મિયાઉં મિયાઉં કરતી બેઠી હતી. એને ઠંડી લાગતી હશે ને ઘરમાં જવું હશે કે એને સોડા પીવો હશે કે કોઈ બીજી બિલ્લીને બોલાવતી હશે – હું નક્કી ન કરી શક્યો. મેં માનસિક ઠંડી અનુભવી, મને કોઈકનાં વેણ પીવાની ઈચ્છા થઈ, હું કોઈકને બોલાવવા માગતો હતો. પણ તેમ થઈ શકે એમ નહોતું. ગુપચુપ પાછો ફરી, ઘેર પહોંચી હું પથારીમાં આડો પડ્યો.

(૨૦ ફેબ્રુઆરી ૨૦૧૦)

e.mail : vkapmail@yahoo.com

ખરેખર તો, દુનિયાને જો કોઈ પલટી નાખી શકશે, તો એક માત્ર તેઓ જ તેમ કરી શકશે.

વિનોબા કહેતા, 'મારી પાસે બે જ શક્તિ છે; એક પ્રેમની શક્તિ અને બીજી વિચારની શક્તિ.'

મનુષ્યને પરમેશ્વર તરફથી વાક્શક્તિનું વરદાન મળ્યું છે. નાનાભાઈ ભટ્ટનું એમની ૮૦મી જન્મ-જયંતી પ્રસંગે સન્માન થયું, ત્યારે એમણે ધ્રુવના એ શ્લોકને યાદ કરેલો. વિનોબા પણ ઘણી વાર એને યાદ કરતા –

ધ્રુવ તપસ્યા કરતો હતો. ભગવાન પ્રસન્ન થયા. પણ ધ્રુવનું તો આંખો બંધ કરીને ચિંતન ચાલતું હતું. ભગવાને પોતાના શંખનો સ્પર્શ એના ગાલને કર્યો, અને ધ્રુવને મુખેથી એકદમ વાણી સ્ફુરી : 'યોડન્તઃ પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તાં સંખીવયતિ' — અંતઃકરણમાં પ્રવેશીને મારી સૂતેલી વાણીને જે જાગ્રત કરે છે, તે પરમ પુરુષને હું પ્રણામ કરું છું. — આવી રીતે માણસ જ્યારે મનનપૂર્વક ચિંતન કરે છે, ત્યારે પરમવાક્શક્તિ સ્ફુરે છે. અનેક સૂક્ષ્મ વિષયોના ચિંતનના પરિપાક રૂપ શબ્દ-શક્તિની સિદ્ધિ પ્રાપ્ત થાય છે, અને તે જીવનના મૂળભૂત સિદ્ધાંતો પર પ્રકાશ પાડે છે, જીવનને સાચી દિશા આપે છે. આવા મૂળગામી વિચારકો ને આર્ષદ્રષ્ટા ચિંતકોએ જ દુનિયાને આકાર આપ્યો છે.

(નવસારી, ૨૬ ડિસેમ્બર ૨૦૦૯; 'વિચારપ્રધાન નિબંધ' અંગે ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં અપાયેલું વક્તવ્ય)

[સદ્ભાવ : "ભૂમિપુત્ર", ૦૧-૦૨-૨૦૧૦]

[Sarvodaya Parivar Trust, Post at PINDVAL - 396 050, Taluka - Dharmpur Pindval, Dharampur, District Valsad, Gujarat, India]

•

હીરેન માલાણીને "ઓપિનિયન"ની પણ સહૃદય વિદાય-વંદના હજો.

ચિત્રકાર હકુ શાહ :
આત્માની તાસીર જ કાંઈક જુદી છે

સંપૂર્ણ ગાંધીવાદી એવા, હકુ શાહ એક મોટા ગજાના ચિત્રકાર છે. તેઓ જે દોરે છે તે જોવા જેવું ને બોલે છે તે સાંભળવા જેવું હોય છે. તેઓ કહે છે : 'મારા મનની અને આત્માની તાસીર જ કાંઈક જુદી છે. માની લો કે મારી પાસે માત્ર એક રૂપિયો છે અને અચાનક ક્યાંકથી એક લાખ રૂપિયા આવી જાય, આ જીવને માટે એ બંને વસ્તુ સરખી છે, કશો ફેર નહીં પડે. મનમાં નિત્ય એક વાત અંકિત થયેલી રહે છે કે તમારે એવી જ રીતે રહેવું જોઈએ, જેવા તમે છો.'

આજના જમાના સાથે કોઈ એમને અપ્રસ્તુત ગણી લે, છતાં આનંદની વાત એ છે કે હકુભાઈ અત્યંત સાદા - સરળ અને પોતાની કલામાં મગ્ન રહી હંમેશ ચિત્ર-સર્જનમાં વ્યસ્ત રહેનાર પ્રામાણિક ચિત્રકાર છે. એમનાં ચિત્રોમાં ગામડાંનો ગરીબ ખેડૂત, ગ્રામકન્યા, ખેતર, પશુઓ, પક્ષીઓ, કૃષ્ણ, રાધા અને વૃક્ષો દેખાતાં રહેતાં હોય છે. તેમનાં માનવ પાત્રોની આંખોમાં વિસ્મયતા, આતુરતા કે સ્તબ્ધતા અવાર-નવાર જોવા મળે છે.

તેમનામાં રહેલા ઐશ્વરીય ગુણો એમને વારસામાં મળેલા છે. એમના પિતા પણ કંઈક જુદી જ દુનિયાના માણસ હતા. જમીનદાર હતા, પરંતુ સામાન્યતઃ જમીનદારોમાં દેખાતી શોષણવૃત્તિ એમનામાં નહોતી. સુરત જિલ્લાનું વાલોડ એમનું વતન. વિસ્તાર આખો આદિવાસીઓનો અને ત્યાંના લોકો હકુભાઈના પિતાને 'બાદશાહ'ના નામથી ઓળખતા. તેઓ વહેલી સવારે ત્રણેક વાગ્યે ગીતા વાંચતા હોય કે બપોરે કોઈ મુસ્લિમ દોસ્તના ઘરની આરામખુરશીમાં ઊંઘી પણ જતા હોય! ક્યારેક ક્યારેક ગામબહાર આવેલી નદીની રેતમાં દૂરથી કોઈ સફેદ કપડું હવામાં ફરફરતું દેખાય તો લોકો સમજી જતાં કે ત્યાં બાદશાહ બેઠા છે - ધ્યાનસ્થ. એમની પાસે એ વિસ્તારમાં ત્યારે લગભગ સો એકર જમીન હતી.

હકુભાઈને શાળાજીવનથી જ ચિત્રો દોરવાનો ગજબનો શોખ. તે સમયે ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ જેવા નેતાઓનાં છાયાચિત્રો બનાવતા ને પોતાના ચિત્રશિક્ષક ચિંતામણી દેસાઈ પાસેથી પ્રશંસા મેળવતા. પોતે દોરેલાં ચિત્રોનું ગામના ફળિયામાં (ફળિયા આર્ટ ગેલેરી!) પ્રદર્શન ગોઠવતા. ભીંતો પર સુવાક્યો લખતા.

ચિત્ર તરફના આકર્ષણને કારણે વધુ અભ્યાસ માટે હકુભાઈએ મુંબઈની સર જે.જે. સ્કૂલ ઑફ ફાઈન આર્ટ્સમાં પ્રયત્ન કર્યો હતો, પરંતુ

મુઠ્ઠી ઊંચેરાં હિન્દવી ભાષાવિદ્ : લ્યુદ્‌મિલા ખોખલોવા

© વિપુલ કલ્યાણી

ઓ રસિયા ! આ રશિયા !!

આશરે બે સદીઓ જેવડા સમયગાળાથી, યુરોપ દક્ષિણ એશિયાઈ પ્રદેશોની વિવિધ ભાષાઓના અભ્યાસ માટેનું એક મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. યુરોપભરમાં, પ્રથમપહેલાં ‘ભારતીય - આર્ય’ (ઇન્ડો - આર્યન) ભાષાઓ અંગે વિવિધ ભાષાવિદ્દો વાટે ગંભીર ધ્યાન અપાતું થયું હોવાથી, ‘ભારતીય - યુરોપીય’ (ઇન્ડો યુરોપિયન) ભાષાવિદ્દોની એક પછી એક મજબૂત પેઢી ઊભી થવા લાગી છે. તેને કારણે આધુનિક ભાષાવિજ્ઞાન અંગેનો અભ્યાસ તેજીલો બન્યો છે. ધીમે ધીમે, દ્રવિડ ભાષાઓ, ‘ઑસ્ટ્રો-એશિયાટિક’ તથા ‘તિબેટો-બ્રાહ્મી’ ભાષાઓનો પણ હવે તેમાં સમાસ થતો આવ્યો છે. ગઈ સદી દરમિયાન, ગ્રીઅરસને [Grierson] જે મહત્ત્વની મોજણી કરેલી, તે પછી દક્ષિણ એશિયાઈ પ્રદેશની અનેક ભાષાઓનું તેમાં ઊમેરણ, હવે, જોવાને સાંપડે છે. જહોન પિટરસન સરીખા જગવિખ્યાત વિદ્વાનના મત અનુસાર, આ પરંપરા હજુ આજે પણ જારી રહેવા પામી છે.

પશ્ચિમના તેમ જ પૂર્વના અનેક વિશ્વવિદ્યાલયોમાં, હિન્દવી ભાષાઓનો અભ્યાસ થતો આવ્યો છે. લંડન, પારિસ, બર્લિન, ટોકિયો, વગેરે વગેરે સ્થળોની જેમ, મૉસ્કોમાં ય ભારતીય કુળની ભાષાઓના માતબર વિભાગો આજે ય અસ્તિત્વમાં છે અને ત્યાં સક્રિયપણે અભ્યાસકામ ચાલુ રહ્યું છે. આજ રીતે મૉસ્કો સ્ટેટ યુનિવર્સિટીમાં ‘ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ એશિયન ઍન્ડ આફ્રિકન સ્ટડીસ’નો વિભાગ આજે પણ ધમધમે છે. આ વિભાગમાં, ભારતીય ભાષાવિજ્ઞાનનો ય સમાવેશ છે. અને અહીં ડૉ. લ્યુદ્‌મિલા ખોખલોવા નામે એક હિન્દવી ભાષાવિદ્, સહાયક પ્રાધ્યાપક પદે રહી, વરસોથી સેવાઓ આપતાં આવ્યાં છે.

પોતે જે યુનિવર્સિટીમાં આજે અધ્યાપિકા છે, તે જ ‘મૉસ્કો સ્ટેટ યુનિવર્સિટી’માંથી લ્યુદ્‌મિલાબહેને, ૧૯૭૦માં, એમ.એ. કર્યું અને એમના વિષયો હતા હિન્દી ભાષા અને સાહિત્ય. જ્યારે મૉસ્કોસ્થિત ‘એકેડમી ઑવ્ સાયન્સીસ’ની ‘ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ લિંગ્વિસ્ટીક્સ’માંથી, એમણે ૧૯૭૪માં ‘હિન્દી અને રાજસ્થાની ભાષાનાં તુલનાત્મક વ્યાકરણ’ વિષય સાથે પીએચ.ડી.ની ઉપાધિ હાંસલ કરી હતી. ભારતીય ભાષાવિજ્ઞાન વિભાગમાં, ‘સામાન્ય ભાષાવિજ્ઞાન’ સરીખા વિષય હેઠળ બી.એ. તેમ જ એમ.એ. સ્તરનાં વિદ્યાર્થીઓને હિન્દી; બી.એ. સ્તરનાં વિદ્યાર્થીઓને ઉર્દૂ અને પંજાબી જેવા વિષયોનું એ આજકાલ અધ્યાપનકામ કરાવે છે. વળી, ચૌદથી વીસમા સૈકાઓ વચ્ચે હિન્દી, ઉર્દૂ, ગુજરાતી તથા રાજસ્થાની ભાષાઓના ઐતિહાસિક વિકાસનું શિક્ષણ પણ આપે છે. એમનાં શિક્ષણકામમાં બીજાત્રીજા આવા વિષયોનો ય સમાવેશ છે : હિન્દી, ઉર્દૂ, ગુજરાતી તથા રાજસ્થાની ભાષાઓનાં વાક્યરચના સંબંધક પ્રકાર વિજ્ઞાન; હિન્દી અને હિન્દી મૂળાક્ષરોનાં શબ્દાર્થ માળખાં; આદિ ગ્રંથ અને જનમ સાખીઓમાંની ભાષા; તેમ જ શીખ ધર્મ.

જનમસાખીઓ (Punjabi: ਜਨਮਸਾਖੀ, janamsākhī) એટલે જન્મની વાતો. પહેલવહેલા શીખગુરુ ગુરુ નાનકની જીવનકથાને વણી લેતી આ વાતો છે. નાનક સાહેબના મરણ પછી, જુદા જુદા સ્તરે લખાયેલી આ વાર્તાઓ હોવાનું કહેવાય છે. જ્યારે ‘આદિ ગ્રંથ’ (સીધો અર્થ : પ્રથમ પુસ્તક) સને ૧૬૦૪ના અરસામાં ગુરુ અર્જુનદેવજીએ જે ધર્મદર્શન આપ્યું તેનો સંચય છે. શીખધર્મીઓ માટે આ પવિત્ર ગ્રંથ છે. સને ૧૭૦૪થી ૧૭૦૮ના અરસામાં, વળી, દસમા ગુરુ, ગુરુ ગોવિંદસિંહજીએ આ ગ્રંથમાં પવિત્ર ‘શબદ’નું ઉમેરણ કર્યું છે. પોતાના મરણ પહેલાં, ગુરુ ગોવિંદસિંહજીએ ‘આદિ ગ્રંથ’ને શીખો માટે શાશ્વત ગુરુ ઘોષિત કરતાં, તે ગ્રંથ ત્યાર પછી ‘શ્રી ગુરુ ગ્રંથ સાહેબ’ તરીકે સર્વત્ર પ્રસ્થાપિત છે.

આજના યુક્રેનના પાટનગર, કીવમાં, ૩૧ ઑક્ટોબર ૧૯૪૫ના રોજ જન્મેલાં લ્યુદ્‌મિલા ખોખલોવાને પોતાની માતૃભાષા રૂસી ઉપરાંત હિન્દી, ઉર્દૂ, પંજાબી, અંગ્રેજી (બોલચાલ સાથે), ગુજરાતી, ફ્રેન્ચ તેમ જ જર્મન ભાષાઓ આવડે છે. છેલ્લી ભાષાઓમાંથી પસાર થતી વેળા એમને ક્યારેક ક્યારેક જરૂરી શબ્દકોશોનો મહાવરો રાખવાનો થાય છે.

લ્યુદ્‌મિલાબહેનના પતિ, પ્રાધ્યાપક બોરિસ ઝખરીન પણ જાણીતા ભાષાવિદ્ છે. મૉસ્કો સ્ટેટ યુનિવર્સિટીની ‘ઇન્સ્ટિટયૂટ ઑવ્ એશિયન એન્ડ આફ્રિકન સ્ટડીઝ’માં ભારતીય ભાષાવિજ્ઞાન વિભાગમાં વડા તરીકેની સેવાઓ હાલ એ આપી રહ્યા છે. આ જાણીતા હિન્દવી ભાષાશાસ્ત્રીએ હિન્દી, ઉર્દૂ, કાશ્મીરી અને સંસ્કૃત ભાષાઓ વિશેનાં પ્રકાશનો આપ્યાં છે. પ્રાચીન ભારતની ભાષાકીય પરંપરાઓ વિષયક, હાલમાં, એ સંશોધન-અભ્યાસ કરી રહ્યા છે, તેમ જણાયું છે. દંપતીને બે દીકરાઓ છે - દ્મીત્રી ઝખરીન અને એલેક્સી ઝખરીન. મોટો દીકરો કોન્સ્તાન્ઝ યુનિવર્સિટીમાં સાંસ્કૃતિક માનવશાસ્ત્ર વિજ્ઞાન વિભાગમાં કામ કરી રહ્યો છે. જ્યારે બીજો દીકરો મૉસ્કો સ્ટેટ યુનિવર્સિટીમાં જ ચીની સાહિત્ય અને તત્ત્વજ્ઞાન ક્ષેત્રે પ્રવૃત્ત છે.

લ્યુદ્‌મિલાબહેનને નામે રૂસી ભાષામાં વીસેક જેટલાં પ્રકાશનો થયાં છે. જ્યારે અંગ્રેજીમાં એમણે આશરે બારેક પ્રકાશનો પ્રગટ કર્યાં છે. પંજાબી, રાજસ્થાની, હિન્દી, ઉર્દૂ અને ગુજરાતી ભાષાઓ અંગેની મજબૂત સામગ્રીઓ આ સમગ્રમાં ભરી પડી છે. ‘પંજાબી સાથ’ (યુનાઈટેડ કિંગ્ડમ) નામક એક સંસ્થા દ્વારા, પંજાબી તથા શીખ અભ્યાસ માટે લ્યુદ્‌મિલાબહેને આપેલા નોંધપાત્ર

પ્રવેશપરીક્ષામાં નાપાસ થયા હતા. ત્યારબાદ વડોદરાની એમ.એસ. ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સમાં એડમિશન મેળવી ત્યાં અભ્યાસ કર્યો. સુપ્રસિદ્ધ ચિત્રકાર એન.એસ. બેન્દ્રે તથા પ્રોફેસર કે.જી. સુબ્રમણ્યમ્ એમના શિક્ષકો હતા. એમના માર્ગદર્શનથી હકુભાઈ ચિત્રકળાનાં રહસ્યો ઉકેલતા થઈ ગયા - પામતા થઈ ગયા - સર્જન કરતા થઈ ગયા.

હકુભાઈના વતન વાલોડની નજીક જ વેડછી આશ્રમ. એ વિસ્તાર બારડોલીથી બહુ દૂર નહીં. એને કારણે મહાત્મા ગાંધી, સરદાર પટેલ જેવી રાષ્ટ્રીય વિભૂતિઓનાં ચિંતનની ભારે અસર આખા વિસ્તારમાં. મેટ્રિકની પરીક્ષા બાદ હકુભાઈએ મહાદેવભાઈની ડાયરી લખવાનું કાર્ય - લહિયા તરીકેનું કરેલું. નરહરિ પરીખની સાથે એમણે પણ દિવસનાં અમુક પાનાં લખવાનાં મળતાં. પાના દીઠ એમને મહેનતાણું પણ મળતું. હકુભાઈના જીવનની એ પ્રથમ કમાણી હતી!

આજે તો હકુ શાહ ચિત્રકાર તરીકે વિખ્યાત છે. ગૂજરાત વિદ્યાપીઠના સંસ્કાર એમના લોહીમાં વહે છે. ચિત્રોમાં પાત્રોની સાદગી, વિષયની પસંદગી, પ્રસ્તુતિની સિદ્ધતા વગેરે દ્વારા એમની આગવી એક શૈલી ઊભી થઈ ચૂકી છે. ‘માર્વેલ આર્ટ ગેલેરી’, અમદાવાદમાં ગત સપ્તાહ દરમિયાન એમનાં ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મુકાયું અને કલારસિકોએ મનભરીને માણ્યું. અવાર-નવાર એમનાં ચિત્રો દેશભરમાં પ્રર્દિશત થતાં રહે છે - પરદેશમાં પણ થતાં રહે છે. આપણા ગુજરાતની આવી ગાંધીમૂલ્યોને વરેલી પ્રતિભાનું સન્માન થતું જોઈ ચોક્કસ જ ગૌરવની લાગણી અનુભવાય છે.

(સદ્‌ભાવ : “સંદેશ”, ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૦)

ફાળા અંગે, એમને સન ૨૦૦૫માં ‘ઈગોર સેરેબ્રિયાકોવ’ પુરસ્કાર એનાયત કરાયો હતો. જ્યારે ભારત સરકારે, ૨૦૦૭માં, એમને ‘હિન્દી ભાષા ઔર સાહિત્ય કે ક્ષેત્ર મેં બહુમૂલ્ય યોગદાન કે લિયે’ ખાસ પુરસ્કાર એનાયત કરેલો છે.

લ્યુદ્‌મિલાબહેન કહેતા હતાં કે જ્યારે મેં હિન્દી ભણાવવાનો આરંભ કર્યો ત્યારે વાંચન માટે અમને “જનયુગ” જ મળતું રહેતું. તેનો અમને સંતોષ પણ નહોતો. એ દિવસોમાં નસીબ જોર કરતું હશે એટલે તો મૉસ્કો રેડિયો પરેથી રાધેશ્યામ દૂબેનો અવાજ પડઘાતો હતો. દૂબેજી રેડિયો પરે હિન્દી વિભાગના ત્યારે ઉદ્‌ઘોષક હતા. ‘મને હજુ ય એમનો અવાજ સાંભરે છે,’ તેમ એ ગૌરવભેર કહેતા રહ્યાં. આજે દૂબેજી દિલ્હીમાં નિવૃત્ત જીવન વીતાવી રહ્યા છે. તાજેતરની ભારત મુલાકાત દરમિયાન દૂબેજીને મળવાનો મને સુયોગ મળેલો. કોઈ પણ વિષય લો, દૂબેજી પાસે તેની અગાઢ જ્ઞાનસમૃદ્ધિ પામીએ જ પામીએ. એમનો તે અસ્ખલિત જ્ઞાનપ્રવાહ હજુ ય મનને તરબતર કરતો રહ્યો છે.

અતુલ સવાણી અમને કહેતા હતા કે આશરે ચચ્ચાર દાયકાઓ પહેલાં, સન ૧૯૬૬માં, હું જ્યારે મૉસ્કો પહોંચ્યો ત્યારે ભારતીય ભાષાઓના, સાહિત્યના, સાંસ્કૃતિક વિરાસતના વિવિધ ક્ષેત્રે કામ કરતી અનેક વ્યક્તિઓને મારે ય મળવાનું બન્યું હતું. તેમાં લ્યુદ્‌મિલા ખોખલોવા પણ એક હતાં. અમારી વચ્ચે રસનાં અનેક સામ્યો હતાં, તેમ અમને સમજાતું ગયું. ધીમે ધીમે અમે મિત્રો ય બનતા ગયાં. ગુજરાતી ભાષામાં પણ એમણે ઊંડો રસ બતાવેલો. લ્યુદ્‌મિલાબહેન હૂંફાળા દિલનાં ભારે બુદ્ધિશાળી વ્યક્તિ છે. પોતાના રસના વિષયો પરની એમની પકડ મજબૂત દેખી છે અને તે ક્ષેત્રે એમનો ઊંડો અભ્યાસ આંખે ઊડીને વળગતો આવ્યો છે. એ સખત મહેનત કરતાં રહે છે અને એ જે કોઈ યોજના કે કામ હાથમાં લે છે તેને પૂરેપૂરો ન્યાય પણ આપે છે. મૉસ્કો યુનિવર્સિટીનાં એ ભારે પ્રભાવક અને આદરમાન અધ્યાપક સાબિત થયાં છે. ભારતના એ અદના ચાહક છે. અહીં ‘ભારત’ એટલે તેનો સર્વગ્રાહી અર્થ. લ્યુદ્‌મિલાબહેન અવારનવાર પ્રવાસ ખેડતાં રહે છે અને તેમાં ભારતનો ય સમાવેશ છે. અનેક પરિસંવાદો, પરિષદો અને સભાબેઠકોમાં તે હાજરી પણ આપે છે અને સક્રિયતાએ ભાગ પણ લે છે.

મૉસ્કોના અમારા પ્રવાસ દરમિયાન લ્યુદ્‌મિલાબહેનને બેચાર વખત નિરાંતવા મળવા હળવાનું બનેલું. આમ તો પ્રકાશ ન. શાહ તેમ મારા ય એ યજમાન હતાં. એમના જ વિભાગ દ્વારા અમને રશિયામાં સ્પોન્સર કરવામાં આવેલા હતા.

બીજી બાજુ આગળ જોયું તેમ, રશિયામાંના પૌર્વાત્ય અભ્યાસ અંગે લિયોનિદ કુલિકોવનો [Leonid Kulikov] એક લેખ જોવા મળ્યો છે. એમના જણાવ્યા મુજબ, છેક સને ૧૮૧૮માં, ‘ઇન્સ્ટિટ્યૂટ ફૉર ઑરિયેન્ટલ સ્ટડીઝ’નો આરંભ થયાનું નોંધાયું છે. એ વરસે સેન્ટ પિટર્સબર્ગમાં એક ‘એશિયાટિક મ્યુઝિયમ’ની રચના કરવામાં આવેલી. બીજા વિશ્વયુદ્ધ પછી મૉસ્કોમાં તે અભ્યાસનો ધમધોકાર કારભાર શરૂ થયેલો તેમ કહેવાય છે. એક વેળા, આ સંસ્થા હેઠળ આશરે એક હજાર સંશોધકો કામ કરતા હતા તેવો અંદાજ પણ સાંપડે છે. પ્રસન્નચિત્ત બની જવાય તેવું ભારે સમૃદ્ધ એક પુસ્તકાલય પણ આ વિભાગને વરેલું છે.

હવે આની સરખામણી ગુજરાતની પરિસ્થિતિ સાથે કરીએ તો શરમથી માથું જ નીચે ઢળી પડે છે. ગુજરાત કને જે કોઈ મુખ્ય યુનિવર્સિટીઓ છે, તેમાં અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી, વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી, સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, આણંદ પાસે વલ્લભ વિદ્યાનગરમાં આવી સરદાર પટેલ યુનિવર્સિટી, પાટણમાં આવી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, રાજકોટમાં આવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ભાવનગરની યુનિવર્સિટી તથા ગૂજરાત વિદ્યાપીઠનો સમાવેશ થાય છે. આ સિવાય બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી, દાંતીવાડામાં આવી કૃષિ યુનિવર્સિટી, જામનગરની આર્યુવેદ યુનિવર્સિટીની પણ ગણતરી છે. પણ માનશો ? મારા સાહેબ, પાટણ અને સુરતના ટીંબે બેઠેલી બન્ને ય યુનિવર્સિટીઓમાં ગુજરાતી નામે કોઈ વિભાગ જ નથી ! અને ભાષા વિજ્ઞાનને નામ ? એક રીતે જોઈએ તો ગુજરાતમાં સાર્વત્રિક ખાલીપો છે. આજકાલ બીજી બેચાર નવીનક્કોર યુનિવર્સિટીઓ ઊભી કરાઈ છે તેમાં, ભલા, કેવીક હાલત હશે ?!

એક જમાનામાં સુરતસ્થિત યુનિવર્સિટીમાં ભાષા વિજ્ઞાનનો મજેદાર વિભાગ હતો. ડૉ. દયાશંકર એમ. જોશી સરીખા વિદ્વાન ભાષાશાસ્ત્રી તેના વડા હતા. કહેવાય છે કે તત્કાલીન ઉપકુલપતિને ફાવ્યું નહીં અને દયાશંકરભાઈએ વિદાય લીધી અને વિભાગને લાગી ગયાં ખંભાતી તાળાં ! ભાષાની ઐસી તૈસી; આપણે તો, બસ, શાસન ચલાવવું ! ભણતરની ક્યાં ચિંતા કરવી ?! એક જમાનામાં એમ તો ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ હેઠળ ગુજરાતીની પાંચ સ્તરીય પરીક્ષાઓ લેવાતી. તે પણ હાલ રજા પર છે. આ ‘ગુજરાતી બચાવો’ના આંદોલનકારો, વંદનાયાત્રાના યાત્રિકો જ્યાં ત્યાં ભૂવા ભરાડા ધૂણે રાખે છે તેમ હાકોટાપાકોટા માર્યા કરે છે. …

… તેમને ક્યાં ય આ ‘બચાઇડા’ મૉસ્કોમાંથી ય કંઈક શીખવા મળતું હોય તો !

પાનબીડું :

પોતાની જરૂરિયાતોની શોધમાં માનવી જગતભરમાં પ્રવાસે નીકળી પડે છે, પરંતુ ઘેર પાછો ફરે છે ત્યારે એને તે સાંપડી બેસે છે.

– જ્યૉર્જ મૂર

(૧૮૫૨-૧૯૩૩, આયરિશ સાહિત્યકાર)

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

સહભાગીનું સૌને સહૃદય વાયક : ‘સંકેલે’ પધારજો !

‘સંકેલો’નો અવસર, હળવે પગલે, રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦ના દિવસે આવી રહ્યો છે, તેની નોંધ તમે દરેકે લીધી જ હોય. આ આપણો દરેકનો અવસર છે. આ સમૂળો અવસર સહજપણે સમાજ આધારિત જ હોય, તેવી સમજણ કેળવી છે. વિમાની ટિકિટો, વીઝા ખર્ચ, સભાખંડનો ભાડાખર્ચ, ચાપાણી, ભોજન સમેતની સગવડ, વગેરે વગેરે પેટે આશરે ચાર સાડાચાર હજાર પાઉન્ડનો ખર્ચ થવાની વકી છે. પચાસ પચાસ પાઉન્ડના અકેકા દાતા વાચકોમાંથી જાગે, તો ચપટી વગાડતા જ માત્ર એંશી જ વાચકો યજમાન બની શકે. કોઈક વધુ આપવાનું ય વિચારી શકે. ચેક Parivaar Communicationsને નામે જ થાય. હા, એટલી વાત તદ્દન પાક્કી : દરેકને દાન સામે પાવતી આપવામાં આવે અને તે દરેકનો જાહેરમાં સ્વાભિાવક આભાર પણ માનવામાં આવે. … તો, ભેરુ, પધારજો.

કવિ પ્રદ્યુમ્ન તન્ના, ખરેખાત, સાચું કહે છે :

દિલથી દીધું દૂગણું થઈ વળતું રહે પરત !
તરતોતરત ભાઈ ભલે ના ઊકલે એનો અરથ !

કહેવાય છે કે હરીન્દ્ર દવે કહેતા : ‘અમને નિશ્ચયનું બળ આપો, મારા નાથ.’ તમારો નાથ, આપણો નાથ, મને, તમને અને આપણને દરેકને આવા નિશ્ચયનું અપરંપાર બળ આપી રહો.

પ્રતિઘોષરૂપે, અબીહાલ, આ વાચકમિત્રો સહભાગી બન્યાં છે :

રમેશભાઈ બાબુભાઈ પટેલ (£21), મંજુબહેન ને ચુનીભાઈ શાહ (£25), મહાશ્વેતાબહેન પટેલ (£25), વલ્લભભાઈ નાંઢા (£50), અનામી વાચક (£50), ભદ્રાબહેન ને શાંતિલાલ વડગામા (£50), કીર્તિદાબહેન પંકજભાઈ જોશી (£50), લતાબહેન ને કેશવભાઈ જે. પટેલ (£50), એક વાચક દંપતી (£50), સુનંદાબહેન ને જયંતભાઈ સી. ઝવેરી (£51), કુસુમબહેન આઈ. પટેલ (£51), મણિલાલભાઈ નારણભાઈ વિઠ્ઠલાણી (£100), અરુણાબહેન ને શાન્તૂભાઈ રૂપારેલ (£101), રતિલાલભાઈ પી. ચંદરિયા (£175.25).

નયનાબહેન ને પ્રકાશ ન. શાહ (સન્માન માટે શાલપોષાક); ‘અમદાવાદ એકશન વીમેન્સ ગ્રુપ’ - ‘આવાઝ’ (અવસર માટે હારતોરા); ‘હ્યુમન સર્વિસીસ ટ્રસ્ટ’ (હૉલનું સામૂકું ભાડું)

• આ પહેલાંની રકમ : £1462.25 • કુલ રકમ : £2,311.50

રોમ, ઢાકા, ઈસ્લામાબાદ

• પ્રકાશ ન. શાહ

નક્કી નથી કરી શકતો, આજે ક્યાં પહોંચું : રોમ, ઢાકા કે પછી ઈસ્લામાબાદ? આવતી કાલે વિશ્વ માતૃભાષા દિવસ છે, અને એની પૂર્વસંધ્યાએ આ ત્રણમાંથી એકાદ ઠેકાણે પહોંચવાનું મન કેમ થાય છે, કહું? રહી રહીને છેવટે ઈટલીની સરકાર, પાટનગરી રોમમાં બાંગલાદેશની એલચી કચેરી કને બિલકુલ લગડી જેવો એક જમીન ટુકડો ફાળવવા રાજી થઈ છે.

બાંગલાદેશની સરકાર ત્યાં એક શહીદ મિનાર ખડો કરવા માગે છે- એ શહીદોની યાદમાં જેમણે ૧૯૫૨માં પૂર્વ બંગાળ (પૂર્વ પાકિસ્તાન) પર બાંગલાને બદલે ઉર્દૂ લાદવાની પાકિસ્તાન સરકારની જુલમજોહાકી સામે ઝંડો ઉપાડતાં જાન ખોયો હતો. બંગબંધુ મુજીબૂર રહેમાનના નેતૃત્વમાં, પછીથી, દુનિયાની રાજકીય ભૂગોળ ઉપર બાંગલાદેશ રૂપે ઉભરનાર સ્વતંત્ર રાષ્ટ્ર રાજ્ય માટેની લડતનો એ અણચિંતવ્યો આરંભ હતો, અને એ દિવસ ૨૧મી ફેબ્રુઆરીનો હતો.

બાંગલા ભાષાસંસ્કૃતિને ધોરણે બની આવેલા બાંગલાદેશની, યુનેસ્કો-યુનાઈટેડ નેશન્સ સમક્ષ તે પછીનાં વર્ષોમાં થયેલી રજૂઆતને પગલે છેલ્લા એકાદ દાયકાથી વિશ્વસ્તરે માતૃભાષા દિવસનો રૂડો ચાલ શરૂ થયો છે. કહો, રોમમાં શહીદ મિનારના શિલાન્યાસનો તખતો ગોઠવાતો હોય તો મનોમન ત્યાં હોવું કેમ ના ગમે. અથવા તો, ગંગોત્રી ઘટનાસ્થળે એટલે કે ઢાકામાં હોવું પણ સોજ્ઝું તો લાગે જ.

અલબત્ત, ઈસ્લામાબાદમાં માતૃભાષા દિવસ કેમનો મનાવાય છે એ જોવા-જાણવા-સમજવાની હોંશ પણ થઈ આવે છે. આમ તો, આ દિવસનાં મૂળ પશ્ચિમ પાકિસ્તાને પૂર્વ પાકિસ્તાન સાથે ચલાવેલી સાંસ્થાનિક મનમાનીમાં પડેલાં છે. દેખીતી રીતે જ, હાલના પાકિસ્તાન માટે આ બહુ સુખદ સ્મરણ નયે હોય.

પણ બ્રિટિશ કાપડનો બહિષ્કાર પોકારી પોતે જેમને બેરોજગાર કરવામાં નિમિત્ત બન્યા હતા એ લિવરપુલના મિલ કામદારોને છેવટ જતાં જેમ ગાંધીનો કેસ વસ્યો હતો તેમ કોઈ ઉર્દૂદાંને પણ બાંગલાનો કેસ વસી તો શકે - કેમ કે સવાલ કંઈ બાંગલાનો નથી, માતૃભાષા માત્રનો છે, અને એથી ઉર્દૂનો એટલો જ અંગ્રેજી કે ઈટાલિયન અગર ગુજરાતી-મરાઠીનો પણ છે.

નરસિંહથી નર્મદ લગીની માતૃભાષા વંદનાયાત્રા નિમિત્તે ગુજરાતે હજુ હમણાં જ કેટલાક આનુષંગિક મુદ્દાઓ બાબતે નિસબત અને ઊહાપોહથી માંડી ઉજવણાંનો અનુભવ કીધો છે. બને કે વિશ્વ માતૃભાષા દિવસના ઉગમમાં પડેલો આ હકીકતી મુદ્દો ગુજરાતની ચેતનાને ધોરણસરના દિશાબોધપૂર્વક સંકોરવામાં ઉપયોગી થઈ પડે. સાંસ્થાનિક વલણો સામે સ્વરાજની લડાઈનો એ તિખારો હતો અને છે.

> शुं करुं, हुं मीरां नथी - नहीं तो
> शिक्षणसंस्थानोनी गुरुगादीए बेठेला
> बधा गुंसाईजी महाराजोने एवो सवाल
> चीखी चीखीने पूछुं के व्रजमां वसी पुरुष
> रह्या छो । धन्य तमारो विवेक ।

ભટ્ટ પ્રેમાનંદનું અને ગુણવંત શાહનું જે વડોદરું, તેમાં મારાં પ્રાથમિકનાં વર્ષો મેં ગાળેલાં છે. સ્વરાજપ્રાપ્તિ અને વિલીનીકરણનાં (ગાયકવાડી વડોદરા એ વખતના મુંબઈ રાજ્યમાં ભળ્યું તે બધાં) વર્ષોનો હું બાળ સાક્ષી છું. પછીનાં વર્ષોમાં સવાઈ ગુજરાતી અને અનેરા વિશ્વભારતી કાકા કાલેલકરની એ મર્મોક્તિ હૃદયમાં શૂળની પેઠે ભોંકાતે છતે (કે કદાચ એથી જ) સવિશેષ સમજાતી રહી છે કે ગુજરાતી ગયું અને અંગ્રેજી આવ્યું ત્યારે વડોદરાએ જાણ્યું કે સ્વરાજ આવ્યું છે.

શું કરું, હું મીરાં નથી - નહીં તો શિક્ષણસંસ્થાનોની ગુરુગાદીએ બેઠેલા બધા ગુંસાઈજી મહારાજોને એવો સવાલ ચીખી ચીખીને પૂછું કે વ્રજમાં વસી પુરુષ રહ્યા છો, ધન્ય તમારો વિવેક. બાળકને સારુ ઉત્તમોત્તમ માધ્યમ માતૃભાષા છે એટલી સાદી અને પાયાની વાત કેમ નથી સમજાતી? જોકે આ સવાલ શિક્ષણના કારોબારીઓ કરતાં વધુ તો સત્તા-કારભારીઓને અને સંતાનો પર ન જાણે કિયા જનમનું વેર લેતા માબાપોને પૂછવાપણું છે.

દડો ખરું જોતાં દિલ્હી-ગાંધીનગરના વંડામાં છે. તેઓ જે ભાષામાં મત માગી શકે છે તેને વાસ્તવિક રાજકાજની ભાષાનું પહેલા ખોળાનું સ્થાન આપી શકતા નથી. મુઘલ દરબાર હતો અને ફારસીનો મહિમા હતો - કારકિર્દીની સીડીરૂપે, વ્યાવસાયિક વખાના માર્યા કે હેવાયા, એમ અસ્થાને અંગ્રેજીનોયે છે. હાલની આંધળી દોટમાં માબાપ પણ છોકરાંવને, પછીથી, અંગ્રેજી માધ્યમમાં જ ઝીંકે ને. વર્ષોપર ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે વ્યાખ્યાનો આપતાં અંગ્રેજીદાં વી.વી. જોને માર્મિક વાત કરી હતી કે મને ભય છે કે જે તે વિષયને બદલે આપણે અંગ્રેજીના ભાષાજ્ઞાનને વધુ મહત્ત્વ આપી ન બેસીએ.

તળ બોલીઓ અને ભાષાઓ ઘસાવાનું, લુપ્ત થવાનું વલણ એકધારું ચાલુ છે. વૈશ્વીકીકરણની ભીંસમાં, અસ્થાને અંગ્રેજીને મળતી વિશ્વમાન્યતા આ પ્રક્રિયાને સારુ દોડતાંને ઢાળ મળ્યા સરખી પુરવાર થઈ

વિલાયતની હવેલીનો અહર્નિશ વેલેન્ટાઈનોત્સવ

(A sublime option to clubbing and a place for gracious Gujarati ladies to preserve language and culture in their own way)

• પંચમ શુક્લ

ગુજલીશ બોલિયેં ગોટપીટ ગોટપીટ,
ઑકે ડૉકે ડોલિયેં ગોટપીટ ગોટપીટ.

અચવેલું ચવિયેં ગોટપીટ ગોટપીટ,
કાલું ઘેલું ડચિયેં ગોટપીટ ગોટપીટ.

જલ્સાથી જીવિયેં ગોટપીટ ગોટપીટ,
ભાષાને જીવાડિયેં ગોટપીટ ગોટપીટ.

ઝીણું ઝણઝણિયેં ગોટપીટ ગોટપીટ,
રૂડું રણઝણિયેં ગોટપીટ ગોટપીટ.

ખૂબ ખણખણિયેં ગોટપીટ ગોટપીટ,
બુન! શું ખણિયેં ગોટપીટ ગોટપીટ?

ગોપીગીત રચિયેં ગોટપીટ ગોટપીટ
કુચકુચ કચિયેં ગોટપીટ ગોટપીટ.

મુખિયાને મલિયેં ગોટપીટ ગોટપીટ,
છટ્ છટ્ છકિયેં ગોટપીટ ગોટપીટ.

ભુરકસ ભમિયેં ગોટપીટ ગોટપીટ,
વાંહેવાંહો દળિયેં ગોટપીટ ગોટપીટ.

હાલ હચમચિયેં ગોટપીટ ગોટપીટ,
સુધબુધ લચિયેં ગોટપીટ ગોટપીટ.

થોડુંક ઊપણિયેં ગોટપીટ ગોટપીટ.
થોડુંક આછરિયેં ગોટપીટ ગોટપીટ.

એવું રે ઊછળિયેં ગોટપીટ ગોટપીટ,
કદી નવ શમિયેં ગોટપીટ ગોટપીટ.

સીત્ સીત્ કરિયેં ગોટપીટ ગોટપીટ,
સબરસ ઝરિયેં ગોટપીટ ગોટપીટ.

કૂણું કણકણિયેં ગોટપીટ ગોટપીટ,
હાં રે! કરગરિયેં ગોટપીટ ગોટપીટ.

થાકીને લથડિયેં ગોટપીટ ગોટપીટ,
ઘરે પાછા ફરિયેં ગોટપીટ ગોટપીટ.

કાલે ફરી મળિયેં ગોટપીટ ગોટપીટ,
આથી વધુ કરિયેં ગોટપીટ ગોટપીટ.

(૧૪-૦૨-૨૦૧૦)

e.mail : spancham@yahoo.com

રહી છે. નરસિંહનાં પદો કે ગાંધીની આત્મકથાની ભાષા મરવાની નથી એમ ગૌરવ લેતા રહીશું અને માધ્યમવિવેક બાબતે જોયું ન જોયું કરીશું તો ભવિષ્યમાં વંદનાયાત્રાઓના લીસોટા-ચીસોટા રહેશે, પણ ત્યારે અલબેલા સાંબેલા જે એમાં પ્રસંગ શોભાવવા ગાતા હશે તેય બચાડા રોમન લિપિમાં ખપ પૂરતી ગુજરાતી ગીત પંક્તિઓ વાટે રોડવતા હશે.

અસ્થાને અંગ્રેજી સામેનો આ અવાજ, હું મારાં મૂળિયાંમાં રોપાઈને વિશ્વ સાથે સંવાદ સાધી શકું એ ભૂમિકાએથી છે. 'સ્થાપક' કહેતાં જેટલો સ્થાનિક તેટલો જ વ્યાપક અભિગમ એની પૂંઠે છે. બાકી તો, ૨૧મી ફેબ્રુઆરી આવી શું, ગઈ શું. ઢાકા શું, અમદાવાદ શું.

(સદ્ભાવ : "દિવ્ય ભાસ્કર", ૨૦.૦૨.૨૦૧૦)

e.mail ; prakash.nirikshak@gmail.com

માતૃભાષાની ચિંતા વિશેની ચિંતા

• ઉર્વિશ કોઠારી

પચાસેક વર્ષ પહેલાં ઝવેરચંદ મેઘાણીનો ઉલ્લેખ હંમેશાં 'સ્વર્ગસ્થ મેઘાણી' તરીકે જ થતો. જ્યાં ને ત્યાં. જ્યારે ને ત્યારે. પરિણામ એ આવ્યું કે ફક્ત 'સ્વર્ગસ્થ' બોલાય તો મેઘાણી યાદ આવે ને ફક્ત 'મેઘાણી' બોલાય તો સ્વર્ગસ્થ યાદ આવે! 'ગુજરાતી બચાવો'ની સ્થિતિ અત્યારે કંઈક એવી છે : ફક્ત 'ગુજરાતી' બોલાય, તો પણ 'ગુજરાતી બચાવો' જ સંભળાય છે.

ગુજરાતમાં ત્રણ-ચાર દાયકા પહેલાં અંગ્રેજી બચાવવાની સીઝન ચાલતી હતી. શિક્ષણમાં અંગ્રેજી દાખલ કરાવવા માટે બૌદ્ધિકોએ આંદોલન કરવાં પડતાં હતાં અને અદાલતી લડાઈઓ લડવી પડી હતી. હવે ગુજરાતી બચાવવા માટે આંદોલન, ઝુંબેશ, પ્રચાર, જાગૃતિ, પી.આર. ... બધું કરવામાં આવે છે. છતાં હજુ સુધી પરિણામ તો દૂર, તેની દિશા સાચી હોવાની પણ એંધાણી મળતી નથી.

માતૃભાષા તરીકે ગુજરાતી ખરેખર ખતરામાં છે? એ લુપ્ત થઈ જશે? એને બચાવી શકાય એમ છે? એ ચર્ચા છેડતાં પહેલાં, અત્યાર સુધી ઘૂંટાતી રહેલી ગેરસમજણોને દૂર કરવી રહી.

ગેરસમજણ ૧: ભાષા એટલે સાહિત્ય

બહુમતિ લોકો ભાષાની વાત આવે એટલે 'આ તો સાહિત્યની વાત છે' એમ કહીને કપડાં ખંખેરીને ઊભા થઈ જાય છે. ઘણા સાહિત્યકારોને પણ આ સ્થિતિ (પોતાનો ધારી લીધેલો વિશેષાધિકાર) મનોમન ગમે છે. હકીકતે, ભાષાનો સંબંધ કે ભાષાનો ઠેકો સાહિત્યકારો પાસે નથી.

સરખામણી કરવી હોય તો કહી શકાય કે, ભાષા સોનાની લગડી છે અને સાહિત્યકારો સોની છે. એ લોકો ભાષામાંથી પોતાની આવડત-વૃત્તિ (કે બજારની માગ) પ્રમાણે ઘરેણાં બનાવે છે. પણ જેમની પાસે ઘરેણાં બનાવવાની આવડત નથી, એમની પાસે સોનાની લગડી તો છે જ અને એની કિંમત જરાય ઓછી નથી. બલકે, ઘરેણાંમાંથી લગડી નહીં, લગડીમાંથી ઘરેણાં બને છે.

ગેરસમજણ ૨: ભાષાબચાવો એટલે અંગ્રેજીનો વિરોધ

ગુજરાતીની વાત નીકળે એટલે એક મોટું જૂથ તરત આધુનિક યુગમાં અંગ્રેજી કેટલું જરૂરી છે, અંગ્રેજી જાણનારા કેટલા આગળ નીકળી ગયા ને અંગ્રેજી નહીં જાણનારા કેટલા પાછળ પડી ગયા, તેની કથાઓ શરૂ કરી દે છે. ગુજરાતીની વાત કરનારને એટલું કહેવાની પણ તક નથી મળતી કે 'જે ભાષામાં - જે માધ્યમમાં ભણવું હોય તેમાં ભણો, પણ માતૃભાષાને અભરાઈએ ચડાવવાની કે તેનાથી શરમ અનુભવવાની શી જરૂર છે?'

અંગ્રેજીનો વિકલ્પ નથી એ ખરું છે. પણ ગુજરાતમાં કૌટુંબિક અને અંગત વ્યવહારમાં ગુજરાતી ભાષાનો સન્માનજનક વિકલ્પ છે ખરો? મોટી ઉંમરનાં દાદા-દાદી કે નાની ઉંમરનાં માતા-પિતાને ઈંગ્લિશ મિડીયમનાં બાળકો સાથે ભાંગ્યાતૂટ્યા કે લઘુતાગ્રંથિગ્રસ્ત ઈંગ્લિશમાં વાતો કરતાં સાંભળવાં, એ બહુ કરૂણ દૃશ્ય હોય છે. વડીલો પોતાની ગરજે બાળકો સાથે અંગ્રેજીમાં સંવાદનો પ્રયાસ કરે અને બાળકોની કસોટીમાં નાપાસ થાય, એ કરૂણ દૃશ્ય સામાન્ય બનતું જાય છે.

ગેરસમજણ ૩: જમાના પ્રમાણે પરિવર્તન એટલે ગુજલિશ

'ટેબલ'ને 'મેજ' અને 'ટ્રેન' ને 'આગગાડી' કહેવાની - ટૂંકમાં, ભદ્રંભદ્ર બનવાની - વાત નથી. સાર્થ જોડણી કોશમાં અંગ્રેજી કે ઉર્દૂ તો ઠીક, અલમારી અને ઈસ્કોતરો જેવા પોર્ટુગીઝ ભાષાના શબ્દો પણ ગુજરાતી તરીકે સ્થાન પામ્યા છે. ભાષા એના સહજ ક્રમમાં અને જરૂરિયાત પ્રમાણે બીજા શબ્દોને સમાવતી રહે છે. એ જ રીતે ભાષા સમૃદ્ધ બને છે. પરંતુ અભિવ્યક્તિ માટે પોતાની ભાષામાં સચોટ, સબળ છતાં ભદ્રંભદ્રીય નહીં એવા શબ્દો હાથવગા હોમી છતાં, આધુનિક દેખાવા કે યુવા પેઢી સાથે તાલ મિલાવવા માટે શહેરી બોલચાલની ભાષાના અંગ્રેજી શબ્દો કે શબ્દઝુમખાં ઠપકારવાં, એ ભાષાનો વિસ્તાર નથી. ભાષાની વિકૃતિ છે.

વિસ્તાર અને વિકૃતિ વચ્ચેનો ભેદ ન સમજતા કે ન સમજવા માગતા લોકો આયાસપૂર્વક લખેલી ગુજલિશથી ગુજરાતી ભાષાના ચીરહરણનું દુઃશાસનકાર્ય કરે છે અથવા અનાયાસે - સહજતાથી લખેલી ગુજલિશથી ગુજરાતી ભાષામાં લખવાની પોતાની ગેરલાયકાત છતી કરે છે. છતાં, લખાણમાં અંગ્રેજી શબ્દો ન જ આવવા જોઈએ, એવો ભદ્રંભદ્રીય આગ્રહ જેટલો હાસ્યાસ્પદ લાગે છે, એટલું હાસ્યાસ્પદ 'ગુજલિશ ખાતર ગુજલિશ' લાગતું નથી. કારણ કે તેમાં લખનારની જેમ વાંચનારના પક્ષે પણ 'ક્યાંક આધુનિકતાની ટ્રેન ચૂકી ન જવાય!' - એવી માનસિકતા કામ કરતી હોય છે. આધુનિકતાને માત્ર ભાષા સાથે સંબંધ નથી હોતો, એ સીધુંસાદું સત્ય સૌ પોતપોતાના લાભાર્થે જાહેર થવા દેતા નથી.

ચેતન ભગત ગુજરાતીમાં લખતા હોત તો?

કેટલાક મિત્રો એવું માને છે કે ગુજરાતીમાં કોઈ ચેતન ભગત જેવું લખતું નથી, એટલે યુવાનો ગુજરાતીમાં વાંચતા નથી. આવું માનનારા સ્વાભાવિક રીતે જ ચેતનના ભગત હોય છે. ભગતની ભક્તિ સ્વૈચ્છિક અને અંગત પસંદગીની બાબત છે, પણ તેને એક મૂલ્ય તરીકે - ગુણવત્તાના માપદંડ તરીકે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ હાસ્યાસ્પદ છે. ચેતન ભગતના ચાહકોએ એટલો ભેદ તો પાડવો રહ્યો કે ચેતન ભગતના કારણે અંગ્રેજી નહીં, પણ અંગ્રેજીના કારણે ચેતન ભગત આટલા સફળ છે. ચેતન અત્યારે જે લખે છે, એવું જ જો ગુજરાતીમાં લખતા હોત તો? બહુ સંભવ છે કે તેમના ઘણા ગુજરાતી ભક્તો ખડી પડ્યા હોત.

સાહિત્યકારોથી ભાષાનો વટ પડે છે, એવી માન્યતા પ્રચલિત માન્યતા છે. પણ ખરેખર જેમના થકી ભાષાનો વટ પડે એવા લેખકો બહુ ઓછા હોય છે - અને ગુજરાતી ભાષામાં એવા લેખકો છે, જેમના કારણે ગુજરાતી આપણી માતૃભાષા હોવાનું આપણને ગૌરવ થાય. ફક્ત સાહિત્ય જ શા માટે, વિજ્ઞાન જેવા વિષયોમાં પણ દાયકાઓથી એકનિષ્ઠ કામ કરનારા છે. પરંતુ 'ગુજરાતી બચાવો' મંડળીઓ એ કામને ભાગ્યે જ ધ્યાનમાં લે છે - તેને આદર્શ તરીકે રજૂ કરવાનું તો બહુ દૂર! આ રીતે થોડું ઘણું સારું કામ પણ સરવાળે ખૂણે હડસેલાતું જાય છે અને રોકકળ મુખ્ય કાર્યક્રમ બની જાય છે. તેમાં અંગ્રેજીના આક્રમણ કરતાં વધારે વધારે લોકોની ઉપેક્ષા અને ભાષાના કહેવાતા રક્ષણહારો - તારણહારોની આંધળીબહેરી ચિંતા પણ ભાગ ભજવે છે.

વાત ફક્ત પ્રભાવશાળી અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા લેખકથી ભાષાનું ગૌરવ અનુભવવાની વાત હોય તો ગુજરાતી ભાષા પાસે સૌથી મોટા બ્રાન્ડ એમ્બેસેડર મહાત્મા ગાંધી છે. (એ ચેતન ભગત કરતાં મોટા કહેવાય કે નહીં, એનો નિર્ણય ભગતના ભક્તો નક્કી કરે.) એટલે, ગુજરાતી ભાષામાં સેલિબ્રિટી લેખકો થઈ જાય તો પણ સામાન્ય પ્રજાના મનમાં ભાષાનું ગૌરવ વધી જશે, એવું માની લેવાય નહીં.

ભાષા પહેલાં બીજું ઘણું લુપ્ત થશે

'ગુજરાતી બચાવો'માં કારકિર્દી બનાવવી ન હોય અને ગુજરાતીના ઉદ્ધારક તરીકે પેશ ન આવવું હોય, છતાં માતૃભાષા પ્રત્યે લાગણી હોય તો

પહેલાં થોડો વિચાર અને પછી થોડું આચરણ કરી શકાય. એના માટે સાહિત્યકાર કે કટારલેખક હોવું જરૂરી નથી. ફક્ત ગુજરાતી હોવું પૂરતું છે.

વિચારનો પહેલો મુદ્દો એ છે કે ગુજરાતી ભાષા બોલનારા ગુજરાતીઓનો આંકડો કરોડમાં છે. છતાં, ભાષા લુપ્ત થવાની બૂમો શા માટે? કારણ કે, સમાજના ટોચના, સફળ, ધનિક, બોલકા વર્ગની નવી ભાષા અંગ્રેજી છે. તેમની સફળતામાં અંગ્રેજીનો હિસ્સો કેટલો હતો એ ગૌણ છે, પણ દૂરથી જોનારને એટલો સંદેશો સ્પષ્ટ ઝીલાય છે કે સફળ થવું હશે તો અંગ્રેજી શીખવું પડશે. શાળાઓમાં બીજા (ટકાવારીમાં) ‘કામના’ વિષયો શીખવવાનું ઠેકાણું ન હોય, ત્યાં અંગ્રેજીમાં ક્યાંથી ભલી વાર આવે? એટલે અંગ્રેજી શીખવવાનો અધકચરો છતાં એકમાત્ર રસ્તો, બાળકને ઈંગ્લિશ મિડીયમની સ્કૂલમાં મૂકી દેવાનો છે.

ઈંગ્લિશ મિડીયમમાં બાળકને ભણાવવાનો વાંધો નથી, પણ એ મિડીયમને સફળતાના પર્યાય તરીકે ગણવામાં ગોટાળો છે. લોકો એટલું પણ વિચારતા નથી કે એક જમાનામાં ગુજરાતી માધ્યમમાં હતાં, એથી પણ વધુ વિદ્યાર્થીઓનાં ટોળાં, યોગ્ય શિક્ષકો કે પૂરતી સજ્જતા ન હોય એવી ઈંગ્લિશ મિડીયમની શાળાઓમાં ઉભરાઇ રહ્યાં છે, તો એ બધાં કેવી રીતે સફળ થઇ જશે?

ઈંગ્લિશ મિડીયમમાં ભણતા બાળક માટે ઈંગ્લિશને અપનાવવા જેટલું જ ગુજરાતીને તરછોડવું જરૂરી ગણવામાં આવે છે, એ સૌથી કમનસીબ બાબત છે. આ કાવતરામાં સૌની સહિયારી જવાબદારી છે. વાલીઓને બાળક અંગ્રેજી બોલે એટલાથી ગૌરવ થતું નથી. ગુજરાતી ન આવડે તો જ પોતે અંગ્રેજી મિડીયમમાં ન ભણ્યાનો વસવસો કરતાં માતાપિતાનો મોક્ષ થાય છે. સ્કૂલમાં ફરજિયાત રીતે અંગ્રેજી અને અંગ્રેજી નહીં તો હિંદી પણ ગુજરાતી તો નહીં, નહીં ને નહીં જ, એવો નિયમ રાખવામાં આવે છે. એટલે નખશીખ ગુજરાતી પરિવારનાં ઈંગ્લિશ મિડીયમમાં ભણતાં બાળકો ઘરમાં કે મિત્રો સાથે હિંદી-ઈંગ્લિશમાં વાતો કરે છે અને એકબીજાને આંજવાની પ્રક્રિયામાં એકબીજાથી અંજાય છે.

રહી વાત માતાપિતા કે કુટુંબીજનોની. એમને સમજાય છે કે ગુજરાતી ભાષાને ઊતરતી ગણવા માંડેલું બાળક અંગ્રેજીને ભાષાને બદલે લાયકાત સમજી બેસે છે? અને મોટા ભાગનાં માબાપ એ લાયકાતના અભાવે, માંડ પ્રાથમિક સુધી પહોંચેલા બાળકની નજરમાં ડફોળ ઠરવા માંડે છે? ગુજરાતી ભાષા લુપ્ત થતાં થશે, પણ સંતાનના મનમાંથી તેમનો દરજ્જો અકાળે લુપ્ત થઇ જાય છે.

જે ભાષા કરોડની સંખ્યામાં લોકો બોલતા હોય, તે એમ કંઇ લુપ્ત થઇ જવાની નથી અને ભાષાની બ્રીફ લઇને ફરનારા અણઘડ વકીલોથી બચવાની પણ નથી. ગુજરાતીને બચાવવાનો દાવો મોટો અને ગેરરસ્તે દોરનારો છે. અત્યારે ખરી જરૂર ગુજરાતીને બચાવવાની નહીં, તેનો મહિમા કરવાની છે. તેનું ગૌરવ સ્થાપવાની છે. વૈજ્ઞાનિક અભિગમ અને માતૃભાષાનું વૈજ્ઞાનિક મહત્ત્વ જાણવું જરૂરી છે, પણ લોકોની શરમ તોડવામાં એ માહિતી બહુ કામ નહીં લાગે. તેના માટે સમાજના સફળ-પ્રભાવશાળી વર્ગમાંથી ગુજરાતીનો મહિમા વહેતો કરવો પડે અને તે પણ ઉપદેશ દ્વારા નહીં, આચરણ દ્વારા. બિનગુજરાતી અભિનેત્રીઓ બે લીટી ગુજરાતીમાં બોલી જાય, તો લોકો કેવા અડધા અડધા થઇ જાય છે! તો ખરેખર ગુજરાતી જાણતા - ગુજરાતી વાંચતા પ્રસિદ્ધ લોકો ગુજરાતી ભાષા માટે પોતાની લાગણી જાહેર ન કરી શકે?

ગુજરાતીનો મહિમા કરવાના તમામ પ્રયત્નો આવકાર્ય છે, પરંતુ ભાષાને ગૌરવ અપાવવાનું આખરે સૌ ગુજરાતીઓના હાથમાં છે. ગુજરાતમાં, ગુજરાતી તરીકે રેસ્ટોરાંમાં, બેંકમાં કે બીજી જાહેર સેવાઓની જગ્યાએ ગભરાતાં ગભરાતાં હિંદી - અંગ્રેજીમાં બોલવાને બદલે, છટાથી ગુજરાતીમાં બોલીને પણ ગુજરાતીનો મહિમા વધારી શકાય. સાહિત્યકારોની ઝુંબેશો કરતાં સામાન્ય લોકોનાં આવાં નાનાં પગલાં લાંબા ગાળે મોટો ફરક પાડી શકે છે. ૨૧ ફેબ્રુઆરીને (વિશ્વ માતૃભાષા દિન ઉર્ફે માતૃભાષા મહિમા દિનને) આ પાઠ યાદ કરવા માટે નિમિત્ત બનાવી શકાય.

પરિશિષ્ટ :

પ્રસન્નદાસ પટવારીના લેખના સંકલિત અંશો (ગુજરાતમાં રોયવાદી ચળવળના પંચોતેર વર્ષો, પૃ.104-105)

1948 સુધી દ્વિભાષી મુંબઇ રાજ્યમાં તમામ માધ્યમિક શાળાઓમાં અંગ્રેજી પાંચમા ધોરણથી શીખવવામાં આવતી હતી. 1948 પછી તે આઠમા ધોરણથી શીખવવાનો અમલ શરૂ થયો. બન્ને રાજ્યો 1960માં અલગ થતાં મુંબઇના મુખ્યપ્રધાન યશવંતરાવ ચવ્હાણે મહારાષ્ટ્રમાં અંગ્રેજી પાંચમા ધોરણથી શરૂ કરવાનો નિર્ણય લીધો. કેમ કે અંગ્રેજી વિરોધી નીતિને કારણે વિદ્યાર્થીઓનું નબળું અંગ્રેજી તેઓ સુધારવા માંગતા હતા. મોરારજીભાઇ અંગ્રેજી ભાષાના ઝનૂની વિરોધી હતા.

ગુજરાતના ધારાસભ્યો પૈકી પોપટલાલ જોશી અને ઠાકોરભાઇ ઠાકોર સિવાયના બધા મોરારજીના ટેકેદાર હતા, પરિણામે ગુજરાત રાજ્ય અલગ થતાં ચવ્હાણના નિર્ણયનો અમલ ગુજરાતમાં થતો અટકાવ્યો અને અંગ્રેજી આઠમાથી જ હતું તે ચાલુ રાખ્યું.

શારદાબહેન મહેતાના પ્રમુખપદે પ્રેમાભાઇ હૉલમાં ભરાયેલી અગ્રણીઓની સભામાં ગુજરાત સરકારની અંગ્રેજીવિરોધી નીતિનો સામનો કરવા માટે વાલીમંડળની સ્થાપના કરવામાં આવી, જેના પ્રમુખપદે ગટુભાઇ ધ્રુવ નીમાયા. માનદમંત્રી બન્યા પ્રસન્નદાસ પટવારી.

આ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ અને અંગ્રેજી માધ્યમના સખત વિરોધી મગનભાઈ દેસાઈએ ગુજરાત યુનિવર્સિટી તેમ જ તેની સાથે સંલગ્ન તમામ કોલેજોમાંથી અંગ્રેજી માધ્યમ નાબૂદ કરીને તેની જગાએ ગુજરાતી માધ્યમ અપનાવવાનો નિર્ણય કર્યો. તેની સામે સેનેટરોના વિરોધી ઠરાવને આઉટ ઓફ ઓર્ડર ઠેરવવાથી ચાર સેનેટરો(કસ્તૂરભાઈ લાલભાઈ, અમૃતલાલ હરગોવિંદદાસ, હિંમતલાલ શુક્લ, બટુભાઈ દેસાઈ) એ ગુજરાત હાઇ કોર્ટમાં રીટ કરી. મગનભાઈના નિર્ણયને આપખુદ અને ગેરકાયદેસર ઠરાવવાથી મગનભાઈએ રાજીનામું આપ્યું. ત્યાર પછી આવેલા ઉપકુલપતિએ પણ અંગ્રેજી માધ્યમ ક્રમશઃ નાબૂદ કરવાની નીતિ ચાલુ રાખી.

ચન્દ્રકાન્ત દરૂએ ગુજરાત હાઇકોર્ટમાં પ્રેક્ટીસ શરૂ કરી હતી, તેમણે આની સામે કાનૂની લડત આપવાનો નિર્ણય કર્યો અને ટેસ્ટ કેસ તરીકે સેન્ટ ઝેવિયર્સમાંથી એવો મહારાષ્ટ્રનો વિદ્યાર્થી શોધી કાઢ્યો, જે ભણેલો મરાઠીમાં અને ગુજરાતી આવડતું ન હોવા છતાં તેને ગુજરાતી માધ્યમમાં ભણવાની ફરજ પાડવામાં આવી હતી. કોલેજ તેને અંગ્રેજી માધ્યમનો લાભ આપવા ઇચ્છતી હતી, પણ સરકારના ડરથી કરતી નહોતી. ચન્દ્રકાન્ત દરૂએ કોલેજ, યુનિવર્સિટી અને સરકારને સામા પક્ષે મૂકીને હાઇકોર્ટમાં રીટ કરી.

આઠ દિવસ સુધી ચાલેલા આ કેસમાં ન્યાયમૂર્તિ શેલત, ભગવતી અને મોદીની બનેલી ખાસ બેંચે ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત સરકારની વિરુદ્ધમાં ચૂકાદો આપ્યો. આ ચૂકાદાની વિરુદ્ધ સરકાર તથા યુનિવર્સિટીએ સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી પણ સુપ્રિમે તે કાઢી નાંખી. ભારતભરમાં કોઇ પણ રાજ્ય કે યુનિવર્સિટીએ અંગ્રેજી માધ્યમનો વિકલ્પ આપવો જ પડે.

આ પછી ગુજરાતમાં ઠેરઠેર અંગ્રેજી માધ્યમની શાળાઓ થવા લાગી, પણ તેનો લાભ પૈસાદાર કુટુંબોનાં બાળકો જ લઈ શકતા હોવાથી અંગ્રેજીને પાંચમાંથી શીખવાડવાની લડતને વેગ મળ્યો અને અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનની ચૂંટણીમાં આ મુદ્દે કૉંગ્રેસનો પરાજય થયો.

સરકારે પાંચમાથી અંગ્રેજીની છૂટ આપવી પડી, પણ તેને નુકસાન થાય એવાં ઘણાં પગલાં લીધાં, જેમ કે - ગ્રાન્ટ બંધ કરવી, શિક્ષકોના લાભ અટકાવવા વગેરે ..

પણ આની પ્રતિક્રિયારૂપે ગુજરાતમાં ઠેરઠેર અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ થઈ.

૧૬.૦૨.૨૦૧૦

http://www.urvishkothari-gujarati.blogspot.com/

મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું ......

૧૫ જાન્યુઆરી ૧૯૬૩. એટલે કે ૪૭ વરસનો એક સરખો પાઘડી પને પટ. આફ્રિકા ખંડના પૂર્વ કિનારે આવેલા ટાન્ઝાનિયા મુલકમાં, પશ્ચિમે આવેલા મ્વાન્ઝા નામના નગરની લેઈક પ્રાયમરી સ્કૂલનું આ સ્થળ છે. વિવિધ નિશાળોમાં ભણાવતાં અંગ્રેજીનાં શિક્ષકોને સારુ બે અઠવાડિયાનો સઘન તાલીમ વર્ગ લેવાયેલો. તેમાં ભાગ લેનારાં તાલીમાર્થીઓનું આ સમૂહ ચિત્ર છે. પાટનગર લંડનના પશ્ચિમિયા ઉપનગર એક્ટનમાં વસતા આપણા વરિષ્ટ લેખક મિત્ર વલ્લભદાસ નાંઢાના ફોટોસંગ્રહમાંથી મેળવાયેલી આ છબિ આપણને મૂળગત ઘણું બધું કહી જાય છે.

સને ૧૯૬૬માં ટાન્ઝાનિયાની પ્રાથમિક નિશાળોમાં અંગ્રેજીનું નવું પાઠ્યપુસ્તક દાખલ થવાનું હતું. પરિણામે પ્રાથમિક નિશાળોમાં અંગ્રેજીનું શિક્ષણ આપતાં શિક્ષકોને ઓપ વર્ગમાં [refresher training course] હાજરી આપવાનું ફરમાન થયેલું હતું. આ ઓપવર્ગને 'ઇંગ્લિશ પીક કૉર્સ' જેવું નામ અપાયેલું. પખવાડિયાના આ તાલીમ વર્ગનો આરંભ ૪ જાન્યુઆરી ૧૯૬૩ના રોજ થયેલો અને તે ૧૫ જાન્યુઆરી ૧૯૬૩ના દિવસે આટોપાયો હતો, તેમ વલ્લભભાઈ જણાવતા હતા. આમ છેલ્લા દિવસે આ છબિ લેવામાં આવી હતી.

આ ફોટામાં, મોટા ભાગનાં શિક્ષકો એશિયાઈ નસ્સલનાં જ હોય, તેમ જોવાં મળે છે. નવાઈ લાગે છે ને ! ... વચ્ચે ત્રણેક લોકો ગોરા હોવાંનું વર્તાય છે અને તેમની પડખે બીજા બે અશ્વેત આફ્રિકી હોય, તેમ લાગે છે.

કાશ ! ... આપણને જો બધાં જ નામોની ખબર હોત ! ... ના, પરંતુ એમ થતું જ નથી. જે કંઈ નામો જડે છે તે આમ છે : પહેલી હરોળમાં સાત બહેનો બેઠેલી જોવા સાંપડે છે. તેમાં ડાબેથી, પહેલાં છે કુમારી રોઝિલા, ત્રીજાં છે કુમારી બતુલ, જ્યારે ચોથાં છે કુમારી બલેશા.

બીજી હરોળમાં દરેક જણ ખુરશી પર બેઠેલું છે. તેમાં ય બધાંનાં નામો મળતાં નથી. ડાબેથી પહેલા છે જોશી સાહેબ, છઠ્ઠાં છે કુમારી સ્કીનર, તે પછી લેઈક પ્રાયમરી સ્કૂલના મુખ્ય શિક્ષક બાબરભાઈ જી. પટેલ નવમે ક્રમાંકે જોવાના મળે છે. અને છેલ્લે છે રાવજીભાઈ ટી. પટેલ.

ત્રીજી હરોળમાં જે લોકો ઊભેલાં છે, તેમનાં પણ બધાં નામો પ્રાપ્ય નથી. જે છે, તે આમ છે : ડાબેથી, છઠ્ઠાં નંબરે શ્રીમતી રૂઘાણી છે. બારમે ધર્મવીર ટી. પટેલ છે અને સૌથી છેલ્લા છે આપણા લેખક મહાશય ખુદ પોતે : વલ્લભભાઈ નાંઢા, – સરસ મજાનો શૂટ અને શોભતી નેકટાઈ સંગાથે.

ચોથી અને છેલ્લી હરોળમાં ત્રીજે વી. ટી. કોટેચા છે. ચોથે નરસિંહભાઈ પટેલ છે. પાંચમે કે. સી. શાહ છે અને સાતમે ક્રમાંકે એન. કે. ઠકરાર છે.

ટાંગાનિકા આઝાદ થયું તે વર્ષ હતું ૧૯૬૦. તે પછી ફક્ત ત્રણ વરસનો જ આ ગાળો હતો. અને ભણતર માટે કેટકેટલી કાળજી લેવાતી રહી ! ૧૯૬૬માં નવું પાઠ્યપુસ્તક દાખલ કરવાનું હતું અને તેના ત્રણ વરસ આગોતરાં, તે માટેની પૂર્વ તૈયારીઓ. આની સરખામણી ગુજરાત સંગાથે, કે પછી, ભારતની હાલત વિશે કરીએ, તો કેટલાં અંશે સફળતા સાંપડે ?

આજકાલ પાઠ્યપુસ્તકો પણ લાંબું વિચાર્યા વિના તૈયાર થતાં રહે છે, ત્યારે આવી પૂર્વ તૈયારીઓ, આવા ઓપવર્ગ, શિક્ષકોની મૂળગત તાલીમ – આ બધું કદાચ અભરાઈએ બેસાડયું હોય ! ત્યાં અસબાબ ચકચકાટ ભલે મારતો રહે; પણ વાસ્તવમાં ઠાલમ્ ઠાલું !

“ઓપિનિયન”ના ઇ.મૈલી અવતારમાં ય આવી આવી છબિઓની જગયા રહેવાની છે. માટે મૂંઝારા વગર આ વિરાસતને વિસ્તારવાનું ય રાખીએ.

ગુજરાતી ભાષાનું ધૂંધળું ભાવિ

• અમૃત દેસાઈ

મારા દક્ષિણ ભારતના પ્રવાસ દરમિયાન મેં જે જોયું અને અનુભવ્યું તે બાદ પ્રાંતિય ભાષાઓને વિકસાવવા માટે જે પ્રયત્નો થઈ રહ્યા છે તે જોઈ મને અત્યાનંદ થયો, અને તે જ સાથે ગુજરાતમાં ગુજરાતી ભાષા માટે જે નિષ્ક્રિયતા અને ઉપેક્ષા થઈ રહી છે તે જોઈ અત્યંત દુઃખ થયું ! કર્ણાટક રાજ્યમાં બધે જ કન્નડ ભાષામાં વ્યવહાર થાય છે. રસ્તા અને સ્થળોનાં દિશાસૂચક પાટિયાં, દુકાનોનાં પાટિયાં, જાહેર સૂચના, સૂચના પત્રો, અન્યોન્યના વ્યવહેવારમાં બધે જ કન્નડ ભાષાનો ઉપયોગ થાય છે. બેંગલોરથી તિરૂપતિ જતાં મેં ક્યાં ય અંગ્રેજી કે હિન્દી ભાષી પાટિયાં જોયાં નહીં. તિરૂપતિ મંદિરમાં દર્શનાર્થે હજારોની ભીડ હતી. મેં ઘણા સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો પણ તેઓ કોઈ હિન્દી કે અંગ્રેજી જાણતા ન હતા. છેવટે મારે સંજ્ઞા દ્વારા ભાળ મેળવવી પડી! મને એક ભાઈએ સંજ્ઞા દ્વારા હું ક્યાંથી આવું છું એમ પૂછ્યું ત્યારે મેં કહ્યું, 'ગુજરાત ...... મોદી' અને આની જાદુઈ અસર થઈ. તે ભાઈએ હૃદય પર હાથ મૂકી કહ્યું, ‘મોદી ! મોદી !’ અને પ્રસન્નતા અનુભવી. આમ 'ગુજરાત' તેણે 'મોદી' દ્વારા ઓળખ્યું !

તામિલનાડુમાં પણ બધો જ વ્યવહાર તમિલ ભાષામાં થાય છે અને કર્ણાટકની માફક જ બધે જ તમિલ ભાષાનો જ સામાન્ય જનથી નેતાગણ ઉપયોગ કરે છે. એ જ રીતે આંધ્રપ્રદેશમાં તેલુગુ અને કેરાળામાં મલયલ્લમ ભાષાનો વ્યવહાર અને વર્તનમાં ઉપયોગ થાય છે. આપણી સામાન્ય માન્યતા છે કે દક્ષિણના રાજ્યોમાં બધા જ અંગ્રેજી ભાષા બોલે છે, વાંચે છે અને લખે છે એ સાચું નથી. ત્યાંનો એક ચોક્કસ વર્ગ – Elite Class - જ અંગ્રેજીનો ઉપયોગ કરે છે જેની સંખ્યા અલ્પ મતમાં છે. દક્ષિણના બધાં જ રાજ્યોમાં સ્થાનિક ભાષા માટે મમતા અને પ્રેમ છે, ગૌરવ છે.

પરંતુ ગુજરાતમાં પરિસ્થિતિ એકદમ ભિન્ન છે. ગુજરાતી 'અંગ્રેજી' વિના હિણપત અનુભવે છે. આથી વાતચીતમાં અને લખાણમાં એ વર્ણસંકર ભાષાનો ઉપયોગ કરે છે; પરિણામે એને નથી સરખું ગુજરાતી આવડતું કે નથી અંગ્રેજી! આ ત્રિશંકુ દશામાંથી બહાર આવવા માટે રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક કે શૈક્ષણિક ક્ષેત્રે કોઈ જ પ્રયાસ થતા નથી.

આ લઘુતાગ્રંથિ નવનિર્મિત નથી. સાક્ષર યુગથી એનું આગમન થયું છે. બ્રિટિશ 'રાજ' દરમિયાન અંગ્રેજીનો મહિમા ચોરેચૌટેથી ગવાયો. અંગ્રેજ શાસનકર્તાઓને તો એ જ જોઈતું હતું. રાજવહિવટ માટે અંગ્રેજીથી વાકેફ કારકૂનોની જરૂર હતી એટલે એ દિશામાં જ પ્રયાસો થયા. આ સમય દરમિયાન પરંપરાગત ગુજરાતી ભાષાપ્રેમીઓની ઠેકડી ઊડાડવામાં પણ આવતી! રમણભાઈ મહિપતરામ નિલકંઠે એવા વર્ગની ઠેકડી 'ભદ્રંભદ્ર' નવલ દ્વારા ઊડાવી! અંગ્રેજીની વાહવાહ કરી! ભદ્રંભદ્ર એ રૂઢિચુસ્ત, ગુજરાતી, ગુજરાતી ભાષાપ્રેમી! 'અગ્નિરથ', 'મોહમયી નગરી', 'મૂલ્યપત્રિકા', 'અગ્નિરથ વિરામ સ્થાન' જેવા શબ્દો પ્રયોજી લેખક રૂઢિચુસ્તોની રેવડી દાણાદાણ કરે છે, પરંતુ રમણભાઈ સિવાય એવા હાસ્યાસ્પદ પર્યાયોનો ઉપયોગ કોઈ ગરવા ગુજરાતીએ કર્યો નથી.

પરંતુ 'ભદ્રંભદ્ર'ની વિપરીતે અસર તો જનમાનસ પર પડી જ. સામાન્ય ગુજરાતી જનમાનસમાં અંગ્રેજીની ઉપયોગિતા ઘર કરી ગઈ. એને માનસિક રીતે ઠસી ગયું કે અંગ્રેજી ભાષા જાણનાર જ 'ભણેલો' અને 'સુધરેલો' કહી શકાય. અંગ્રેજીથી અજ્ઞાત એ ગ્રામિણ જન. પરંતુ આમ છતાં અંગ્રેજ રાજ્ય અમલ દરમિયાન ગુજરાતી ભાષાની શાન આન જળવાઈ રહ્યાં હતાં. દરેક પ્રાંતમાં 'દેશી શિક્ષણ ખાતું' - Native Education Authority હતું. મુંબઈ પ્રાંતમાં પણ આવું ખાતું કાર્યશીલ હતું. પરિણામે 'મેટ્રિક' સુધી ગુજરાતી અને સંસ્કૃત ભાષાનું શિક્ષણ ફરજિયાત હતું. ૧૯૩૫ બાદ તો 'ભૂમિતિ', 'ગણિત', અને 'બીજગણિત' સિવાયના બધાં જ વિષયો ગુજરાતી માધ્યમ મારફત શિખવવામાં આવતા હતા. આથી અંગ્રેજીની લગભગ સમાંતર કક્ષાએ ગુજરાતીનું શિક્ષણ રહેતું. સોમવારથી શનિવાર દરમિયાન 'અંગ્રેજી'ના સાત અને 'ગુજરાતી'ના પાંચ પિરિયડ રહેતા. એક મુખ્ય વિષય તરીકે ગુજરાતી શિખવાતું અને વિદ્યાર્થી ગદ્ય, પદ્ય અને વ્યાકરણથી માહિતગાર થતો પરંતુ આજે એ ભૂતકાળની બીના બની ગઈ છે.

કવિ દલપતરામના સમય દરમિયાન કવિના મિત્ર અને શિક્ષણ ખાતાના અધિકારી ફૉર્બસ સાહેબે ગુજરાતી પ્રતિ અત્યંત પ્રેમ અને આદર દાખવ્યો. અને ક.દ.ડા.એ 'ફૉર્બસ ગુજરાતી સભા'ની સ્થાપના કરી. 'ગુજરાતી રાણી'ના ગુણગાન ગાયા.

પરંતુ પરદેશી શાસનકર્તાઓ ગુજરાતી ભાષાની જે માવજત કરી શક્યા તે સ્વતંત્રતા બાદ 'દેશી-સાહેબો' ન કરી શક્યા! ક્રમશઃ ગુજરાતીની ઉપેક્ષા થવા લાગી - ખાસ કરીને '૭૦ના દાયકા બાદ - અને 'વિના અંગ્રેજી નહિ ઉદ્ધાર' એવી ભાવનાને યેનકેન સમર્થન મળવા લાગ્યું. ઠેરઠેર રાતોરાત બિલાડીના ટોપની માફક 'અંગ્રેજી માધ્યમ'ની શાળાઓ ખૂલવા માંડી અને જનતાએ તે શાળામાં પોતાના બાળકોને પ્રવેશ મેળવવા માટે આંધળી દોટ મૂકી!

સમય જતાં આ આંધળી દોટ મૃગજળ સાબિત થવાની છે એમાં સંશય નથી. યુરોપના બધા જ દેશોમાં વ્યવહાર અને શિક્ષણ સ્થાનિક ભાષામાં જ હોય છે. જાપાન, ચીન, રશિયા, બ્રાઝિલ આદિ દેશોમાં વહીવટ અને શિક્ષણ પોતાની ભાષામાં જ હોય છે. આમ છતાં એ બધાં જ દેશો ભારતથી ક્યાં ય આગળ છે. એ દેશોમાં અંગ્રેજીનું ગાંડપણ નથી. એ વસ્તુ સમજી લેવાની જરૂર છે કે અંગ્રેજી જાણવા માત્રથી જ ઉદ્ધાર થતો હોય તો અંગ્રેજીભાષી દેશોમાં બેકારી-ગરીબી રહેવી ન જોઈએ. યુએસએમાં કાળાવર્ગના લોકોની માતૃભાષા અંગ્રેજી છે છતાં કેમ પછાત છે? આજ પરિસ્થિતિ વિલાયતની પણ છે!

જે પ્રજા પોતાની માતૃભાષા જાળવી શકતી નથી એનો સમય જતાં ક્ષય થાય છે. ધર્મ, સંસ્કૃતિ અને પોતાની અસ્મિતા ગુમાવી બેસે છે. આથી એ જરૂરી છે કે ગુજરાતીનો અને ફક્ત ગુજરાતીનો જ ઉપયોગ શાળા-મહાશાળા અને વહીવટી ક્ષેત્રે થાય. પરંતુ ગુજરાતમાં આજે બધું જ ઊલટી દિશામાં થાય છે. અમલદારો બિનગુજરાતી છે, જેઓ અંગ્રેજી અને હિન્દીનો ઉપયોગ કરે છે. પરિણામે ગુજરાતના શહેરોમાં દિશાસૂચક પાટિયાં આદિ અંગ્રેજી અને હિન્દી લિપિમાં જોવા મળશે. રેલવે સ્ટેશનો પર આજ દશા છે. બીન ગુજરાતીઓ અને કોન્વેન્ટીઆ શિક્ષણની અસર હેઠળના લોકો ગુજરાતીના શુદ્ધ ઉચ્ચારો પણ કરી શકતા નથી! 'ચાંપાનેર' તેમના માટે 'ચંપા-નેર' (કારણ અંગ્રેજીમાં જોડણી Champaner છે અને 'સેલવાસ' (Selvasa) 'સેલવાસા' છે.

ગુજરાતી ભાષાની જાળવણી અને રક્ષણ માટે કેટલાંક પગલાં આ પ્રમાણે ભરી શકાય :

(1)ગુજરાતી ભાષાનું શિક્ષણ અંગ્રેજી માધ્યમ સહિતની બધી જ શાળાઓમાં ફરજિયાત હોવું જોઈએ ગુજરાતી એક મુખ્ય (Core) વિષય તરીકે હોવી જોઈએ. ગુજરાતીમાં 'પાસ' થયા વિના ઉપલા વર્ગમાં વિદ્યાર્થી જઈ શકે નહિ.

(2)બધાં જ બાલમંદિરોમાં અને પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી હોવું જોઈએ

(3)'ગુજલિશ'નો નિરર્થક ઉપયોગ ટાળવો જોઈએ.

(4)ગુજરાત સરકારનો સંપૂર્ણ વ્યવહાર ગુજરાતીમાં જ હોવો જોઈએ.

(5)ગુજરાતના મુખ્ય પ્રધાનથી માંડી અન્ય પ્રધાનો, અમલદારો, કારકૂનો અને પ્રજાજનો ગુજરાતીનો જ વ્યવહારમાં ઉપયોગ કરે. વાસ્તવમાં આજે આમ થતું નથી. મુખ્ય પ્રધાન સુરતમાં સભાસંબોધન હિન્દીમાં કરે છે.

(6)પ્રધાનો અને અમલદારોએ પત્રકારો સાથે ફક્ત ગુજરાતીમાં જ વ્યવહાર કરવો જોઈએ. અન્ય રાજ્યોમાં મહારાષ્ટ્ર, બંગાળ અને દક્ષિણના રાજ્યોમાં સ્થાનિક ભાષામાં જ પત્રકાર પરિષદ યોજાય છે.

(7) બીન ગુજરાતી અધિકારીઓ અને ધંધાદારીઓ માટે ગુજરાતી જાણવું ફરજિયાત હોવું જોઈએ.

આજે સાહિત્યકારોથી માંડી શિક્ષણશાસ્ત્રીઓ સુધી ગુજરાતી માટે ભેખ લેવા કોઈ તૈયાર નથી. સભાઓ, અધિવેશનોમાં ખૂબ

બ્રિટિશ સામ્રાજ્ય - આઝાદી - રાષ્ટ્રસમૂહ : ઈતિહાસ

• **રમેશ બી. પટેલ**

બીજા વિશ્વયુદ્ધ બાદ, જગતના રાજકારણમાં ઘણા ઘણા ફેરફાર થયા. યુરોપનાં સામ્રાજ્યોનો અંત આવ્યો. મુખ્ય સામ્રાજ્ય હતાં : બ્રિટિશ, ફ્રેન્ચ, પોર્ટુગલ, ઈત્યાદિ.

બ્રિટિશ સામ્રાજ્ય બે વિભાગમાં વહેંચાયેલું હતું. પ્રથમ વિભાગ હતો શ્વેતરંગી પ્રજાઓથી વસાયેલા દેશો – ઑસ્ટ્રેલિયા, ન્યુ ઝિલૅન્ડ, કેનેડા, દક્ષિણ આફ્રિકા, આયર્લૅન્ડ (૧૯૩૧માં આના બે ભાગ પડ્યા દક્ષિણ આયર્લૅન્ડ અને ઉત્તર આયર્લૅન્ડ.) દક્ષિણ આયર્લૅન્ડ ૧૯૪૯માં બ્રિટનથી જુદું થયું. બ્રિટને આયર્લૅન્ડ સિવાયના દેશોને 'ડોમિનિયન સ્ટેટસ' આપ્યું હતું.

બીજો વિભાગ હતો તે આફ્રિકા, એશિયા, પેસિફિક મહાસાગરના દેશો, ટાપુઓ જે બ્રિટને જીતેલા. આ ઉપરાંત અમેરિકા નજીકના ટાપુઓ, પ્રદેશો ઉપર તેનું વર્ચસ્વ હતું. આ બધા પ્રદેશોમાં વિકાસ અર્થે સસ્તા દરના મજૂરો જોઈએ. બ્રિટનનું ધ્યાન હિન્દુસ્તાન તરફ ગયું. સસ્તા દરના મજૂરો માટે ગિરમીટ પ્રથા દાખલ કરી. નીચે બતાવેલા દેશોમાં ગિરમીટિયાઓ લઈ જવાયા.

ગયાના (Guyana) – ૧૮૩૮; ત્રિનીદાદ (Trinidad) – ૧૮૪૫; જમાઈકા (Jamaica) – ૧૮૪૫; બ્રહ્મદેશ (Burma) – ૧૮૫૨; દક્ષિણ આફ્રિકા (South Africa) – ૧૮૬૦; ફિજી (Fiji) – ૧૮૭૯; પૂર્વ આફ્રિકા (East Africa) – ૧૮૯૫ (રેલવે બાંધકામ માટે); સિંગાપુર (Singapore) – ૧૮૯૫.

બીજા વિશ્વયુદ્ધ બાદ (૧૯૪૫) વિશ્વના રાજકારણમાં ઘણાં ઘણાં પરિવર્તનો થયાં. તેમાં ય સન ૧૯૪૭માં હિન્દુસ્તાનને આઝાદી મળતાં, બ્રિટિશ શાસન હતું તેવી કૉલોનીઓ (સંસ્થાનો) અને અન્ય એશિયા, આફ્રિકાના દેશોમાં સ્વાતંત્ર્યની જ્યોત જલતી રહી. પરિણામે બ્રિટનને એક પછી એક દેશને આઝાદી આપવી પડી. તે જ સ્થિતિ ફ્રેન્ચ, પાર્ટુગલની કૉલોનીઓ ઉપર પડી. આ બધામાં હિન્દુસ્તાને જે ભાગ ભજવ્યો તે અન્ય દેશોને પ્રેરણારૂપ હતો.

જે સામ્રાજ્ય હતું, તે હવે રાષ્ટ્રસમૂહ(Commonwealth)માં રૂપાંતરિત થયું. જે કૉલોનીઓ હતી, તે સ્વતંત્ર દેશો બન્યા. અને બ્રિટિશ રાષ્ટ્રસમૂહમાં રહેવાનું નક્કી કર્યું તે દેશોની સૂચિ નીચે પ્રમાણે છે :-

ઍન્ગવિલા - Anguilla, (૨) ઍન્ટીગા અને બરબ્યુડા - Antigua & Barbuda, (૩) ઑસ્ટ્રેલિયા - Australia, (૪) ઑસ્ટ્રેલિયન એન્ટારટીક પ્રદેશ - Australian Antarctic Territory, (૫) બહામાસ - Bahamas, (૬) બંગલાદેશ - Bangladesh, (૭), બાર્બાડૉસ - Barbados, (૮) બેલિઝ - Belize, (૯) બર્મ્યુડા - Bermuda, (૧૦) બોત્સ્વાના - Botswana, (૧૧) બ્રિટિશ એન્ટારટીક પ્રદેશ - British Antarctic Territory, (૧૨) બ્રિટિશ વર્જીન ટાપુઓ - British Virgin Islands, (૧૩) બ્રુનેઈ - Brunei, (૧૪) કેમેરૂન - Cameron, (૧૫) કેનેડા - Canada, (૧૬) કેમેન ટાપુઓ - Cayman Islands, (૧૭) ચેનલ ટાપુઓ : ગર્નસી અને જરસી - Channel Islands : Guernsey and Jersey, (૧૮) કૂક ટાપુઓ - Cook Islands, (૧૯) સાયપ્રસ - Cyprus, (૨૦) ડોમિનિકા - Dominica, (૨૧) ફૉકલૅન્ડ ટાપુઓ - Falkland Islands, (૨૨) ફિજી - Fiji, (૨૩) ગૅમ્બિયા - Gambia, (૨૪) ઘાના [જૂનું નામ ગૉલ્ડકોસ્ટ] - Ghana, (૨૫) જિબ્રૉલ્ટર - Gibraltar, (૨૬) ગ્રેનાડા - Grenada, (૨૭) ગયાના - Guyana, (૨૮) ભારત - India, (૨૯) આઈલ ઑવ્ મેન - Isle of Man, (૩૦) જમાઈકા - Jamaica,

---

શોરબકોર થતો જોવામાં આવે છે. સામયિકોમાં એ વિશે ક્યારેક લખાણો જોવામાં આવે છે પરંતુ એ ભાષણોમાં કે લખાણોમાં આભાનું ઓજસ ક્યાં ય દેખાતું નથી. 'શું શા પૈસા ચાર' એવી ગુજરાતી ભાષાની ઉન્નતિ માટે મહાકવિ પ્રેમાનંદે 'માથે પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા 'લીધી અને નભાવી; કવિ નર્મદે ગુજરાતીના ઉત્કર્ષ માટે 'હવે હું તારે ખોળે છું' એમ કહી કલમ પકડી અને જીવન સમર્પણ કર્યું. આજે ગરવી ગુજરાતી ભાષાની રખેવાળી અને ઉત્કર્ષ માટે કફન બાંધી નીકળનાર છે કોઈ ગુજરાતી?

ક્લિષ્ટ ભાષા, પાંડિત્યપૂર્ણ લેખો કે પોકળ ફિલસૂફી, દશવિલા લખાણોથી ગુજરાતીનું સંરક્ષણ થવાનું નથી. 'ઊંઝા' જોડણીના સ્વીકારથી પણ ભાષાનું સ્તર ઉપર આવવાનું નથી એ એ 'ઊંઝા' જોડણીના સમર્થકોએ સમજી લેવાની જરૂર છે. સાહિત્યને 'દલિત' અને 'અદલિત' એવા વિભાગોમાં વહેંચવાની પણ આવશ્યકતા નથી. સાહિત્ય પરિષદોમાં હાજરી આપવાથી કે નામના ઠરાવો પસાર કરવાથી પણ કાંઈ જ ફેર પડવાનો નથી. ગાંધીજી કહે છે : **'પરિષદો અને ભાષણો એ બધાંથી હું થાક્યો છું. કાર્ય કરવા જે મનોબળ જોઈએ, તે નહીં હોવાથી પરિષદો મેળવીએ છીએ. આપણે માટે હવે પરિષદો ભરવાનો કાળ ગયો છે અને કંઈક કરી બતાવીને છાનામાના બેસી જવાનો કાળ આવ્યો છે.'**

ગુજરાતીના વિકાસ માટે રચનાત્મક પગલાં ભરવાની આવશ્યકતા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અને લેખકોએ પોતાનો સંદેશ પ્રાથમિક શાળાના બાળકો અને તેમના મા-બાપો સુધી પહોંચાડવાની તાત્કાલિક જરૂર છે. આજે કેળવણીનું સ્તર એટલું નિમ્ન ગયું છે કે બાળકો અશુદ્ધ ગુજરાતી બોલે છે. 'હું એ કહ્યું' અને 'મેં ગયો' આ ગુજરાતી બોલાઈ છે કારણ કે શિક્ષકો જ અશુદ્ધ ગુજરાતી બોલે છે ! 'કૂવામાં હોય તો હવાડામાં આવે ને!'

[35 Sherrick Green Road, Dollis Hill, LONDON NW10 1LB, U.K.]

આ મહિને 'બા'ને રાખવાનો કોનો વારો છે? નેક્સ્ટ ટાઈમ, મેઈક સ્યૉર મારો ફેબ્રુઆરીમાં વારો આવે.
આ વખતે મેં જુલાઈમાં રાખેલ અને યુ નો, જુલાઈ એકત્રીસ દિવસનો મહિનો છે!

(૩૧) કેન્યા - Kenya, (૩૨) કીરીબાટી - Kiribati, (૩૩) લેસોથો - Lesotho, (૩૪) મલાવી [ન્યાસાલૅન્ડ] - Malawi [Nyasaland], (૩૫) મલાયેશિયા - Malaysia, (૩૬) માલદિવ - Maldives, (૩૭) મૉલ્ટા - Malta, (૩૮) મૉન્ટસેરાટ - Montserrat, (૩૯) નામિબિયા - Namibia, (૪૦) નાઉરૂ - Nauru, (૪૧) ન્યુ ઝિલૅન્ડ - New Zealand, (૪૨) નાઈજેરિયા - Nigeria, (૪૩)નિયુએ - Niue [ન્યુ ઝિલૅન્ડ એસોસિયેટેડ ટેરીટરી], (૪૪) નોરફોક ટાપુઓ - Norfolk Island [ઑસ્ટ્રૂલિયન એક્સટર્નલ ટેરીટરી], (૪૫) પાકિસ્તાન - Pakistan, (૪૬) પાપુઆ ન્યુ ગિની - Papua New Guinea, (૪૭) પિટકેર્ઈન ટાપુઓ - Pitcairn Islands, (૪૮) રોસ ડિપેન્ડન્સી - Ross Dependancy [ન્યુ ઝિલૅન્ડ એસોસિયેટેડ ટેરીટરી], (૪૯) સિશેલ્સ - Seychelles, (૫૦) સિયેરા લિયોન - Sierra Leone, (૫૧) સિંગાપુર - Singapore, (૫૨) સોલોમન ટાપુઓ - Solomon Islands, (૫૩) દક્ષિણ આફ્રિકા - South Africa, (૫૪) શ્રી લંકા - Sri Lanka, (૫૫) સેન્ટ હેલેના - St. Helena, (૫૬) સેન્ટ લૂશિયા - St. Lucia, (૫૭) સેન્ટ વિન્સેન્ટ એન્ડ ગ્રેનેડાઈન્સ - St. Vincent & Grenadines, (૫૮) સ્વાઝીલૅન્ડ - Swaziland, (૫૯) ટાનૂઝાનિયા - Tanzania, (૬૦) ટોકેલાઉ - Tokelau, [ન્યુ ઝિલૅન્ડ એસોસિયેટેડ ટેરીટરી], (૬૧) ટૉન્ગા - Tonga, (૬૨) ત્રિનીદાદ અને ટોબેગો - Trinidad & Tobago, (૬૩) ટર્કસ અને કાઈકોસ ટાપુઓ - Turks & Caicos Islands, (૬૪) ટુવાલુ - Tuvalu, (૬૫) યુગાન્ડા - Uganda, (૬૬) યુનાઈટેડ કિંગ્ડમ - United Kingdom [ઈંગ્લૅન્ડ, સ્કૉટલૅન્ડ, વેલ્સ, ઉત્તર આયર્લૅન્ડ], (૬૭) વાનાઉટુ - Vanuatu, (૬૮) વેસ્ટર્ન સામોઆ - Western Samoa, (૬૯) ઝામ્બીઆ - Zambia, (૭૦) ઝીમ્બાબ્વે - Zimbabwe.

ઉપર આપેલી સૂચિમાં ઘણા દેશોની, રાષ્ટ્રસમૂહમાં જોડાયા તે વેળાની રાષ્ટ્રીય સ્થિતિ અલગ અલગ હતી. દાખલા તરીકે, –

- 'બ્રિટિશ ડિપેન્ડન્ટ ટેરીટરી [British Dependent Territory],
- 'સોવરિન ટેરીટરી' [Sovereign Territory],
- 'યુનાઈટેડ કિંગ્ડમ ક્રાઉન ડિપેન્ડન્સી' [United Kingdom Crown Dependency], ઈત્યાદિ, ઈત્યાદિ.

[16 Eastcote Lane, SOUTH HARROW, Middlesex HA2 8BP, U.K.]

જેને કહો છો સંત તમે

• પંચમ શુક્લ

ઉપર ઉપરથી આખા જગને ડોલતું કરે,
ભીતર હરેક દિલને કુકર પાલતું કરે.
ઠાલું કહે છે એની કૃપાથી જિવાય છે,
એનું જિવાડ્યું એ જ હતું-ના-હતું કરે?
એના જ 'હું' ને એને બધે વેચવો હશે,
નહીંતર એ આદમીના મુખને બોલતું કરે.
એ નમ્રતાના દંભના પર્યાય શો સતત,
જાહેરમાં બધું જ જરૂર પૂરતું કરે.
જેને કહો છો સંત તમે એની ગૌમુખી,
ચાર્વાક ચકરી ખાય એવી હરકતું કરે.

કુકર : શ્વાન, કૂતરું
ચાર્વાક : ઈશ્વર, પુનર્જન્મ વગેરેમાં ન માનનારો ભારતવર્ષનો એક પ્રાચીન આચાર્ય.

e.mail : spancham@yahoo.com

•

મન સુધી ...

• પ્રવીણ કે. મહેતા 'બાલપ્રેમી'

માનવી માનવી થવા ચાહે
કિંતુ, એમ નથી થઈ શકાતું
એમાં સહેવી પડે અસહ્ વેદના
ને પળે પળે અશ્રુથી મન ભરાતું !
કઠિન છે આ જિંદગી જીવવી
બધાંને નાખુશ નથી કરાતું
કોઈનું નસીબ સ્નેહે સભર
તો કોઈનું આયખું સ્નેહહીન જાતું !
સમયનો સાથ કો' દિન રંગીન
કો' દિન ક્રુરતાએ દિલ દુભાતું
કાળ કેરી ઘંટીમાં પીસાતાં પીસાતાં
આ જીવન એમ ઘડી ઘડી ઘડાતું
કંઈક ચહેરાં તણો આ છે મેળો
પણ, મન ભરી એમાં નથી ફરાતું
ચકડોળ આ સંબંધનાં ખાનાં તણાં
તેથી જ તો સહુ સંગે નથી બેસાતું
તને હું મળ્યો, ખૂબ આગળ વધ્યો
પણ, છેલ્લું પગલું હવે નથી ભરાતું !
કેમ એમ થાતું ? ના જાણી શકું હું
માનવ મન સુધી નથી પહોંચાતું !

e.mail : prag.mehta@gmail.com

•

'તકલીફ'

• શુભા પટેલ

ક્યારે કોણ આવી જાય, કોને ખબર, કાળની ઝપેટમાં
એ વ્યથાથી આજ વીતી રહી છે 'કાલ'ના ઉચાટમાં

સ્વજનોને તકલીફ ન થાય એ સારું
અડધા આયખાથી છું, હું આંટા મારું
અહીં કબ્રસ્તાનમાં,
અંતિમ પળોની વાટમાં ...
ક્યારે ય પણ નમી જવાય તો
લઈ જવી મટે મને સ્મશાનઘાટમાં !

•

હું કોણ છું ?

• શુભા પટેલ

એકને એક પણ દાંત રહ્યા નથી
તો બીજાને દાંત હજુ આવ્યા નથી
હું કોઈની દીકરી કે પુત્રવધૂ, તો
કોઈની દાદી કે માવડી છું.

ડગમગતાં પગલાંનું ધારણ બની રહું
હું મારા જ અસ્તિત્ત્વનું કારણ બની રહું
ઊગતા શિશુની પા - પા પગલી
અને વડીલ વૃદ્ધોની લાકડી છું.

સંસારની ગાડી હંકારું છું
મોટર - વેની વચલી પટ્ટી છું
જીવનની સાંકળમાં ગૂંથાયેલી
વચલી પેઢીની હું કડી છું.

[13, Leavesden Road, STANMORE, Middlesex, HA7 3RQ, U.K.]

•

સાંજ બધી ઉદાસ છે
તારા મિલનની આશ છે
હું તો બિચારો એકલો
ને એકલું આકાશ છે
સૂરજ ડૂબ્યો જે આંગણે
એ રાતનો આવાસ છે
તારા વિના સૂનો સૂનો
આ ચાંદનો ઉજાસ છે
સૂરજ વિનાનાં સપનાં
ઊંડા ઊંડા રે શ્વાસ છે
આંખ પર છલકી છે એ
હોઠોને જેની પ્યાસ છે
આ ભીનું ભીનું દિલ છે
કે ઊર્મિ તણી ભિનાશ છે
'બાબુલ' જો ગઝલમાં કહે
બોલ ઈર્શાદ શાબાશ છે

- 'બાબુલ'

http://avataran.blogspot.com/2010/03/blog-post.html

•

ખટમીઠા ચણીબોર

• દીપક બારડોલીકર

(૧)

ખતા મારી
કે કહી બેઠો
રાતરાણીને વાત છાની !
અને
ફજેતો થઈ ગયો
જોતજોતામાં !

(૨)

દરેક જણ કહે છે :
'હું સાચો છું'
તો ચાલો,
કોઈક મહા ગપાટાબાજને –
એવોર્ડ આપીએ !

(૩)

ડાળ પરથી ખર્યું
અને પુષ્પ
કચડાયું લોકોના પગ તળે !

(૪)

લૂટાયેલી,
કૂટાયેલી,
એક સન્નારી કહી રહી હતી :
સરકાર નપુંસક છે !
અદાલતો
બહેરી, મૂંગી, અંધ છે !

[136 Stamford Street, Old Trafford
MANCHESTER M16 9LR, U.K.]

•

… બચાવી નહીં શકો !

• 'કદમ' ટંકારવી

સદ્‌ભાવથી જો વેર વળાવી નહીં શકો
ભરખી જશે હુતાશન બુઝાવી નહીં શકો

પીડિતને જો ન્યાય અપાવી નહીં શકો
ધરતી ઉપર સ્વર્ગ કદી લાવી નહીં શકો

લાચાર પ્રત્યે હેત જો ધરાવી નહીં શકો
સુખમય કદી સંસાર બનાવી નહીં શકો

વાતાવરણ કલુષિત તિરસ્કાર ઝેરથી
સમભાવથી શું વેર મિટાવી નહીં શકો ?

આતંકને તો જાતિ કે ના હોય છે ધરમ
નિર્દોષને અમસ્તો ફસાવી નહીં શકો

જીતી શકો છો પ્રેમથી ઇન્સાન છું; મને
હિંસા, દમન, સિતમથી નમાવી નહીં શકો

મજબૂત મનોબળ હિમાલય સમાન છે
સંકલ્પથી જરા પણ ડગાવી નહીં શકો

ધારાસભામાં એવો હવે થાય કાયદો
ખોટી ધરો જો પાવતી ફાવી નહીં શકો

બેસી રહીશું તો પણ અનિમેષ બારણે
કારણ અકારણ આપ જો આવી નહીં શકો

'અદમ, મહેક, સૂફી, કદમ, સિરાજ, પ્રેમી' !
રંગત બધા મળી શું જમાવી નહીં શકો ?

જીવતર જશે નિરર્થક પરદેશમાં 'કદમ' !
સંસ્કૃતિ, ધર્મ, ભાષા બચાવી નહીં શકો.

•

મુક્તક :

… ઠરાવી નહીં શકો !

કક્કો ખરો પોતાનો કરાવી નહીં શકો
સિક્કો હશે જો ખોટો ચલાવી નહીં શકો
પાંડે, પુરોહિત, સાધવી, ભાંડો ફૂટી ગયો
દોષિત હવે બીજાને ઠરાવી નહીં શકો

•

… ઘટાવી નહીં શકો !

એક્શન રિએક્શન છે : બતાવી નહીં શકો
આઘાતના પ્રત્યાઘાત છે : ઠરાવી નહીં શકો
આતંક કરે જો કોઈ તો સ્વીકારવું પડે
મનને ગમે તે અર્થ ઘટાવી નહીં શકો

•

… ફરે છે !

જેમ ફાવે તેમ હજી ગબલભાઈ ફરે છે
લુંગી ઉપર પહેરી નેકટાઈ ફરે છે
પાન ગલોફામાં, દાંતોમાં ચૂઈંગમ
ઈસ્ટ વેસ્ટ ભેળવી હરખાઈ ફરે છે

•

જનાબ 'અદમ' ટંકારવીને !

દમ સમર્થ છતાં ઉપનામ છે : 'અદમ' !
દેશ - વિદેશ બધે ખ્યાતનામ છે : 'અદમ' !
સાહિત્ય કે શિક્ષણ કોઈ ક્ષેત્ર હો, 'અદમ' !
તેજસ્વી જાજરમાન એક નામ છે : 'અદમ' !

[1 Borrow Road, PRESTON, Lancashire
PR1 6JU, U.K.]

•

બ્રિટનને …

• અહમદ 'ગુલ'

હતાશ, નિસ્તેજ, નિરસ, જર્જરિત
એ કાળી રાતને
થપથપાવી, પંપાળી
હળવેકથી હડસેલી
હું નીકળી પડ્યો 'તો
એક અજાણ્યા રસ્તે - પશ્ચિમે
એક નવા સૂરજની તલાશમાં
જેમ તેમ
અનેક વિટંબણાઓ પાર કરી અહીં પહોંચ્યો
અહીં -
આવકારાયો, સત્કારાયો, આલિંગાયો, ગોઠવાયો,
રોપાયો

ઋણી છું
તારા વિશાળ બાહુપાશનો !
મારી ઝંખના
મારી આવતીકાલને
રોપી
તુજ ધરા પર
અને હવે એ છોડ વૃક્ષ થતો જાય છે
કંઈક શાતા જેવું તૃપ્તિ જેવું ઘટાદાર
છતાં, માફ કર
આ ઘટાદાર વૃક્ષમાં હજુ શોધું છું
એક માળો

•

કેરીની સફર

• અહમદ 'ગુલ'

શરીર સૌષ્ઠવ
હસમુખ
રૂપનો અંબાર
સૌંદર્યવાન
હતી એ !
એક્ષપોર્ટરની નજર પડી
ગમી

કન્ટેનરમાં ગોઠવાઈ
એક છેલ્લી દૃષ્ટિ પાછળ રહેલ
સાથીઓના
ઢગલા પર નાંખી
ગદ્‌ગદ્ કંઠે
રૂંધાતા સ્વરે કહે :
હું તો જાઉં છું
વતન છોડી પરદેશ

ડાળપર આપણે
પવનના હિલ્લોરે ઝૂલતાં
સૂસવાટા વાયરાના લયે
ગાતાં
નાચતાં
બધું યાદ આવશે
સફરમાં
ફ્રશરમાં
ડસ્ટબિનમાં

તમારે તો સાચવવાનો છે
આપણો વંશ
ખચિત, તમારા થકી જ
લહેરાતી થશે, બીજી અનેક
આમ્રવાડીઓ

(સૌજન્ય : કવિ અહમદ ગુલનો નવોદિત કાવ્યસંગ્રહ "મૌનાલય", પ્રગટ - જાન્યુઆરી, ૨૦૧૦)

[27 James Street, BATLEY, West
Yorkshire, WF17 7PS, U.K.]

•

હરિ હે ! આળોટું હું,
તવ ચરણ રજ નીચે રજ બની.
મને મતિ - ગતિ દે તું એવી,
તારા દાસદાસો - ભક્તોના ચરણની,
સેવાનો જરી હક મળે તો,
સ્વયંને હું તારા અતિ હીન કક્ષાના;
ભક્તોમાં ગણી શકું !

હરિ હે ! અકારણ સન્માની તું શાને;
તવ ચરણથી હડસેલે દૂર મને.
ભડકાવી અહમની ચિનગારી અંતરે;
શાને જન્મજન્માંતર સુધી;
બસ આમ જ ભૂલાવી દે મને !

માતા જ્યમ શિશુને અસન્માની;
મધુર શિક્ષા દઈ અંકમાં લઈ ચૂમે;
ત્યમ હે વિશ્વજનની – વિભુ !
મને, અનંત અસન્માનોની દઈ પીડા;
આ અબુધ શિશુને ચરણ સમીપે;
તું કાં ન આણે !

ભલે હું સૌ યાત્રીઓમાં રહું;
છેલ્લાથી પણ છેલ્લો પથિક.
મને યે મળી,
તવ ચરણનું અનુગમન તો;
મારાથી ભાગ્યવંત કોણ બીજો !

તવ ઝાંખી કાજે છોને,
સૌ આંધળા થઈ દોડે.
છોને ધાતુ જગત આખું,
તવ પ્રસાદ કાજે.

યાચુ ના કાંઈ તારી કને;
સૌની કેડે એકલો - અજાણ્યો ઊભો;
આંધળો હું, કરું અંતરચક્ષુએ તવ ઝાંખી !
પ્રસન્નતા તારી હે વિભુ !
હો સદા પ્રસાદ મારો.

હરિ હે ! આળોટું હું,
તવ ચરણ રજ નીચે રજ બની.

– મોહન કાછિયા

(નોંધ : મૂળ રવીન્દ્રનાથ ટાગોર, અનુવાદ નારાયણ દેસાઈના આધારે, પ્રસ્ફુરિત વિચારોની ભાવાભિવ્યક્તિ રૂપે)

[37 Berkeley Road, LONDON NW9 9DH, U.K.]

•

મસ્તી

• અંબાલાલ પટેલ 'ચિદાત્મા'

જૂઓ! આ પક્ષી કિલ્લોલે, અનેરી મસ્તીમાં ડોલે !
હિંચે આનંદ - હિન્ડોલે, સદાયે તાન મસ્તીનું !
અનિલ પૂર જોસથી વાયે, મધુરું ગાન શું ગાયે !
સ્વચ્છંદે સહુ સ્થળે જાયે, ધરીને ધ્યાન મસ્તીનું !
પશુગણ કૂદતાં ચાલે, તમા માલીકની ના લે !
સદાયે મસ્તીમાં મ્હાલે, જગત મેદાન મસ્તીનું !
રમૂજી બાળકો ખેલે, જગે સુખ શાંતિને રેલે,
ક્રિડન બહુવિધશું કેલે, ભૂલે ના ભાન મસ્તીનું !
બની લે મસ્ત મનમોજી, થવા આનંદનો ભોજી,
થશે હા ! મસ્તી તુજ રોજી, કરીને ગાન મસ્તીનું !
વિભુના વિશ્વ-ઉદ્યાને, ઘટે આ ગ્લાનિ તે શાને ?
મઝા લે શોધી સૌ સ્થાને, કરી ને પાન મસ્તીનું ?
જીવ્યા જે મસ્તી લૂંટે છે ! સુખી જે મસ્તી ઢૂંઢે છે !
જગત્ જંજિર તૂટે છે, બધાંમાં માન મસ્તીનું !

•

એ મને ખપે

• નિરંજના દેસાઈ

ભઈલા –
ખૂબ વ્યસ્ત તમારા જીવનમાં
સમય ન મળે
એ સમજી શકું છું
ને એ પણ સમજું છું
કે મારા જીવનની લઢણ
મારે બદલવી પડે
બલકે – બદલવી જોઈએ.
તેમ છતાં,
મારી મમતાનો પડઘો
દુઃખ, દર્દ, દમનના
કઠોર ઘા બને
એ મને ન ખપે – ભઈલા !
કેટકેટલાં વહાલ ને જતન વચ્ચે
જીવન વીત્યું 'તું,
કર્તવ્યના ચંદરવા તળે
ઉલ્લાસ - સભર રાખ્યું 'તું,
આજે – જીવનની લાંબી સફર કાપી
હા–શ કરી પગ વાળવાના
દી આવ્યા
ત્યારે –
મારી લાગણીઓ
તિરસ્કારિત – અપમાનિત થાય
એ મને ન ખપે – ભઈલા !
આદરની અપેક્ષા
કદાચિત રાખું ના
પરંતુ પ્રેમભર્યા બે શબ્દો
જરૂર ચાહું,
ને એકબીજાંને સમજવાની
કૂંચી જો મળે
તો
અજ્ઞાન
અણસમજ
અવજ્ઞાનાં તાળાં
આપોઆપ ખૂલે
ને સ્નેહ-સંબંધનો સેતુ
આપણી વચ્ચે જોડાય
એ મને ખપે – ભઈલા !

•

આડક ડીંડક !

– નિરંજના દેસાઈ

ઉદ્ગારોની ભાષામાં
આ આડક ડીંડક શબ્દો,
આણેવાણે અભિવ્યક્તિમાં,
અર્થ રઝળતો જુદો !

અરે ! અરેરે ! અર્ ર્ ર્ ! ઓરે !
કેવાં ચિત્રો દોરે !
અહો ! અહોહો ! અહા ! અહાહા !
હાસ્ય રમૂજ સંકોરે !

ઉદ્ગારોની ભાષામાં
આ આડક ડીંડક શબ્દો.

[60 Wilson Gardens, WEST HARROW, Middlesex HA1 4DZ, U.K.]

••••••••••••••••••••••••••••

પ્રાર્થનાચિઠ્ઠી :

એક શિક્ષકની વેદના ...

એક બાળકની કલમે ...

પ્રતિ,
શ્રી ભગવાનભાઈ ઈશ્વરભાઈ પરમાત્મા
(શંખચક્રવાળા)
સ્વર્ગ લોક, નર્કની સામે,
વાદળાની વચ્ચે
મુ. આકાશ.

પ્રિય મિત્ર ભગવાન,

જય ભારત સાથ જણાવાનું કે હું તારા ભવ્યમંદિરથી થોડે દૂર આવેલી એક સરકારી શાળાના ૭માં ધોરણમાં ભણું છું.

મારા પિતાજી દાણાપીઠમાં મજૂરી કરે છે અને મારી મા રોજ બીજાનાં ઘરકામ કરવા જાય છે. 'હું શું કામ ભણું છું' એની મારા મા-બાપને ખબર નથી. કદાચ શિષ્યવૃતિના પૈસા અને મફત જમવાનું નિશાળમાંથી મળે છે એટલે મારા મા-બાપ મને રોજ નિશાળે ધકેલે છે.

ભગવાન, બે-ચાર સવાલો પૂછવા માટે મેં તને પત્ર લખ્યો છે. મારા સાહેબે કિધુ'તું કે તું સાચી વાત જરૂર સાંભળે છે ... !

પ્રશ્ન-૧. હું રોજ સાંજે તારા મંદિરે આવું છું અને નિયમિત સવારે નિશાળે જાવ છું પણ હે ભગવાન તારી ઉપર આરસપહાણનું મંદિરને એ.સી. છે અને મારી નિશાળમાં ઉપર છાપરું ય કેમ નથી ... દર ચોમાસે પાણી ટપકે છે, આ મને સમજાતું નથી...!

પ્રશ્ન-૨. તને રોજ ૩૨ ભાતનાં પકવાન પીરસાય છે ને તું તો ખાતો'ય નથી ... અને હું દરરોજ બપોરે મધ્યાહ્નભોજનના એક મુઠ્ઠી ભાતથી ભૂખ્યો ઘરે જાઉં છું ...! આવું કેમ ... ?

પ્રશ્ન-૩. મારી નાની બેનનાં ફાટેલા ફ્રોક ઉપર કોઈ થીગડું ય મારતું નથી અને તારા પચરંગી નવા નવાં વાઘા ... ! સાચું કહું ભગવાન હું રોજ તને નહીં, તારાં કપડાં જોવા આવું છું ... !

પ્રશ્ન -૪. તારા પ્રસંગે લાખો માણસો મંદિરે સમાતા નથી અને ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટે જ્યારે હું બે મહિનાથી મહેનત કરેલું દેશભક્તિગીત રજું કરુ છું ત્યારે,સામે હોય છે માત્ર મારા શિક્ષકો ... ને બાળકો ... હે ઈશ્વર તારા મંદિરે જે સમાતા નથી ઈ બધાય 'મારા મંદિરે' કેમ ડોકાતા નથી ... !

પ્રશ્ન-૫. તને ખોટું લાગે તો ભલે લાગે, પણ મારા ગામમાં એક ફાઈવસ્ટાર હોટલ જેવું મંદિર છે' ને એક મંદિર જેવી પ્રાથમિક શાળા છે. પ્રભુ ! મેં સાભળ્યું છે કે તું તો અમારી બનાવેલી મૂર્તિ છો, તો'ય આવી જલજલાટ છો અને અમે તો તારી બનાવેલી મૂર્તિ છીએ, તો'ય આમારા ચહેરા ઉપર નૂર કેમ નથી ... ?

શક્ય હોય તો પાંચેયના જવાબ આપજે ... મને વાર્ષિક પરીક્ષામાં કામ લાગે ... ! ભગવાન મારે ખૂબ આગળ ભણવું છે ડોક્ટર થવું છે પણ મારા મા-બાપ પાસે ફીના કે ટ્યૂશનના પૈસા નથી ... તું જો તારી એક દિવસની તારી દાનપેટી મને મોકલે ને તો હું આખી જિંદગી ભણી શકું ...વ ચિારીને કે'જે ... ! હું જાણું છું તારે'ય ઘણાયને પૂછવું પડે એમ છે.

પરંતુ ૭માં ધોરણની વાર્ષિક પરીક્ષા જો તું મારામાં ધ્યાન નહીં આપે તો મારા બાપુ મને સામે ચા વાળાની હોટલે રોજના રૂ.પાંચના ભવ્ય પગારથી નોકરીએ રાખી દેશે ...! ને પછી આખી જિંદગી હું તારા શ્રીમંત ભક્તોને ચા પાઈશ ... પણ તારી હારે કીટ્ટા કરી નાખીશ ... !

જલદી કરજે, ભગવાન ... સમય બહુ ઓછો છે તારી પાસે ... અને મારી પાસે પણ ... !

લિ.
એક સરકારી શાળાનો ગરીબ વિદ્યાર્થી
અથવા
ભારતના એક ભાવિ મજૂરના વંદે માતરમ્.

(પ્રેષક : ભદ્રા વડગામા)

– એતાનશ્રી

સ્મૃતિભાથું બન્યું જીવનસંભારણું

• "ઓપિનિયન"નો પર્યાય 'વિપુલ કલ્યાણી' અને તેટલું જ સાચું કે 'વિપુલ કલ્યાણી'નો પર્યાય "ઓપિનિયન".

સ્મૃતિપટ ઇ.સ. ૨૦૦૦થી શરૂ થાય છે. તે અરસામાં મારા મિત્ર હરનિશભાઈ જાનીના સૂચન મુજબ હું "ઓપિનિયન"નો ગ્રાહક બન્યો. આમ, ઇ.સ. ૨૦૦૦થી વિપુલભાઈ કલ્યાણીનો પરોક્ષ પરિચય શરૂ થયો.

ઇ.સ. ૨૦૦૩ના ઑક્ટોબરમાં મારા પિતા હરિહરભાઈ ભટ્ટના કાવ્યસંગ્રહ 'એક જ દે ચિનગારી'ની પહેલી આવૃત્તિનું વિમોચન અહીં અમેરિકામાં ન્યુ જર્સીમાં થયું. તેની એક નકલ મેં વિપુલભાઈને ભેટ મોકલી. તેના અનુસંધાનમાં વિપુલભાઈએ ૭ ઑગસ્ટ ૨૦૦૪ના દિવસે, વેમ્બલીમાં આવ્યા બ્રેન્ટ ટાઉન હૉલમાં, 'ગુજરાતી સાહિત્ય અકાદમી' હેઠળ, 'એક જ દે ચિનગારી' કાવ્યસંગ્રહનું ગુણસંકીર્તન કરવા એક મિલનસમારંભ યોજ્યો હતો. તેમાં ભાગ લેવા હું ત્યાં ગયો. આ પ્રસંગ દ્વારા મને વિપુલભાઈનો પ્રથમ પ્રત્યક્ષ પરિચય થયો. આ પ્રસંગનો અહેવાલ તેમણે સપ્ટેમ્બર ૨૦૦૪ના "ઓપિનિયન"ના અંકમાં પ્રગટ પણ કર્યો. આ પહેલાં તેમણે જૂન ૨૦૦૪ના અંકમાં, 'હરિહર ભટ્ટની કવિતા' શીર્ષક હેઠળ, 'એક જ દે ચિનગારી' કાવ્યસંગ્રહમાંનો રઘુવીર ચૌધરીનો 'આવકાર : હરિહર ભટ્ટની કવિતા', લેખ પુનઃમુદ્રિત કર્યો.

ઇ.સ. ૨૦૦૫માં ૩૦ એપ્રિલથી ૧ મે દરમિયાન, 'ગુજરાતી સાહિત્ય અકાદમી' દ્વારા યોજાયેલી સાતમી 'ભાષા-સાહિત્ય પરિષદ'માં ભાગ લેવા હું ઇંગ્લૅન્ડ ગયો. આમ ફરી વિપુલભાઈની મુલાકાતનો લાભ મળ્યો.

અમદાવાદમાં મારી હાઈ સ્કૂલના શિક્ષક પોપટલાલ પંચાલ સાહેબના વાર્તાસંગ્રહના વિમોચનના પ્રસંગે મારે ઇ.સ. ૨૦૦૭માં ફરી ઇંગ્લૅન્ડ જવાનું થયું. ત્યારે મને ફરી વિપુલભાઈની મુલાકાતનો લાભ મળ્યો. આ મુલાકાત દરમિયાન મારા પિતાના કાવ્યસંગ્રહ, 'એક જ દે ચિનગારી'ની બીજી આવૃત્તિ તથા તે કાવ્યસંગ્રહના કેટલાંક કાવ્યોની આશિત દેસાઈની સંગીતબદ્ધ સી.ડી. બાબત ભવિષ્યની મારી યોજના અંગે ઘણી મદદ મળી. આ યોજના બાબતનો લેખ 'મોહ નથી કાવ્યોનો : માત્ર જીવી રહ્યો તુજ મહાકાવ્યની એક આશે' શીર્ષક હેઠળ તેમણે નવેમ્બર ૨૦૦૮ના "ઓપિનિયન"ના અંકમાં પ્રસિદ્ધ કર્યો.

છેલ્લે, ઑક્ટોબર નવેમ્બર ૨૦૦૯માં વિપુલભાઈ અમેરિકાની મુલાકાતે આવેલા ત્યારે તેમની સાથે, હરનિશભાઈ તેમ જ હંસાબહેન સાથે, જમવાનો તથા સાથે હરવાફરવાનો પ્રત્યક્ષ આનંદ કરવાનો લ્હાવો મળેલો.

આમ, વિપુલભાઈ તથા "ઓપિનિયન"ના સમન્વયથી ઉદ્‌ભવેલા પ્રસંગોનું 'સ્મૃતિભાથું બન્યું જીવનભાથું.'

– સુધાકર હરિહર ભટ્ટ

[157-34 23rd Avenue, WHITSTONE, N.Y. 11357, U.S.A.]

ચેન કહાઁ, હાય, આરામ કહાઁ

'હાલો રે હંસલા, હવે મોતીડાં નહીં મળે' ! … 26 માર્ચ 2010ના "ઓપિનિયન'ના આખરી દિવસનો સંકલ્પ તો તમે જાહેર કરી લીધો. પરંતુ અમારા જેવા "ઓપિનિયન"ના ચાહકો માટે, અમારી વ્યથાને 'જૈલર' ફિલ્મમાં રાજિન્દર કૃષ્ણાનાં આ ગીતને, મદન મોહનના સંગીત નિર્દેશનમાં, લતા મંગેશકરનાં કંઠે ગવાયેલાં, એક જૂનાં ગીત વાટે પેશ કરવાનું મન થાય છે :

हम प्यार में जलनेवालों को
चैन कहाँ, हाय, आराम कहाँ
हम प्यार में जलनेवालों को …
बहलाये जब दिल ना बहले, तो ऐसे बहलायें
गम ही तो है प्यार की दौलत, ये कहकर समझायें
अपना मन छलनेवालों को, चैन कहाँ, हाय, आराम कहाँ
हम प्यार में जलनेवालों को …
प्रीत की अंधियारी मंज़िल में, चारों ओर सियाही
आधी राह में ही रुक जाये, इस मंज़िल का राही
काँटों पर चलनेवालों को, चैन कहाँ, हाय, आराम कहाँ
हम प्यार में जलनेवालों को …

… , અમારી હાલત પણ આવી કંઈક રહેશે.

– સુધીર જટાણિયા

[38 Vane Close, Kenton, HARROW, Middlesex HA3 9XD, U.K.]

બીજા સામયિકનો જો ઉગમ થાય …

• જે કોઈ "ઓપિનિયન" માણતાં આવ્યાં છે તે સૌ કોઈ માટે રવિવાર, ૨૮ માર્ચ ૨૦૧૦નો દિવસ ગ્લાનિનો દિવસ બનવાનો છે. એથી પણ વિશેષ, આ પ્રકાશન અને અને તમે બન્ને ખોટ પૂરી ન શકાય તેવાં સાબિત થયાં છો.

આશા રાખીએ કે આપણી ગુજરાતી કોમ આ દિવસે તેની જગ્યાએ આવા બીજા સામયિકનો ઉગમ જુએ.

- નવનીત ધોળકિયા

[House of Lords, LONDON SW1A 0PW, U.K.]

સ્નેહ અને ચાહના

• આવતા મહિનાનો છેલ્લો જ અંક હશે; તે કરુણ ઘટના બનવાની છે.

વરસોથી કેવડા મોટા આનંદ સાથે "ઓપિનયન" નિયમિતપણે વાંચતો આવ્યો છું. તમને સલામું છું કેમ કે સંપૂર્ણ નમ્રતા તેમ જ સાદગીથી તમે ચોમેરે લોકોનો સ્નેહ અને ચાહના મેળવ્યાં છે. આવું માત્ર યુનાઇટેડ કિંગ્ડમમાં જ બન્યું નથી, સર્વત્ર વિશ્વભરમાં ય બન્યું છે.

તમારા જેવા મારે એક મિત્ર છે, તે મારા માટે સરસ નસીબ અને આભિજાત્ય શી હકીકત છે.

- શાન્તૂ રૂપારેલ

[2 Ambassador House, Wolseley Road, HARROW, Middlesex HA3 5RT, U.K.]

• 'સંકેલો'ના આવતા અવસર સમાચારે "ઓપિનિયન"ના દોઢેક દાયકાના પ્રદાન માટે આભારભાવ અનુભવું છું.

- રામ યાજ્ઞિક

[18 Poynings Way, LONDON N12 7LP, U.K.]

પેલા જાદુગર કે. લાલની જેમ, અદૃશ્ય થવાનું આવડતું હોત તો ?

• વિચારશીલ વ્યક્તિને કંઈ કરવાની ચડ ઉપડે ત્યારે તેને તે કામ કર્યા વિના ચેન ન પડે. વિપુલ કલ્યાણીની બાબતમાં પણ કંઈક આવું જ બન્યું છે. વિપુલ કલ્યાણી મૂળ તો પત્રકારનો જીવ. એઓ માનતા હતા, જેની શરૂઆત તેનો અંત ખરો. "ઓપિનિયન"ના પ્રથમ ગ્રાહક થવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું હતું. પંદર વર્ષના એમના આ પ્રવાસનો હું ય સાક્ષી છું.

"ઓપિનિયન"માં જાહેરખબર ન લેવી એ એમનો નિર્ણય હતો. ઘણા વાચકોને એમના આ નિર્ણયથી અચંબો પણ થયેલો. હવે "ઓપિનિયન" યુનાઇટેડ કિંગ્ડમથી પ્રકાશિત થશે નહીં, એવું મારી સમજણમાં છે. "નિરીક્ષક" સાથે "ઓપિનિયન"નાં પાનાં સામેલ થશે જાણી આનંદ.

ગુજરાતમાં ઉમાશંકરભાઈ, સુરેશ જોષી, 'સુન્દરમ્' અને અન્ય કેટલાક વિચારકોએ માસિક, ત્રૈમાસિક ચાલુ કરેલાં પણ તે લાંબો સમય ચાલ્યાં નહીં. એવા હાલ જો ગુજરાતમાં થતા હોય, આ તો રહ્યું બ્રિટન. "ઓપિનયન"ને હવે પંદર વરસ થયાં.

વિપુલ કલ્યાણીનાં સંપાદનમાં વિવિધ વાચનસામગ્રી જોવા મળી. તેના વાચકોએ તે જાણી અને માણી. વિપુલ કલ્યાણીની મહેનત જહેમત એળે ગઈ નથી. એમના પુરુષાર્થનાં ફળો વાચકોને માણવા મળ્યાં. ગૌરવ લેવા જેવી વાત છે કે, 'ગૂજરાત વિદ્યાપીઠ'માંથી બહેન આશા વિહોલે તે પર એમ.ફિલ કર્યું છે.

Thank You, વિપુલભાઈ. "ઓપિનિયન"ના 'એતાનશ્રી' અને 'ગુફ્તગૂ' વિભાગમાં અમને અમારા વિચારો જણાવવાની સરસ તક મળી. અમે તમારું ઘસાતું પણ લખ્યું, તે પણ તમે છાપ્યું.

પણ, વિપુલભાઈ, પ્લીઝ, અમને પૂછશો નહીં કે "ઓપિનિયન"ની ગ્રાહકસંખ્યામાં વધારો કરવા અમે શું કર્યું ? જો આ જ પ્રશ્ન તમે અમને કૉર્ટના પાંજરામાં ઊભા રાખી પૂછો તો ? તો, અમારી જીભ સીવાય જાય ને પછી એ પાંજરામાંથી, પેલા જાદુગર કે. લાલની જેમ, અદૃશ્ય થવાનુંય આવડતું હોય તો ?

– રમણભાઈ ડી. પટેલ

[62, Orchard Gate, GREENFORD, Middlesex UB6 0QW, U.K.]

• "ઓપિનિયન"ના ફેબ્રુઆરી અંકમાં "ઓપિનિયન"ને વિકસાવવાનાં તમારા ભગીરથ કાર્ય વિશે, સૌના અભિપ્રાયો વાંચીને આનંદની કોઈ સીમા રહી નથી. We are thrilled with joy.

- સુનંદા અને જયંત ઝવેરી

[112 Richmond Park Road, KINGSTON-UPON-THAMES, Surrey, KT2 6AJ, U.K.]

જે પુણ્ય કમાયા છે તે લુપ્ત પણ થાય

• હું ઘણાં વરસથી ભારતથી અહીં અવારનવાર આવું છું. "ઓપિનિયન" હંમેશાં વાંચું છું. અહીંના ગુજરાતી સમાજની સાહિત્ય પ્રત્યેની અભિરુચિ કેળવવાનો સબળ પ્રયાસ જોઈ શકી છું.

જ્યારે ત્રણેક વરસ પહેલાં મારે વિપુલભાઈને મળવાનું થયું, ત્યારે વાત કરી હતી કે હવે હું કદાચ આ પ્રકાશન બંધ કરીશ. ત્યારે મને થયું કે આ ફક્ત વિચાર છે, પણ તે અમલમાં મૂકવા નિર્ણય નથી. પણ આ વખતે મળ્યા ત્યારે વાત કરી કે નક્કી કરી નાંખ્યું છે કે 'સંકેલો' કરવો છે અને પછીના અંકોમાં નિર્ણયાત્મક કાર્યક્રમ જાણ્યો ત્યારે ગમ્યું નહીં. કારણો બંને પક્ષે હોય જ પણ મારે બે વાત કહેવી છે કે આટલા સમયથી ગુજરાતી આપણી માતૃભાષાને સાહિત્યના વિવિધ પાસાંઓથી જીવંત કે રમતી રાખવાનું જે પુણ્ય કમાયા છે તે લુપ્ત થશે. જો કે નવા પરિવેશમાં પ્રસ્તુત થશે એ વાત સાચી છે, પણ કદાચ કેટલાંક લોકો જરૂર કબૂલ કરશે કમ્પ્યૂટર સામે બેસીને વાંચવા કરતાં નિરાંતે સોફામાં બેસી બેચાર બેઠકે "ઓપિનિયન" વાંચવું જરૂર ગમે.

પરંતુ જે નવપ્રયાણ કરો છો તેને હું બિરદાવું છું અને આટલાં વરસો જે ખેડાણ થયું છે એ માટે ધન્યવાદ પાઠવું છું.

- સરોજ અંજારિયા

['Samanvay', Kalyan Society, RAJKOT - 360 001, India]

વાંચનાર-લખનાર બન્ને પર ઉપકાર

• "ઓપિનિયન" છેલ્લા દોઢેક દાયકાથી પ્રગટ થતું આવ્યું છે, પણ મને પહેલાં તમારી અને પછી આ માસિકની ઓળખાણ કેવી રીતે થઈ, એ યાદ નથી. પણ આ સુખદ અકસ્માત "ઓપિનિયન"ના જન્મ ટાણે થયો હોત તો આ દેશમાંથી પ્રગટ થતાં શિષ્ટ સાહિત્ય વાંચવાની મારી ભૂખ વહેલી ભાંગી હોત.

મારા જેવા અનેક વતનનો અને ખાસ કરીને પોતીકી ભાષાનો ઝુરાપો વેઠનારાઓને "ઓપિનિયને" વિવિધ પ્રકારનાં સાહિત્ય પીરસ્યાં છે અને અન્ય પ્રકાશનોમાંથી ચયન કરીને પણ થોડું ઘણું ધર્યું છે. સિદ્ધ હસ્ત કવિ-લેખકોથી માંડીને પોતાની લેખન શક્તિથી અજાણ એવા પ્રસંગોપાત લખનારાઓને પણ અભિવ્યક્ત કરવાનો મારગ આપીને વાંચનાર-લખનાર બન્ને પર ઉપકાર કર્યો છે.

"ઓપિનયન" હવે પરિચિત સ્વરૂપમાં પ્રગટ નહીં થાય એનો વસવસો કરવાને બદલે નવી ઉડાન ભરીને આધુનિક ઉપકરણો દ્વારા વૈશ્વીક સ્તરે વ્યાપ વધારશે, એવી આશા આ પ્રસંગે ઉચિત લાગે છે.

ડાયાસ્પોરિક ગુજરાતી પ્રજાની સેવા કરવા બદલ ધન્યવાદ !

- આશા બૂચ

[71 Half Edge Lane, Eccles, MANCHESTER M30 9AZ, U.K.]

તારી 'વિદાય-યાત્રા' ઉજાગર ને ઉલ્લાહક હો !

પ્રિય "ઓપિનિયન",

• કેટકેટલી વિનંતી - 'ન જા - ન જા' કર્યા છતાં તારે જવું જ છે. તારું ધાર્યું આખરે તેં કર્યું. માઠું ન લગાડતો પણ તું જક્કી – નક્કી ! ને હવે વિદાયની વેળા આવી પહોંચી છે.

વિદાય હૃદયદ્રાવક ને વસમી હોય છે. પ્રિય જનના જવાથી દુ:ખ થાય એ સ્વાભાવિક પ્રક્રિયામાંથી પસાર થતાં હૃદય-લાગણી ને મન-વિચારના ભેદ-અભેદની આંટીઘૂંટીમાં થોડો સમય વ્યતીત થતાં એક સ્વસ્થ ઝબકાર લાધ્યો. વિદાય શબ્દ જ ઘા-કારી છે, પરંતુ કેટલીક વાર વિદાય અનિવાર્ય ને નિશ્ચિત ને ક્યારેક, કદાચિત શુભ હોય છે. પ્રિય "ઓપિનિયન", કદાચને તારે માટે આવું બન્યું હોય. તો ચાલ, હવે 'વિદાયની શરણાઈ' છેડીએ ! દસકાનાં કેટકેટલાં સ્મરણો આ સૂરમાં રેલાશે ? વિચાર, વાણી, ઊર્મિ, લાગણીથી છલોછલ ! સાહિત્યનાં અનેક વિધવિધ પાસાંઓ – વાર્તા, આત્મકથા, લઘુકથા, જીવનચરિત્ર, વિવેચન, સમીક્ષા, હેવાલ-અહેવાલ, પત્રો, પુસ્તક-પરિચય, નિબંધ વગેરે અને સૌથી વિશેષે કાવ્યો ને ગીતો – સાહિત્ય - સભર કેટકેટલું ગૂંજન ! સાહિત્યની મહેફિલનો અનેરો રંગ હતો ! તદુપરાંત અનેકને અભિવ્યક્તિનો સાથ-સુયોગનો આનંદ હતો.

ને પાછો સમય પણ તેં કેવો શોધ્યો ! વસંત ઋતુનો ! જ્યારે પ્રકૃતિ આનંદિત થઈ નીખરે - વૃક્ષ નવપલ્લવિત થાય, સ્નોડ્રૉપ્સ ખીલી ઊઠે ને ડેફોડિલ્સ - ક્રોકસીસ મ્હોરી ઊઠે – ને પેલું બ્લેકબર્ડ પક્ષી ટહુકા કરતું વસંતની છડી પોકારે ! જો કે આ સમે વસંતની ખુશનુમાને બદલે વર્ષા ને બરફની રમઝટ છે – ભલા, ડેફોડિલને સલામ કરીને જવાનું પણ ન સૂઝ્યું ? કે પછી થોડું લંબાવી, પાનખરમાં, ઊડી જતાં પર્ણો સાથે સફર ગોઠવી હોતે તો અનેરો આનંદ આવતે !

સાંભળ્યું છે કે તું 'ઇન્ટનેટ'માં સંતાકૂકડી રમવા જનાર છે. તો તો પછી પાછા આવવાની કે ફરી મળવાની આશા સંભવિત નથી. તેમાં ય મારા જેવાં કેટલાંય હશે જેણે ઇન્ટનેટની બારાખડી ઘૂંટી નહીં હોય – એટલે આ સમો અલવિદાનો કહેવાય ખરું ને ?

તારી 'વિદાય-યાત્રા' ઉજાગર ને ઉલ્લાહક હો એ અભ્યર્થના.

નિરંજનાના વિદાય-નમસ્કાર

[60 Wilson Gardens, WEST HARROW, Middlesex HA1 4DZ, U.K.]

જરા પોરો ખાશો !

• 'સંકેલો'નો સમય નજદિક આવી રહ્યો છે. સાથે સાથે દુ:ખ અનુભવું છું. આ હળવા મળવાનું એ દ્વારા થતું હતું તે બંધ થશે ! ખેર, તમને ગમ્યું તે ખરું ! પંદર વર્ષનાં તમારા આ સુંદર પ્રકાશન માટે ખૂભ ખૂબ હાર્દિક ધન્યવાદ ! … હવે, જરા પોરો ખાશો !

'જય મંગલે' વિદાય લીધી. પછી તેમના વિષે, અમારા સંબંધો વિષે મેં લખવા વિચારેલું, પરંતુ તે શક્ય બન્યું નહીં. જયંતીભાઈ ઠાકરનો પરિચય ૧૯૬૩ના અરસામાં, વાંકાનેરમાં મારા દિવંગત મિત્ર પ્રવીણ ભટ્ટ વાટે થયેલો. ભટ્ટજી કહે, જયંતભાઈ સારાં ગીત-ગઝલ લખે છે. પરિચયમાં રહેશો. તે મલાવી આવ્યા ત્યારે પત્રો દ્વારા અમે મળતા. દારેસલામમાં ખેતિયા બ્રૉકરને ત્યાં ઉતરતા. બે ત્રણ વખત મળેલા. તે પછી વિલાયત આવ્યા. ત્યારે રોજગારીની તલાશમાં લેસ્ટર આવેલા. તત્કાલીન કાઉન્સિલર કૃષ્ણકાન્ત શાહની દુકાને પણ અમે ગયેલા. શાહ તેમને "અમે ગુજરાતી"ના તંત્રી તરીકે રાખવાનું વિચારતા હતા. ત્યારે હજુ આ સામયિક શરૂ થયું નહોતું.

તે મારે ઘેર જમવાને આવેલા. મારાં પત્નીને તેમના પરિવાર સંગાથે ય ઓળખાણ, કેમ કે તે વાંકાનેરનાં ખરાં ને. પછી તો, મુશાયરા, કવિ સંમેલનો થતાં, તેમાં મળવાનું બનતું. મારાં ચારેક ગીત-ગઝલો તેમણે "નવજીવન"માં પ્રગટ કરેલાં. આફ્રિકે હતા ત્યારે પત્ર દ્વારા પણ ખૂબ નજીક આવેલા, પરંતુ તે યુનાઇટેડ કિંગડમમાં શક્ય બનેલું નહીં. તેમણે સંખ્યાબંધ કાવ્યો લખ્યાં છે. હજારો ઉપર હશે ! આમ એક નીકટના મિત્ર ગુમાવ્યાનું દુ:ખ છે.

વચ્ચે તમારા જૂના મિત્ર, કેશુભાઈ મિસ્ત્રીને મળવાનું બનેલું. હું લેસ્ટર હતો ત્યારે દીકરાની જોડે આવેલા. અબીહાલ તે કોઈક ડોક્યુમેન્ટરીનું એડિટીંગ કરે છે. સાહિત્યના શોખીન; તે જુના કવિલેખકો વિષે ખૂબ જાણે ને ચર્ચા કરે. અરૂશા હતા ત્યારે ત્યાં 'વાઈલ્ડ ફોટોગ્રાફી' કરતા. કહે છે કે તેમના કેટલાક ફોટાઓ "નેશનલ જ્યોગ્રાફી" સામયિકમાં પ્રગટ થયેલા. તેમને મળવાનો આનંદ હતો. હમણાં પગની તકલીફ છે અને તે લાકડીને ટેકે ટેકે હરેફરે છે.

- પ્રવીણ કે. મહેતા

[Apartment A 318, 10000 - 45th Avenue North, PLYMOUTH MN 55442 U.S.A.]

• "ઓપિનિયન"ના ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૦ અંકના ત્રીજા પાને તથા "નિરીક્ષક"ના ૧ માર્ચ ૨૦૧૦ના અંકમાં પાન ૧૪ પરનું તમ બન્નેનું 'બૉક્સ નિવેદન' વાંચી બહુ રાજી થયો..

બન્ને તંત્રીઓને હાર્દિક શુભેચ્છાઓ ... સમયસરનો અને સાચી દિશાનો આ નિર્ણય છે .. વધાઈ ... ધન્યવાદ ...

- મધુ અને ઉત્તમ ગજ્જર

e.mail : uttamgajjar@gmail.com

અનેકના સ્નેહાદર પામ્યા છો; તેમાંનો હું પણ એક છું

• "ઓપિનિયન" છાપું મળ્યું હતું તથા ઈ-મેઈલ પણ હમણાં મળી. પાછળથી જ 'એતાનશ્રી' વાંચવા તો માંડયું રાબેતા મુજબ; પણ વાંચવું ગમ્યું નહિ. 'સંકેલોની' વાત તમારા અનેક વાચકો–ચાહકોને ગમી નથી તેનો પડઘો, મેં આ બન્ને "ઓપિનિયન"માં જેટલું વાંચ્યું છે તેમાં પડ્યો છે. આ પંદર વરસના ગાળામાં એક આદર્શ પત્રકાર તરીકેની તમારી સજ્જતા અને સન્નિષ્ઠતા તમે પુરવાર કરી ચૂકયા છો. તમે અનેકના સ્નેહાદર પામ્યા છો; તેમાંનો હું પણ એક છું. તમારા નિરધાર પાછળના કારણો જે હોય તે; પણ એક વાત નિશ્ચિત છે કે ગુજરાતી ભાષાપ્રેમીઓ તથા અમે સૌને "ઓપિનિયન"ની ગેરહાજરી કઠશે.

હવે પછીની તમારી કારકિર્દી સુખમય નીવડે એ પ્રાર્થના.

મારી આંખની તકલીફને લીધે મારાથી બહુ લખાતું-વંચાતું નથી અને જે વંચાય છે તેને સમજવું હવે મુશ્કેલ પડે છે. છતાં જિંદગી જીવાઈ રહી છે. મારી ચાલવાની મુસીબતને હલ કરવા, છેલ્લા ત્રેવીસ દિવસથી રોજ કલાક સવા કલાક, વીજળીનો આંચકો આપી દર્દ મટાડવાનો ઉપાય તથા વાઈબ્રેટર થકી મસાજ કરાવું છું. થોડો ફાયદો થયો હોય તેવું લાગે છે; પણ તેનો માપદંડ નથી.

તમારી તથા કુંજની કુશળતા ઈચ્છું છું અને હવે પછીની તમારી જિન્દગી ભારહીન, હળવી અને પ્રસન્ન બને તેવી શુભેચ્છાયે પાઠવું છું.

– રતિકાકા

e.mail : R P Chandaria <rpchandaria@comcraft.com>

"ઓપિનિયન" - "નિરીક્ષક" સામયિકોના જોડાણને વધામણાં

• ફેબ્રુઆરી અંકમાં પ્રકાશભાઈ ન. શાહ અને તમે બે સામયિકોનાં જોડાણના સમાચાર આપ્યા, એ એક શુભ ઘટના છે. ઘણી જ આવકારદાયક ઘટના કહેવાય. ગુજરાતી ભાષા - સાહિત્યના ઈતિહાસમાં તે નોંધનીય લેખાશે, એમ મારું માનવું છે. "ઓપિનિયન"ના વાચક-લેખકવૃંદ આ ઘટનાને જરૂર શુભેચ્છાઓ અને પ્રસન્નતા પાઠવશે.

આ જોડાણના સમાચાર વાંચતા લાગ્યું કે તમે બન્ને તંત્રી મિત્રો કનૈયાલાલ મુનશીના સામયિક "સમર્પણ"(સ્થાપના : ૧૯૫૯)નું અને ગોપાળ નેવટિયાના સામયિક "નવનીત"(સ્થાપના : ૧૯૬૧)નું શુભ અનુકરણ કર્યું. આથી તેનો આનંદ રહ્યા કર્યો. ૧૯૮૦થી આ બન્ને સામયિકો, નવા નામે, "નવનીત સમર્પણ" રૂપે પ્રગટ થતું આવ્યું છે. ત્રીસ ત્રીસ વરસોથી પ્રગતિના પંથે આ સામયિકે વિકાસ કર્યો છે અને ગુજરાતી ભાષા-સાહિત્યના સંવર્ધન - પ્રચાર - પ્રસાર માટે એક અદકેરું કામ કરી રહ્યું છે.

આ જોડાણની પ્રક્રિયામાં તમે બન્ને તંત્રી મિત્રોની 'હોંશ અને કોશિશ' અને ધ્યેય - એટલે 'આ વ્યાયામ લાંબે ગાળે, ગુજરાતીમાં વિશ્વ-નાગિરક તરેહની મથામણનો આંતરખંડીય આયામ પ્રગટાવે' - એમાં આપણા અહીં ગુજરાતી સમાજના વાચકો - લેખકોની પ્રાર્થના અને શુભ કામનાઓ હશે. વળી તે સૌનો અને આ સમાજનો સક્રિય સાથ સહાકાર રહ્યા કરશે, તેની ખાતરી છે. આ શુભ આનંદભર્યા સમાચારમાં એમનો સક્રિય ફાળો રહેવાનો અને 'ડાયસ્પોરી યુગ મથામણમાં' સામેલ રહેવાના. "ઓપિનિયન" સામિયકના ઘણા વાચકો ચાહકો "નિરીક્ષક"ના પણ ગ્રાહકો બન્યા છે. હવે પછી લવાજમ ભરી બન્ને જોડિયા સામિયકના ગ્રાહક બને એવી અરજ રહેવાની છે. આ જરૂરી છે.

ભારતીય વિદ્યા ભવનના કાર્યકારી સચિવ હોમી દસ્તુરે જુલાઈ ૨૦૦૮ના "નવનીત - સમર્પણ"ના અંકમાં પોતાની વ્યથા - કથા કહેતાં લખ્યું : 'સંસ્કૃતિ, સાહિત્ય ... વિવિધ કલાની સેવા કરતા, મનુષ્યની ચેતનાની સપાટી ઊંચે ઉઠાવતાં આ સામયિકનું પેટ માત્ર પ્રશંસાના વાળુથી ભરાતું નથી. સામયિક ભારે ખોટ ખમી રહ્યું છે - વર્ષે લાખો રૂપિયાની ખોટ. પ્રશંસાને સક્રિય બનાવવું એટલે ગ્રાહકો વધે, વાચકો - ચાહકો સામયિકનું લવાજમ ભરે. મિત્રો - ઓળખીતાઓમાં "નવનીત - સમર્પણ"નો પ્રચાર કરવાનો અને તહેવારોના દિવસોએ સામયિકનું લવાજમ એમને ભેટ આપવાનો.'

"ઓપિનિયન" તથા "નિરીક્ષક"નો નવો જન્મ આવાં સૂચનોથી આગળ વધે, વધારે સફળ બને એવી સૌની શુભેચ્છાઓ જરૂર રહેવાની. એપ્રિલથી આ જોડિયું - નવું શિશુ ગુજરાતી ભાષા-સાહિત્ય અને પત્રકારત્વ જગતમાં આવી રહ્યું છે તેને ઘણું ઘણું વધાવીએ. આ બન્ને તંત્રી મિત્રોની 'અદ્દભુત સર્જનાત્મક ઊર્જામાંથી જન્મેલા બાળક' સામયિક ચિરંજીવ રહો એવી પ્રાર્થના.

- ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

['Kamal Kunj', 3 Buckingham Mews
SUTTON COLDFIELD, West Midlands B73 5PR, U.K.]

'ડિજિટલ અવતાર' એ સધિયારો

• માર્ચ ૨૦૧૦ પછી "ઓપિનયન" તેના મુદ્રિત સ્વરૂપમાં નહીં હોય તે જાણીને અમે ભારે રંજ અનુભવીએ છીએ. ગુજરાતી ભાષા અને સાહિત્યની તમે "ઓપિનિયન" વાટે બહુ મોટી સેવા કરી છે. અમે "ઓપિનિયન"ના નિયમિત વાચક છીએ; અને તમે જાણો છો તેમ, તેમાંના કેટલાક લેખોને અમે "સમુદ્દગાર"માં પ્રગટ પણ કર્યા છે. આ પ્રકારનું સામયિક ચલાવવું કેટલું અઘરું છે તેની અમને ય જાણકારી છે. એમ છતાં, અમે સહૃદય વાંચ્છીએ છીએ કે "ઓપિનિયન" ચાલુ રહેવું જોઈએ. પરંતુ જોડાજોડ તમારી મર્યાદા મુશ્કેલીઓની પણ સમજણ છે. હવે પછી આ સામયિક તેના 'ડિજિટલ અવતાર'માં આવતું રહેશે, તે એનો સધિયારો છે.

"ઓપિનિયન"ને સફળ બનાવવાની તમારી સક્રિયતાને અમે બિરદાવીએ છીએ. હંમેશને માટે તમે માતૃભાષાની સેવા કરતા જ રહેશો, તેની અમને ખાતરી છે.

- ઉષાબહેન અને ગુલાબભાઈ જાની

e.mail : janigulabbhai@yahoo.com

ખામોશી તોડું છું ...

• જાન્યુઆરી ૨૦૧૦ના અંકમાં ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ બાબત લેખ આનંદદાયી રહ્યો. એ જ અંકમાં પાનાં ૨૦ પરે છાપેલ 'અલવિદા' ગઝલના ત્રીજા શેરમાં, અક્ષરફેરના કારણે શબ્દફેર થઈ ગયો છે. તે આમ જોઈએ :

સાત ભવની વંદના પીને રહ્યું 'તું મસ્ત મગન,
ગુર્જરી ભાષાભવનમાં શબ્દોનું જે ધણ હતું.

વારુ, હવે ર.કા. ભટ્ટ સાહેબની મુલાકાત લઈએ.

વાત સાચી છે ભટ્ટ સાહેબ, "ઓપિનિયન" માસિકના સમર્થકો, લેખકો, વિવેચકો, કવિઓ અને બબુચકોએ મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલા અંગે મૌન સેવ્યું છે. તમારી ભાષામાં કહું તો, દળેલા લોટને દળવાનો ના હોય ! અને જે વાત જાણતા ન હોય તેમાં બોલવાનું ના હોય. હું માનું છું કંઈ એવું જ કારણ હશે. મને એટલું તો યાદ છે કે તે વેળાના કોઈક અંકમાં વિપુલભાઈએ પ્રકાશ ન. શાહ અને નગીનદાસ સંઘવીનાં લખાણો છાપેલાં. તેનાથી સંતોષ માની લીધો હોત તો !

ચાલો, તે મુદ્દે થોડીક જ્ઞાનવૃદ્ધિ કરીએ. ૨૬ નવેમ્બર ૨૦૦૮ના દિવસે મુંબઈમાં થયેલો આતંકવાદી હુમલો ભારત માટે દુર્ભાગ્ય અને પડકાર જેવો હતો. આતંકવાદીઓ હાથતાળી દઈ સમુદ્ર માર્ગે ૧૫થી ૧૭ સો માઈલનું અંતર કાપી ઢગલાબંધ શસ્ત્રો સાથે ફાઈવ સ્ટાર હૉટેલોમાં રૂમો બૂક કરી ધામા નાંખે અને તે પછી તેમનો નાપાક મનસૂબો પાર પાડે ત્યાં સુધી ગુપ્તચર તંત્ર, કૉસ્ટગાર્ડ, નૌકા સેના, હૉટેલ તંત્ર અને પોલીસખાતું ઊંઘતાં રહ્યાં. શરમ જેવી વાત છે ને ?

તે પછી મીડિયા અને લોકો તેમના ઉપર આક્રોશ વરસાવે ત્યારે તેઓ સાથે નેતાઓના અવિચાર્યા, અસભ્ય, નફ્ફટભર્યા વર્તન અને નારાજી નામા !! વિચારવા જેવી વાત નથી ?

આતંકવાદીઓની સામે લડવા માટે ભારતના નરબંકાઓ પાસે એ.કે. રાઈફલ્સ જેવું કોઈ સાધન કે બુલેટ પ્રૂફ જેકેટ ન હોય ત્યારે દોષ કોને આપવો ? આવા તો ઘણાય પ્રશ્નો સામે છે, કેટલાની ચર્ચા કરીશું? ને તમે જાણીને શું કરશો?

તે ઘટનામાં હાઈ પ્રૉફાઈલ પોલીસ અધિકારીઓ સહિત સોળ પોલીસ કર્મચારીઓએ વફાદારીપૂર્વક વતનને માટે આહૂતિ આપી. તે સૌને સલામ.

કમાન્ડોને નરીમાન હાઉસ પર લેન્ડીંગ કરવા અને આજુબાજુની ગલીઓની જાણકારી મેળવવા મૂંઝવણ ઊભી થઈ, ત્યારે તમાશો જોનારા, કામધંધો કરનારા, લટાર મારનારા તો હજારો હશે, પરંતુ આ કસોટીની ઘડીએ કમાન્ડોને સહાયરૂપ થવા જાનના જોખમે જેણે હિંમત બતાવી તે હતો, હનીફ શેખ નામનો યુવાન. કોઈએ એની નોંધ લીધી હોય કે નહીં, પરંતુ કામન્ડોના દરેક જણે ગદ્ગદ્ કંઠે એનો ઉપકાર માન્યો હતો, જરૂર.

પણ કલાકને અંતે બધું થાળે પડ્યું ત્યારે ૧૭૮ મૃતદેહોનો આંક બહાર આવ્યો. જેમાં ૪૮ મુસ્લિમ સ્ત્રી-પુરુષ-બાળકો પણ હતાં. બાકી સેંકડો ઘાયલ !

આંતકવાદીઓએ ગોળીઓની ઝડી વરસાવી ત્યારે તેમની નજર કે તેમનું નિશાન સ્ત્રી-પુરુષ-બાળકો, હિંદુ કે મુસ્લિમ, લગીર અંકાયાં નહીં હોય, નિશાન હતાં તો ભારતવાસીઓ. દરેક મુસ્લિમ કબ્રસ્તાનવાળાઓએ ઠાર મરાયેલા આતંકવાદીઓના શબોને મુસ્લિમ કબ્રસ્તાનમાં દફનાવવાથી જાકારો આપ્યો હતો. એટલું જ નહીં આતંકવાદીઓ પર ફિટકાર વરસાવ્યો હતો.

આટલું બધું ખુલ્લી કિતાબ જેવું હોવા છતાં ય મુસ્લિમોને બદનામ કરવામાં કેટલાક પત્રો વિવેક ચૂકી ગયા હતા. હજી ય શું આતંકવાદ અને ધર્મની સીમા નક્કી કરવાનો વખત નથી પાક્યો ? ચીનની સરહદો, કારગીલમાં ઘૂસણખોરી, વિમાની અપહરણ અને એક પછી એક આતંકવાદના હુમલા પછી સબક લઈને ક્યાં સુધી પ્રધાનો થૂંક ઉડાડ્યા કરશે ?

સામાન્ય રીતે તો વિપત્તિના સમયે દેશના તમામ વર્ગો, દરેક તબક્કાના લોકોએ એક જૂથ થવું જોઈએ. પરંતુ આપણા દેશમાં રાજકારણીઓ એક બીજા પર દોષારોપણ કરવા બેસી જાય છે. જ્યાં સુધી તમામ રાજકીય પક્ષો ત્રાસવાદનો સામનો કરવાના એજન્ડા પ્રત્યે એક જૂથ નહીં થાય ત્યાં સુધી તેઓ જનતાને ત્રાસવાદ વિરુદ્ધની લડતમાં જોડી નહીં શકે. ફક્ત થૂંક જ ઉડાડ્યા કરવાના શું એવું નથી લાગતું ?

અને છેલ્લે – શું હજી ય કોઈ સ્વીકારશે કે ? દયાહીનપણે આટલા બધા નિર્દોષોની હત્યા કરનારા આંતકવાદીઓ મુસ્લિમો નહીં, અધર્મીઓ હતા.

હવે આવીએ ગાંધીજીની વાત પર : ભટ્ટ સાહેબ ! જ્યાં સુધી મારો અભ્યાસ છે ત્યાં સુધી હું કહીશ કે, ગાંધીજી, ગાંધીજીની ભાવના ને ગાંધીજીના સિદ્ધાન્તોનું ખૂન કરનારા ગોડસેવાદીઓ છે.

ઈતિહાસનો અભ્યાસ કરશો તો જોઈ શકાશે કે, આફ્રિકાથી આવ્યા બાદ થોડા સમયમાં જ ગાંધીજીએ આશ્રમ શરૂ કર્યો તે પછી દેશની આઝાદીની કાર્યવાહીમાં એ લાગી ગયા. આ પૂર્વે દેશની આઝાદી માટેનું સૂત્ર શિક્ષિત વર્ગમાંથી આમ જનતા સુધી પહોંચાડનાર ગોપાળ કૃષ્ણ ગોખલે હતા. તેમણે લખનઊમાં હિન્દુ-મુસ્લિમોનો એક ‘કરાર’ કર્યો હતો; જેમાં દેશની આઝાદી બાદ મુસ્લિમોને ૫૦ % જગ્યા ફાળવવા સહિત દેશનું બંધારણ બિન-સાંપ્રદાયી રહેશે એમ નક્કી કર્યું હતું. આમ કરવાનો મુખ્ય હેતુ કોઈ પણ હિસાબે દેશમાંથી અંગ્રેજોને કાઢવાનો હતો. ગોપાળ કૃષ્ણ ગોખલેએ એમના મૃત્યુ બાદ આ સ્વપ્નને પૂરું કરવાની જવાબદારી ગાંધીજીને સોંપેલી. ગાંધીજી આ વચનને વળગી કોમી એકતા અને આઝાદીના કામમાં વળગેલા રહ્યા. છતાં ય દેશના ભાગલાને માટે ગોડસેવાદીઓ ગાંધીજીને બદનામ કરે છે.

પાકિસ્તાનને આપવાના રૂ. ૫૫ કરોડનો ઠરાવ તો લૉર્ડ માઉન્ટબૅટન અને સ્ટેટ બૅન્ક ઑવ ઈન્ડિયાના તત્કાલીન ગવર્નર દેશમુખે કરેલો. તેમાં ય ગાંધીજીને બદનામ કરવાનો શો હેતુ ? વિચારી જુઓ અને આ રૂ. ૫૫ કરોડનું પ્રકરણ ૧૨ જાન્યુઆરી ૧૯૪૮નું છે. જ્યારે ગાંધીજીની હત્યાનું કાવતરું ૧લી જાન્યુઆરી ૧૯૪૮ પહેલાંનું છે. અને એ પહેલાં ય ગાંધીજી પર ચાર હુમલા થઈ ચૂક્યા હતા. ત્યારે પણ દેશના ભાગલાની વાત કે પાકિસ્તાનને આપવાના પંચાવન કરોડ રૂપિયાની વાત જ ક્યાં હતી ? આ વાત પણ કપૂર પંચે જાહેર કરેલી જ છે.

દિલ્હીની સુપ્રિમ કૉર્ટમાં ચાલેલા ગાંધીજીની હત્યા કેસની વિગતો ત્યાંની ફાઈલમાં, ઉપરાંત સમાચારપત્રોમાં વાંચશો તો ખબર પડશે કે ગાંધીજીની હત્યાનું કાવતરું તો ૧લી જાન્યુઆરી ૧૯૪૮થી ઘણા સમય પહેલાં ઘડાયું હતું.

ઈ.સ. ૧૯૬૩માં લંડનમાં બનેલી અંગ્રેજી ફિલ્મ, ‘નાઈન અવર ટુ રામ’માં આ આખી ઘટના આવરી લેવામાં આવી છે. જો કે આ ફિલ્મ પર ભારતમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.

હા. … ભારત દેશના બંધારણના ઘડવૈયા, પ્રખર કાયદાશાસ્ત્રી અને નહેરુ મંત્રીમંડળના કાયદા પ્રધાન બાબાસાહેબ આંબેડકરે કંઈ આવા શબ્દો ઉચાર્યા હતા :

‘હિંદુ સમાજે મારો બહિષ્કાર કર્યો છે. હું હિંદુ તરીકે જન્મ્યો છું એ મારા હાથની વાત નહોતી. પરંતુ હિંદુ તરીકે મરવા હું તૈયાર નથી.’ આમ કહી ૧૪ ઑક્ટોબર ૧૯૫૬ના રોજ સમારોહ યોજી પોતાના દસ લાખ અનુયાયીઓ સહિત તેમણે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો.

જ્યારે ગાંધીજીના કંઈક આવા શબ્દો સાંભરે છે. અમારી નિશાળના પાઠ્યપુસ્તકમાં હોવાનું યાદ છે :

‘જો મારો પુનર્જન્મ થાય તો હું દલિતને ઘેર જન્મ લેવાનું પસંદ કરું.’

સ્વતંત્ર સંગ્રામના આ બેઉ નેતાઓના કથનમાં તમારા બધા જ સવાલોના જવાબો છે. છતાં ય તમારા માટે એક પ્રશ્ન ઊભો થવાનો છે, કે જો ગાંધીજીનો પુનર્જન્મ દલિતને ઘેર થાય તો શું કરવું ?

જતાં જતાં, ઑક્ટોબર ૨૦૦૯ના “ઓપિનિયન” અંકમાં આશા બૂચની અભ્યાસુ કલમે લખાયેલ લેખનો અભ્યાસ કરવા ભલામણ છે.

– ‘જિગર’ નબીપુરી

[3, Shernhall Street, Walthamstow, LONDON E17 3EU, U.K.]

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

બોયના બરડા ઉપર ન પડતાં પાછો પડ્યો. મને જોઈને શેઠે હસીને આવકાર આપ્યો, હાથ મેળવ્યા.

બસ થઈ રહ્યું? ઝઘડો પૂરો થયો. મારી જ ભૂલ થઈ. મેં જ જરા વાર લગાડી. હવે હું કંઈ નહિ કરી શકું. એક ઠોંસો જો શેઠના પડખામાં લગાવી દીધો હોત તો !

'હા, બોલો સાહેબ આપને શું જોઈએ?' શેઠના કર્કશ અવાજે હું વિચારતંદ્રામાંથી જાગૃત થયો. 'હં.... હા.... આજે તો ખાસ કંઈ જોતું નથી. જરા આજનું છાપું જોવા અવ્યો હતો. આપનો કજિયો થતો હતો એથી ઊભો રહ્યો. આવા ઝઘડાથી તો હવે આપણે શરમાવું જોઈએ. શેઠ, 'હિંમત રાખીને મેં કહી નાખ્યું, 'આજકાલ આફ્રિકનો પણ પોતાના સ્વમાનનું મૂલ્ય સમજતા થયા છે.'

'હેં હેં હેં હેં, ખરી વાત છે, સાહેબ.' 'શેઠ હસીને બોલ્યા.' મને પણ શરમ આવે છે પણ શું કરું? છોકરાની વાત હતી એટલે જરા ગુસ્સો આવી ગયો. એમ તો આ અમારો વિશ્વાસુ અને વફાદાર બોય છે. છેલ્લાં ચાર વર્ષથી અમારે ત્યાં કામ કરે છે. મારા સ્વભાવથી પૂરો માહિતગાર છે ત્યારે તો એણે એટલું સહન કર્યું. એની જગ્યાએ બીજો કોઈ હોત તો મને જ સામે મારીને ક્યાંક ભાગી જાત.' વફાદારીની ફિલસૂફી સમજાવતાં શેઠે કહ્યું. 'હા, પણ તમે આજે આવ્યા છો તો કંઈ ખટાવીને જ જાવ. આપ તો અમારા રોજના ગ્રાહક છો. 'ભૂંડા કર્કશ અવાજને મૃદુ કરવાનો પ્રયત્ન કરતાં શેઠ બોલ્યા.

એ મધુર (!) વાણી સાંભળી આજે સવારે ખાંડ વગરની પીધેલી ચા યાદ આવી ગઈ જેથી બે રતલ ખાંડ પહેલી તારીખે પૈસા આપી જવાના વાયદે લીધી.

હવે વાતાવરણ શાંત હતું. બોય નચિંત થઈ ખાંડ તોળી રહ્યો હતો. શેઠજી નામું લખવામાં મશગૂલ હતા. રેડિયો ઉપરથી બ્રિટિશ પંત પ્રધાન મિ. મેકમિલન પોતાના તાજેતરના આફ્રિકાના પ્રવાસનાં સંસ્મરણો રજૂ કરી, 'પલટાતા પવન'ની રૂપરેખા આપી રહ્યા હતા. મારી નજર ટેબલ ઉપર પડેલ છાપા ઉપર પડી. હું હેડિંગો વાંચવા લાગ્યો. કોંગોની કટોકટી .... યુગાન્ડા આઝાદીની રાહે .... જોમો કેન્યાટાને મુક્ત કરવાની ટોમ મ્બોયાની હાકલ .... ડૉ. હેસ્ટીંગ્ઝ બાન્ડાની મુક્તિ ... ફેડરેશન અંગે શરૂ થનારી બંધારણીય વાટાઘાટો .... અને હું મનમાં આપણી હાલત ઉપર વાટાઘાટ કરવા લાગ્યો.

(“જાગૃતિ”, 26 જૂન 1961)

[6 Purbeck House, Bolney Street, LONDON SW8 1EP, U.K.]

વફાદારી !

• 'ખય્યામ'

ચારના ટકોરા પડતાં ફાઈલોનો ગંજ એક બાજુએ સરકાવીને અકડાએલા શિથિલ ગાત્રોને આળસ મરડી જાગ્રત કરવાનો પ્રયાસ કરતાં ખુરશી ઉપરથી ઊભો થયો. જીવનનિર્વાહ માટે કેળવણી લઈ અનેક પ્રયત્નો પછી અણગમતી નોકરી મળે જે ન છૂટકે સ્વીકારી કુટુંબને ઉપયોગી થવા પ્રયત્ન કરતા આજના યુવાનો જેમ મેં પણ એક યુરોપિયન પેઢીમાં ક્લાર્કની જગ્યા સ્વીકારી લીધી છે.

ઑફિસેથી છૂટી શેઠની દુકાનમાં ગયો, જોયું તો શેઠ બોયને ધમકાવી રહ્યા હતા.

જીવન જરૂરિયાતની લગભગ સર્વે વસ્તુઓ આ દુકાનેથી લેવાનું થતું હોઈ, શેઠ અને એમના બોયને હું સારી રીતે ઓળખું છું. નહિ તો અન્ય વ્યક્તિને તો આ દૃશ્ય જોઈ શેઠ કોઈ ચોરને પકડી તેને પોલીસને હવાલે કરવાની તૈયારી કરતા હોય એવું જ લાગે; કારણ કે શેઠના મદનિયા જેવા શરીરની ખાસ ખૂબી તો એ છે કે શેઠ તેને કોટ, પાટલૂન, ટાઈ અને બૂટથી સુસજ્જ રાખે છે; જો કે એ સર્વે આભૂષણો એમના શરીરની શોભામાં અભિવૃદ્ધિ કરવામાં છેક નિષ્ફળ રહ્યાં છે.

'શેઠ' અને 'નોકર' કહેવાતી વ્યક્તિઓ કેવી હોવી જોઈએ એ હું જાણતો નથી; પણ આ શેઠ શરીરે જાડા, બુલડોગ જેવા મુખારવિંદવાળા, સૂટબૂટમાં સુસજ્જ રહેતા; જ્યારે નોકરની ચડ્ડીમાં એટલાં તો થીંગડાં હતાં કે મૂળ ક્યાં કાપડની છે તે કહેવું મુશ્કેલ હતું. એની ફાટેલા શર્ટમાંથી તેની પાંસળીનાં હાડકાં આસાનીથી ગણી શકાતાં હતાં.

દુકાન જૂની ઢબની બાંધણીની અને બેઠા ઘાટની હતી. ફર્નિચરમાં ભીંતની લગોલગ બે બાજુએ લાંબા લાકડાના પાટીઆની ઘોડીઓ અને આગળના ભાગમાં કાચથી મઢેલા ને કાઉન્ટર ટેબલ હતા.

અલમારી અને ટેબલોની અંદર જીવનજરૂરિયાતની સર્વે વસ્તુઓ સરસ રીતે ગોઠવીને રાખવામાં આવતી. ત્રીજી બાજુના ટેબલ ઉપર એક કાટ ખાધેલો સ્કેલ, તેની બાજુમાં ખાંડ અને નીમકનાં બોક્સ, પેરેફીન અને તેલનાં ટીન પડ્યાં હતાં. આસપાસ કીડી-મંકોડા પોતાને મનગમતી વસ્તુઓ શોધતાં ફરી રહ્યાં હતાં. એકબાજુ કાચના કબાટમાં વિવિધ પ્રકારના દારૂની બોટલો સજાવીને રાખવામાં આવતી. પચાસ પૌંડના રેડિયોસેટથી લઈને એક પેનીની માચીસ સુધીની સર્વે વસ્તુઓ આ દુકાનમાં મળી રહેતી. મફતનું છાપું વાંચવાનું પણ મને ત્યાં મળતું જેથી આ દુકાન પ્રત્યે મને વિશેષ મમત્વ હતું.

ક્ષણવાર તો હું બેબાકળો બની ઊભો રહ્યો. 'બ્વાના' 'બોય'ને ધમકાવવામાં અને પીટવામાં વ્યસ્ત હતા અને 'બોય' 'બ્વાના' થકી પીટાવવામાં વ્યસ્ત હતો; ગ્રાહકો તરફ જોવાની બન્નેને ફુરસદ ન હોઈ એ સ્વાભાવિક હતું. મનમાં વિચાર કર્યો કે બીજી દુકાને જાઉં, ફરી વિચાર આવ્યો કે એ લોકોના ઝઘડામાં વચ્ચે પડી સામધાન કરી દઉં. પરંતુ ખૂબીની વાત તો એ છે કે તેમાંનું કંઈ ના કરતાં ઊભા ઊભા આ તમાશો જોવાની જ મને વધુ મજા પડતી હતી. કોણ જાણે શા કારણે?

તડાક, તડાક, તડાક !!! રાક્ષસી હાથોના ત્રણ તમાચા બોયના ગાલ આડે દીધેલા હાથ ઉપર ઝીંકાયા. મારા રૂંવાટાં ઊભાં થઈ ગયાં. ઝઘડો કદાચ મોટું સ્વરૂપ લેશે એવી ધાસ્તી મારા મનમાં ઉદ્‌ભવી.

તડાક ! ફરી એક તમાચા સાથે શેઠ સાહેબ બરાડી ઉઠ્યા ....' તો મને ફોન કરતાં શું ગળામાં કાંટા ભોંકાતા હતા?'

મારા ભવાં સંકોચાયાં. શું ટેલિફોન ન કરવા માટે બોયને આટલું સહન કરવું પડે છે? ના, એ સહન નહિ જ કરે ! એ પણ હમણાં એક તમાચો શેઠના ચીભડા જેવા ચહેરા ઉપર ધરી દેશે; પણ ના એમ ના થયું! બોય, શેઠના હાથનો માર અને મોઢાની ગાળો ખાતો જ રહ્યો.

'બોલતો કેમ નથી બેવકૂફ ! નિમકહરામ ! ગધેડા !' શેઠ ફરી બરાડ્યા.

ધીરે ધીરે સર્વે રહસ્યનો સ્ફોટ શેઠજીની કર્કશ વાણીમાં જ મળી ગયો. વાત એમ હતી કે શેઠાણીએ બોયને માર્કેટમાંથી શાક લઈ આવવાનું કહ્યું. આપણા દશ-પંદર વર્ષની વયનાં બાળકો શાળામાં ભણતાં હોય છે, જ્યારે આ આફ્રિકન બાળકો આપણાં નાનાં છોકરાં રમાડે, બજારમાંથી શાકભાજી લઈ આવે અને શેઠની દુકાનમાં વેપાર પણ કરી આપે, આટલું જ્ઞાન તેઓને નિશાળે ગયા વગર જ આવી જાય છે તે જાણી મને આશ્ચર્ય થયું! નાનકડા 'બ્વાના'ને સાચવવા માટે રાખેલ આ બોય શેઠાણીના હુકમથી બાળકને તેની બાને સોંપી માર્કીટમાં શાક લેવા ગયો. શેઠાણી સોફા ઉપર બેઠાં બેઠાં શેઠને માટે ગરમ સ્વેટર ગુંથવામાં અને ગઈ કાલે જ લીધેલ નવી રેકોર્ડઝ સાંભળવામાં મશગૂલ હતાં.

આ તરફ આપણા બટુક બ્વાના મમ્મીની આજ્ઞા વિના સંડાસમાં જઈ બેઠા. બોય શાક લઈને આવ્યો અને છોકરાને રમાડવા લઈ જવા માટે શેઠાણીને કહ્યું ત્યારે શેઠાણીને ખબર પડી કે છોકરો ગૂમ થઈ ગયો છે. બીચારી શેઠાણીનો તો જીવ ઉડી જવા લાગ્યો પણ ત્યાં તો બાબો ગંદી ચડ્ડી સાથે શેઠાણીની સેવામાં હાજર થયો ત્યારે શેઠાણીજી પોતાના ઉડી જતા જીવને બન્ને હાથોએ પકડીને પોતાના ખોળીઓમાં સમાવી શક્યાં! બપોરના જમવા આવેલ શેઠને શેઠાણીએ એ વાત કહી જેથી ગુસ્સે થઈ શેઠજી બોયને મારપીટ કરી ધમકાવી રહ્યા હતા કે શા માટે છોકરો મળતો ન હતો તો મને ફોનથી ખબર ના કરી? કદાચ ખરેખર છોકરો ખોવાઈ ગયો હોત તો? જો કે બધી કસૂર શેઠાણીની હતી છતાં મને આશ્ચર્ય એ વાતનું થતું હતું કે બોયનો કંઈ પણ વાંક ન હોવા છતાં તે શા માટે શેઠની ગાળો સાથે તમાચાનો સ્વાદ ચાખી રહ્યો હશે?

મને બચપણમાં મારાં દાદીમાએ કહેલી અમદાવાદ શહેરની વાત યાદ આવી ગઈ. આપે પણ એ દંતકથા સાંભળી હશે? બાદશાહ અહમદશાહ એક દિવસ શિકાર ખેલવા જંગલમાં જઈ ચડ્યો ત્યાં એને અનોખું દૃશ્ય જોવા મળ્યું. પોતાનો શિકારી કૂતરો એક સસલાથી ડરી પાછલા બે પગ વચ્ચે પૂછડું ઘાલી ભાગી રહ્યો હતો; આગળ કૂતરો અને એની પાછળ સસલાને દોડતું જોઈ બાદશાહને વિચાર આવ્યો: આ ધરતીનાં સસલાં પણ કૂતરા પર પ્રભુત્વ મેળવી શકે છે તો એ ધરતી પર જો માણસોને વસાવવામાં આવે તો એ માણસોના લશ્કર થકી હું જરૂર દુનિયા પર દિગ્વિજય મેળવી શકું. એમ વિચાર કરી બાદશાહ અહમદશાહે ત્યાં પોતાના નામ ઉપરથી અહમદાબાદ શહેર વસાવ્યું. એ વિશ્વવિજેતર થયો કે નહિ એની મારાં દાદીમાને જાણ ન હોઈ મને પણ ખબર નથી. હા, એક કવિતા જે તેઓ કહેતાં હતાં એ મને યાદ છે કે 'જબ કુત્તે પર સસ્સા ધાયા; તબ બાદશાહને શહર બસાયા.'

પણ આ 'કૂતરા' પાસે બિચારો 'સસલો' ચુપચાપ ઊભો હતો; કારણ કે આ કંઈ અમદાવાદની ધરતી નથી! આ તો આફ્રિકન પ્રોપર્ટીની લીઝ ઉપર લીધેલા જમીનના ટુકડા ઉપર બંધાએલી શેઠની દુકાન છે. કદાચ શેઠ કૂતરો હશે, પણ નોકર કંઈ સસલો નથી? એ તો માનવી છે. કૂતરો માણસને કરડે પણ માણસ કૂતરાને કરડતો ક્યાં ય જોયો છે?

'શેઠ બાબાને તો હું શેઠાણીને સોંપીને શાક લેવા ગયો હતો.' શાબાશ ! હું મનમાં બોલ્યો. આખરે બોય પણ ઈન્સાન છે. છેવટે એ ક્યાં સુધી સહન કરે? હવે એની સહનશીલતાનો અંત આવ્યો છે. કદાચ એકાદ તમાચો પણ. ....

'તડાક ! ઉપરથી સામે જવાબ આપે છે? સાલા! નીચ! સુવ્વરના બચ્ચા!' શેઠના મિજાજનો પારો માઉન્ટ એવરેસ્ટ ઉપર જઈ બેઠો.

વાહ ! શેઠ વાહ! બોય સુવ્વરનો બચ્ચો; આપનો સાળો એટલે આપ સુવ્વરના જમાઈ! હું મનમાં એ બન્નેનાં સગપણ ગોઠવવા લાગ્યો. મારે તો કોઈથી કંઈ સંબંધ ન હતો. ન તો શેઠથી ન તો એના બોયથી, હા, બોયને શેઠનો અને શેઠને બોયનો 'શેઠ અને નોકર'નો સંબંધ હતો. આ નવા સંબંધની તો શેઠે આજે જ જાણ કરાવી!

શેઠ અને નોકર બંને કંપી રહ્યા હતા. બોય મારના ભયથી અને શેઠજી ગુસ્સાથી, મને પણ ધીરે ધીરે ગુસ્સો ચડતો જતો હતો. મનમાં થયું કે એક ઠોંસો હું પણ શેઠની ફાંદ ઉપર લગાવી દઉં. જે શક્ય પણ હતું. કદાચ મને જોઈને બોયને પણ હિંમત આવી જશે તો અમે બન્ને ભેગા મળીને શેઠને પીટી નાખશું. કારણ કે અમારા ત્રણ સિવાય ચોથી વ્યક્તિ દુકાનમાં હાજર પણ ન હતી. હું જરા શેઠની બાજુમાં સરક્યો. હવામાં ઉછળેલો શેઠજીનો મુક્કો

(અનુસંધાન પાન 23 પરે)

પ્રકાશક: Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત: 250 · ગ્રાહક: 181 · [16.03.2010]